હઝરતે (સલ) ફરમાવ્યું છે

“ખોદા જેના વિષે ભલાઇ ચાહે છે તેને દીનમાં સમજ આપે છે”

બેહશ્તી ઝેવર

અથવા

સ્વર્ગનું ઘરેણું

ભા૦ ૭મો.

આવૃત્તિ બીજી નકલ ૧૦૦૦

મુળ ઉર્દુથી ભાષાંતર કરાવી

હજરત મૌલાના મોલવી મરહુમ

ગુલામ મોહમ્મદ બી૦ હાજી હાફેજ સાદેક સાહેબ

છપાવી પ્રસિદ્ધ કરનાર

હકીમ અબ્દુરરહમાન બી૦ મોલવી ગુલામમોહંમદ સાદેક

મેનેજર—કુતુબખાના—એ—સાદેકીય્યહ. મુ. રાંદેર, જી૦ સુરત.

મોહર્રમ ૧૩૪૧ હિ૦

સુરત “લક્ષ્મી” પ્રિન્ટીંગ પ્રેસમાં હીરાલાલ ચંદુલાલ ત્રીવેદીએ છાપી.

કી૦ છ આના.

પ્રસ્તાવના.

મોટો મહેરબાન રહમકર્તા અલ્લાહના નામથી

સર્વ તારીફ અલ્લાહને માટે છે જે માલીક તમામ જહાનનો છે અને દોરૂદ તથા સલામ હજરત મોહમ્મદ (સલ)માટે છે કે જેવણ તમામ પેગમ્બરોના સરદાર છે. અને તેમની આલ તથા અસહાબ તથા સઘળા મુમેનો માટે કે જેઓ બેહતર ઉમ્મત છે.

એ પછી ગુલામ મોહમ્મદ બી. હાજીહાફેઝ સાહેબ (મરહુમ) તેવણને અરજ કરે છે કે બેહેશ્તી ઝેવરના બીજા ભાગોની જેમ આ સાતમો ભાગનો પણ એક ભરોસાદાર માલુમ પાસે તરજુમો કરાવ્યો છે. અને મેં તેને તપાસીયો છે. આ ભાગ ઘણોજ ઉપયોગી છે જેમાં ખાસ કરીને બાતેન દિલની બીમારીઓ તથા તેના ઉપાય તસ્ઝીએ અખલાક કયામતની નિશાનીઓ. કયામત જનત જહન્નમ તથા એકસો હદીસોનો તરજુમો અને તેની સાથે પીરી મુરીદીનું પણ વર્ણન છે.

મુરીદ બનવાના શોખ ઘણાને સમજાવ્યા છે અને ખાસ કરી સુરત જીલ્લા કે ખેડા જીલ્લામાં વધુ શોખ જોવામાં આવે છે પણ પીરમાં શી સિફત હોવી જોઇએ તેનો શરીઅત ઉપર કેવો અમલ છે તથા અજાણ હોવાને લીધે નાલાયક પીરો પાસે તેઓ સપડાએ છે, અને તે પીરો પણ મુરીદો ને પોતાની જાગીર સમજે છે. એજ માટે જયારે બાપ મરે છે તો પીરના છોકરા મુરીદોની વહેંચણી કરે છે. અફસોસ. મુસલમાનોની જહાલત નો એવો વખત આવ્યો,

તેવાઓને સમજવા આ ભાગ ઘણોજ ઉપયોગી છે તેથી એની બીજી આવૃત્તિ ૧૦૦૦ કોપી છપાવી છે. ખોદા એને કબુલ કરે અને લોકો એથી ઘણો લાભ લેવે.

વળી છોકરીઓની કેલવણી માટે ચોતરફ કોશીશ કરવામાં આવે છે. કન્યાશાળા ઉભરતી જાય છે પણ કન્યાને શું ભણાવવું તેને શી વિદ્યાની જરૂર છે તેનો વિચાર કરવું અગત્યનું છે છોકરી નોકરી કરવા કે મેહતાગીરી કરવાની નથી. તે ૧૨-૧૩ વર્ષની થઇ કે તે બીજે ઘેર જવાની છે. તે બીજાને તાબેદાર થવાની છે. જો તે સાત આઠ વર્ષની વયે શાળામાં જાય અને શાળામાં ભણતી ચોપડીઓ ભણાવવામાં આવે તો તે દીની ઇલ્મ કે જેમાં છોકરીઓના દીન તથા દુન્યાં બંને સુધારવાનું સાધન છે તે કયારે શીખશે. ધણીનાં સાસુ સસરાના હકકો ઘર ચલાવવાની રીત ભાત છોકરાં છઇયા પાળવાનો ઇલમ તે કયારે સંપાદન કરશે નિતીની તો જરૂર છે. તે કયાંથી મેળવશે. તે તો દીની ઇલમ શીખવાથીજ મળે છે.

અને બોરી દુન્યાઇ ખરાબ કામને કરતાં માણસ અટકે છે તેવા અટકાવવાના માત્ર ત્રણજ કારણો છે. યા સરકારી શીક્ષાનો ડર યા લોકોનો ડર યા શરીઅતનો ડર, એમાં ખરો ડર તે શરીઅતનોજ છે. કારણ કે જેને ખોદાનો ખોફ હશે નહીં તેને માત્ર સરકારી બીહીક અને લોકનો ડર રહયો. પણ સરકારી કે લોકોનો ગુનાહ તો જાહેર કર્યાથી તથા સાબેત થએથી ગુનાહ ગણાય છે. જેથી તે માણસ છુપી રીતે તેવાં ગુનાહમાં પડે એમાં કશી નવાઇ નથી એવોજ હાલ લોકોના ડરનો છે. એજ માટે કહેવાયું છે કે "ડહાપણનું મૂળ તે અલ્લાહનો ભય છે" જે સ્ત્રીઓ ઉંચી કેલવણી લે છે. માત્ર સ્કુલોનીજ પઢાઇ ઉપર રહે છે તેવી સ્ત્રીઓ યુરપમાં ઘણી છે પણ તેઓના ચલણ ઘણાં નબળા છે તથા તેમના રોજદારી

ગુનેહ એટલાં છે કે તેની ગણતરીના મુકાબલા(
મા આપણા દેશની અભણ સ્ત્રીઓ લાખ દરજ્જે
સારી છે.

શાળાઓની કેળવણીમાં નિતી અખ્લાકની કેળવણી નહીં હોવાથી તેઓ સ્વભાવમાં તદ્દન નકામી છે. આળશ તો તેઓને ઘણી આવે છે. પણ ભલમનસાઇ વિવેકનું ઘણુંઓમાં નામ નિશાન હોતું નથી. એક તરેહની સ્વતંત્રતા આવી જાય છે. માટે આ તો જાહેર છે કે પુરૂષની સ્થીતી થી સ્ત્રીની સ્થીતી (કાયે) નબળી હોય છે તેણીમાં જ્યારે સ્વતંત્રતા આવશે તો યુરૂપની લેડીઓને જે હાલ છે તેવા હાલ થવાની ભય છે.

અફસોસ સાથે કહેવું પડે છે કે સરકારી શાળાઓમાં છોકરીઓને ગાયન શીખાડવામા આવે છે અને કેટલીક શાળાઓમાં હાલ મુસલમાનની છોકરીઓ માટે ગાયન શીખવવું એ ફરજ છે પણ આ હિન્દના હાલ જોતાંજ એને એ અત્યારે તે માત્ર અટકાવ સમજવો. કારણ કે એહલે હિન્દમાં હિન્દુઓની છોકરીઓ હર રોજ ગાયન કરે તો ખુદ ખાવિન્દ તેના પાડોશીઓ સ્ત્રી ઓ સ્વભાવિક રીતે સામે અને ગાયન શીખનારીઓની બુધ્ધિ ના જ મગજના શોખ તેઓના કેવા પ્રકટી નાખશે છે તે અનુભવીઓ ઉપર પોશીદા નથી માટે એવા શાળાઓથી મુસલમાનોએ પોતાની છોકરીઓને અલાહેદા કરવાની કોશીશ કરવી અગત્યની છે.

સુધારાની ટોચે બેસનાર ના રોશનીવાળા જેઓ ખરું જોતાં નવું અંધારું વાળા છે તેઓ યુરોપવાળાઓની દેખાદેખી સ્ત્રી પુરૂષ સરખાં ગણે છે, અને તેથીજ પુરૂષની જેમ સ્ત્રીઓને પણ બેપરદે ફેરવવાની કોશીશ કરે છે. અને પુરૂષના જેવીજ કેળવણી તેઓને આપવાની માટે નત લે છે. પણ કાદરતી રીતે અકલી દાખલાની રૂએ અને શરીઅતની રૂએ બંને સરખાં નથી. પુરૂષ ચઢયાતો છે અને સ્ત્રી ઉતરતી છે. એ સઘળાનુ વર્ણન કરતાં ઘણું લબાણ થાય છે. પણ શરીઅતના દાખલા કે તે ઉતરતી એ જાણવા માટે લખું છું. મરદોજ પૈગમ્બર થયા, તેઓજ ફલીફા તથા ઇમામ બન્યા, તેઓ પરજ જે... રજ છે તેઓ પરજ સ્ત્રીઓનું પોષણ તથા મેહર આપવું છે, કેસાસ અને હદોમાં સ્ત્રીઓ નીજ શાહીદી કબુલ થાય છે. અજાન ખુતબો એઓજ પડે છે, વારસામાં એઓનો બેવડો હિસ્સો છે. અને ધણીને ધણિયાણીનો કુરઆનમાં સરદાર કહ્યો છે સુરઃ યુસોફ ૧૨,૨૫) જો કોઈ સિજદો કરવો હતે તો સ્ત્રીઓને પોતાના પતિઓને સિજદો કરવાનું હજરત ફરમાવતે. અને સ્ત્રીઓને તો હજ્જ કરવા પણ વગર ધણી મહરેમે દુરસ્ત નથી. હેજ નીફાસની મુદતમે નમાજ રોઝા કરી શકતી નથી. એટલુંજ નહીં પણ પાક હોવાની હાલતમાં પણ ધણીની વગર રજાએ નફલ રોઝો નફલ નમાઝ પઢી શકતા નથી હદીસ શરીફના સ્ત્રીઓને દીનમાં તથા અકલમા નાકિસ કહી છે. અને કુરઆનમાં છે "અને પુરૂષો માટે સ્ત્રીઓ ઉપર શ્રેષ્ઠતા છે" સુરઃ બકર. ૨:૨૨૭ આ સઘળી બાબતોને ધ્યાનમાં લેતાં અલ્લાહપર રસુલપર ઇમાન લાવનાર કદી બન્નેને સરખાં ગણશે નહીં. અને ઉંડા વિચાર થી જોશો તો યુરૂપવાળા પણ પુરૂષને શ્રેષ્ઠજ ગણે છે તેઓ સ્ત્રીઓને પારલામેન્ટમાં બેસવાનું હકક આપતા નથી. જડજ બનાવતા નથી. ફોજમાં જનરલ કે દરયામાં આડમીરલ બનાવતા નથી ઘણા યુરૂપવાળા સ્ત્રીને પુરૂષ સાથે વારસામાં ભેગી કરતા નથી એ વગર બીજી પણ ઘણી બાબતો છે

મતલબ કે પુરૂષ સ્ત્રીથી ચઢયાતો છે તેની કેળવણી જુદી રીતની જ અને તેણીની જુદી. અને સ્ત્રીઓની અગત્યની કેળવણી પુરી પાડવા તે માટે બેહેસ્તી ઝેવરના દસ ભાગ સર્વથી વધુ ઉપયોગી છે. મુસલમાનોએ એની ગુજરાતી ફેલાવવામાં પોતાનો દીની દુન્યવી લાભ સમજવો જોઇએ. જો મારા તરજુમા પસંદ નહીં હો એ તો બીજા તરજુમા કરાવે. પણ પોતાની બાળકીઓના વતનનો તથા હાલતનો ખીયાલ રાખી તેઓને શરીઅત પ્રમાણે કેળવણી આપવાની કોશીશ કરો. ખોદા મુસલમાનોને સારી સમજ આપો આમીન.

કામ માટે કાગળ લખાશે [illegible]) બ્યાજ ના[illegible] વગોવો નહીં (૩) બહુ [illegible] કરો નહીં તેમ વાતમાં બહુ [illegible] કરો નહીં જરૂર જેટલી વાત કરો. (૪) [illegible] બાબા તરફ કાન લગાડો નહીં. (૫) [illegible] સુરત મા બુરી વાતના ચાળા પાડો નહીં (૬) કોઈની એબજુઓ તો તે છુપાવો બધે કહેતી ફરો નહીં. (૭) જે કામ કરો વિચારીને છેવટ સમજીને નિરાંતે કરો; જલદીથી ઘણાં કામ બગડી જાય છે. (૮) કોઈ તમારાથી સલાહ લે. તો તેજ સલાહ આપો કે જે તમે ભલી સમજતા હોય. (૯) જ્યાં સુધી બની શકે ત્યાં સુધી ગુસ્સાને રોકો (૧૦) લોકોથી આપણું કહેવું સાંભળ્યું માફ કરાવી લો. નહીં તો કેયામતમાં બહુ મુશીબત થશે. (૧૧) બીજાઓને પણ નેક કામ બતાવતી રહો. બિલકુલ કબૂલ કરવાની ઉમેદ ન હોય અથવા શક હોય કે એ બુરા પહોંચાડશે તો ચુપકી રહેવું દુરૂસ્ત છે પણ ખોટી વાતને દિલથી ખોટી માનો અને વગર લાચારીએ એવા માણસોથી મળો નહીં.

દિલને સણગારવું.

બહુ ખાવાનો લોભ અને તેની બુરાઇ તથા ઇલાજ વિષે.

ઘણાએક ગુન્હા પેટને વધારે પાળવાથી થાય છે એમાં કેટલીક વાતોનો ખ્યાલ રાખો સ્વાદવાળુ ખાવાની ટેવ રાખે નહી. હરામ રોજીથી બચો. હદથી વધારે ખાઓ નહીં પણ બે ચાર લુકમા (કોળીઆની) ભુખ રાખીને ખાઓ એથી ઘણા ફાયદા છે એક તો દિલ સાફ રહે છે. જેથી ખુદા તઆલાની નેઅમતોની ઓળખાણ થાય છે. તથા ખુદાતઆલાથી મોહબ્બત પેદા થય છે. ૨ જું દિલમાં રિક્કત (નમ્રત) અને નરમી પેદા થાય છે જેથી દુઆ અને ઝિકરમાં મજા પડે છે. ૩ જું દિલમાં (મનમાં)થી મોટાઇ અને નાફરમાની દૂર [illegible] જેથું નફસને થોડી તકલીફ પહોંચે છે અને તેથી ખુદાપાકનો અઝાબ (સજા) યાદ આવે છે. એ કારણોથી તમામ ગુન્હાઓથી બચે છે ૫ મું ગુન્હાની રગબત (વધારો) ઓછી થાય છે ૬ ઠું તબીયત [illegible] રહે છે. ઊંઘ ઓછી આવે છે. તહજ્જોદ (મધ્ય રાતની નમાઝ) અને બીજી ઇબાદતમાં સુસ્તી થતી નથી ૭ મું ભુખ્યા અને લાચારો ઉપર રહેમ આવે છે. એટલુંજ નહીં પણ દરેક સાથે રહેમદિલ પેદા થાય છે.

* લાહી ઉપર રેતી નાંખવી પણ એજ કાયદામાં [illegible] છે. ગુ. મો.

વધુ બોલવાનો લોભ અને તેની બુરાઇ તથા ઇલાજ વિષે.

નફસને વધારે બોલવામાં મઝા પડે છે અને એથી સેંકડો ગુન્હામાં ફસી જાય છે જુઠ ગીબત કાઢવું, કોઇને મેણાં મારવા, પોતાની મોટાઇ બતાવવી, નકામા કોઇ જોડે તકરાર કરવી, અમીરોની ખુશામત કરવી, એની હસી કરવી કે જેથી બીજાનો દિલ દુખે એ બધી આફતોથી બચવું ત્યારેજ થઇ શકે છે કે જબાનને રોકે અને તેને રોકવાનો તરીકો એજ છે કે જે વાત કહેવી હોય તે દિલમાં આવતાજ કહી નાખે નહી–પણ પહેલાં ખુબ વિચાર કરી લે કે આ વાતમાં કોઇ જાતનો ગુન્હો છે કે સવાબ જો તે વાત એવી છે કે જેમાં થોડો કે વધારે ગુન્હો છે તો બિલકુલ જબાન બંધ કરી લો, જો મન બહુજ થઇ આવે તો મનને એમ વાળો કે હમણા થોડુંક મનને મારવું સહેલ છે અને દોઝખનો અઝાબ બહુ સખ્ત છે, જો તે વાત સવાબની છે તો કહી દો. જો તેમાં ન સવાબ કે ન ગુન્હો હોય તો કહો નહી અને જો બહુજ મન થઇ આવે તો થોડુંક કહીને ચુપ થઇ જાઓ દરેક વાતમાં એ રીત વિચારતાં રહો થોડા દિવસમાં બુરી વાત કહેવાથી એની મેળે અણગમો થઇ આવશે અને જબાનની સંભાળ માટે એક ઇલાજ એ પણ છે કે જરૂર વગર કોઇ જોડે મળો નહી જ્યારે એકાંત થઇ જશે પોતાની મેળેજ જબાન ચુપ થઇ જશે.

ગુસ્સાની બુરાઇ અને તેનો ઇલાજ.

ગુસ્સામાં અક્કલ ઠેકાણે રહેતી નથી. અને અંજામ (છેવટ પરિણામ) વિચારવાનું ભાન રહેતું નથી. તેથી જીભે ખરૂં ખોટું બોલાય જવાય છે. અને હાથથી પણ સખતી થઇ જાય છે. તે માટે તેને બહુ રોકવો જોઇએ. અને તેને અટકાવવાનો તરીકો એ છે કે સૌથી પહેલાં એમ કરવું કે જેની પર ગુસ્સો આવ્યો હોય તેને પોતાની આ ગળથી જલદીથી હટાવી દો જો તે ન ખસું તો પોતે તે જગાએથી ખસી જાય પછી વિચાર કરે કે એ માણસ જેટલે દરજ્જે મારો કસુરવાન છે તેથી વધારે હું ખુદાપાકની કસુરવાન છું અને જેમ હું ઇચ્છું છું કે ખુદા તઆલા મારી ખતા માફ કરી દે, એવીજ રીતે મને પણ જોઇએ કે હું પણ તેણીની ખતા માફ કરી દઉ અને જબાનથી અઉઝો બિલ્લાહ—કેટલીક વખત બોલે અને પાણી પી લે અથવા વોઝુ કરી લે. એથી ગુસ્સો જતો રહેશે. ફરી જ્યારે અક્કલ ઠેકાણે આવી જાય ત્યારે પણ જો તે કસુરપર સજા દેવી વાજબી જણાય તો (અથવા તો સજા કરવામાં કસુરવાનનીજ ભલાઇ રહેતી હોય જેમકે આપણી ઓલાદને સુધારવાની જરૂર છે અથવા તો સજાથી બીજાને ફાયદો છે જેમકે તે માણસે બીજાપર જુલમ ગુજાર્યો હતો હવે જેની ઉપર જુલમ થયો છે તેની મદદ કરવા અને તેને માટેનો બદલો લેવો જરૂર છે માટે સજાની જરૂર છે) તો પહેલા ખુબ સમજી લો કે આ ટલી ખતાની કેટલીક સજા હોવી જોઇએ જ્યારે શરેઅ મુજબ આ બાબત વિષે પુર્ણ રીતે ખાતરી થઇ જાય તે મુજબ અમુક સજા કરે થોડા દિવસ એ પ્રમાણે ગુસ્સો રોકવાથી પછી એની મેળે કાબુમાં આવી જશે અને તેજી જતી રહેશે. અને કીનો (કપટ) પણ એજ ગુસ્સાથી પેદા થાય છે, જ્યારે ગુસ્સામાં ઉપર મુજબ સુધારો થઇ જશે કીનો પણ દિલમાંથી નીકળી જશે.

હસદ (અદેખાઇ)ની બુરાઇ અને તેનો ઇલાજ.

કોઇને ખાતો પીતો અથવા ફલતો ફુલતો (રોજ બરોજ ચઢતી થવી) અથવા ઇજ્જતથી રહેતો જોઇ દિલમાં બળવું અને પરિતાપવુ થવું એને હસદ કહે છે એ બહુ મોટી વાત છે. એમાં ગુન્હો પણ છે. એવા માણસની આખી જીંદગી તલખી (કડવાસ) ગુજરે છે મતલબ કે તેની દુનિયા અને દીન બન્ને મીઠાશ વગરના છે. માટે એ આફતથી નીકળવા માટે બહુ કોશીશ કરવી જોઇએ. અને તેનો ઇલાજ એ છે કે પહેલા એમ વિચારે કે મારા હસદથી મનેજ નુકસાન અને તકલીફ છે તેને શું નુકસાન છે અને મને એ નુકસાન છે કે મારી નેકીયો બરબાદ થાય છે કેમકે હદીસમાં છે કે હસદ નેકીયોને એવી રીતે ખાઇ જાય છે કે જેવી રીતે અગ્નિ લાકડાંને ખાઇ જાય છે અને તેનું કારણ એવું છે કે જાણે હસદ કરનારી અલ્લાહ તઆલા પર ટીકા કરે છે. ફલાણો માણસ એ લાયક નહોતો તેને નેઅમત કેમ આપી તો એમ સમજો કે તોબાહ અલ્લાહ તઆલાનો મુકાબલો કરે છે તો કેટલો ભારે ગુન્હો થશે અને તકલીફ તો ખુલ્લીજ છે કે હમેશાં શોક અને પરિતાપમાં રહે છે. અને જેપર હસદ કર્યો હોય તેનું કંઇ બગડતું નથી કેમકે ગમે તેટલું હસદ કરીએ તે પણ તેથી તેને મળેલી નેઅમત જતી રહેતી નથી પણ ઉલટું તેને તો વધુએ નફો થાય છે કે હસદ કરનારીની નેકીઓ તેની પાસે જતી રહેશે જ્યારે એવી એવી વાતોનો વિચાર કરી લો તો પછી એમ કરવું કે પોતાના દિલપર જબરાઇ કરી જે સખસ માટે હસદ આવ્યો હોય તેની તારીફ (બીજાઓને મોઢે કરો) અને ભલાઇ કરો અને એમ કહો કે અલ્લાહ તઆલાનો શુકર છે કે તેની પાસે એવી એવી નેઅમતો છે અલ્લાહ તઆલા તેથી બમણી આપો. જો તે માણસથી મળવું થાય તો તેની તઅઝીમ (ઇજ્જત) કરે અને તેની સાથે નમ્રતાથી વર્તે પહેલ વહેલા એવી વર્તણુંકથી નફસને તોઘણીજ તકલીફ થશે પણ ધીમે ધીમે આસાની થઇ જશે અને હસદ જતો રહેશે

દુનિયાં અને માલની મોહબ્બતની બુરાઇ અને તેનો ઇલાજ.

માલની મોહબ્બત એવી બુરી ચીજ છે કે જ્યારે એ મનમાં સમાય છે તો હક તઆલાની યાદ અને મોહબ્બત તેમાં સમાતી નથી કેમકે એવા માણસને હવે ! એજ ધુન લાગી રહે છે કે રૂપિયા કેવી રીતે આવે કેવી રીતે ભેગા થાય લુગડાં ઘરેણાં આવાં હોવાં જોઇએ ફલાણી સામગ્રી શી રીતે થાય આટલાં વાસણ થઇ જાય આટલી વસ્તુઓ થઇ જાય આવાં ઘર બનાવવાં જોઇએ આવા બગીચા બનાવવા જોઇએ મીલકતો ખરીદ કરવી જોઇએ વગેરે જ્યારે રાત દિવસ એમાંજ મન લાગેલું રહે છે તો પછી ખુદા તઆલાને યાદ કરવાની ફુરસદ કયાંથી મળશે. એક બુરાઇ એમા એ છે કે જ્યારે એની મોહબ્બત દિલમાં જામી જાય છે તો મરીને ખુદાની પાસે જવું તેને સારૂ લાગતું નથી કેમકે એવો ખ્યાલ આવે છે કે મરતાંજ આ બધો એશ (વૈભવ) જતો રહેશે અને કદી ખાસ મરતી વખતે દુનિયાથી છુટવું ખોટું લાગે અને જ્યારે તેને એમ જણાય છે કે અલ્લાહ તઆલાને દુનિયાથી છોડવી છે તો (તોબાહ—તોબાહ) અલ્લાહથી દુસ્મનાઇ થઇ જાય છે અને તેનો ખાતેમાહ (છેલ્લી) આખર) કુફ્ર પર થાય છે વળી એપણ બુરાઇ છે કે જયારે માણસ દૂનિયા એકઠી કરવામાં મચી જાય છે તો તેને હલાલ હરામનો ખ્યાલ રહેતો નથી. આપણું કે પારકું કંઇ સૂઝતું નથી જૂઠ કે દગાની પરવા કરતો નથી બસ એજ નેયત રહે છે કે જ્યાં ત્યાંથી ભરી લેવું એટલાજ માટે હદીસમાં આવ્યું છે કે દુનિયાની માયા એ સર્વ ગુન્હાનું મુળ છે જ્યારે એ એવી બુરી ચીજ છે તો દરેક મુસલમાને કોશીશ કરવી જોઇયે કે એ બલાથી બચે અને પોતાના મનમાંથી આ દુનિયાની માયાને દુર કરે જેનો એક ઇલાજ તો આ છે કે મોતને ઘણી એક વાર યાદ કરે અને દરેક વખતે વિચારે કે આ બધો સામાન એક વખતે છોડવો પડવાનો છે તો પછી એમાં મન લગાડવું શા કામનુ એટલુજ નહી પણ જેમ વધારે જીવ લાગશે તેમ તેમ છોડતી વેળા ભારે પશ્ચાતાપ થશે બીજું ઘણાઓં સંબધ વધારે નહી. એટલે ઘણા જોડે મેળાપ સંબધ લેવડ દેવડ વધારવા નહી. જરૂર કરતાં વધારે સામાન વસ્તુંઓ મકાનો મીલકતો એકઠાં કરે નહી. કારભાર રોજગાર વેપાર હદથી વિશેષ ફેલાવે નહી એ સર્વ જરૂર જેટલાં અને આરામ સુધી રખે મતલબ કે દરેક સાધન થોડાં રાખે. ત્રીજુ ફુઝુલ ખરચી (નકામું ખરચ) ન કરે કેમકે તેમ કરવાથી આવકની લાલચ વધે છે અને તે લોભથી બધી ખરાબી પેદા થાય છે. ૪ થુ હલકા ખાવ પહેરવાની ટેવ રાખવી ૫ મું ગરીબોમાં વધારે બેસવું.) અમીરોથી ઓછા મળતા રહેવું કેમકે તેમનામાં મળવાથી દરેક ચીજની લાલચ થાય છે ૬ઠું જે મહાન પુરૂષે એ દુનિયા મુકી દીધી છે તેમની હકીકત તથા વાર્તાઓ વાંચતા રહેવું ૭ મું જે ચીજપર વધારે દિલ લાગેલું હોય તેને ખેરાત કરી દે. અથવા વેચી નાંખો ખુદા કરશે તો એ તદબીરોથી દુનિયાની મોહબ્બત દિલમાંથી નીકળી જશે અને મનમાં જે લાંબા લાંબા ઉમગો થતાં હતા કે આમ એમકું કરીએ આમ સામાન ખરીદ કરીએ ઓલાદ માટે મકાનો અને જાગીરો મુકી જઇએ વિગેરે જ્યારે દુનિયાની મોહબ્બત જતી રહેશે તો એવા ઉમંગેનો પોતાની મેળે નાશ થશે.

કંજુસપણાની બુરાઇ અને તેનો ઇલાજ

ઘણાએક હકો કે જેનું અદા કરવું ફરજ અને વાજેબ છે. જેમકે જકાત. કુરબાની, કોઇ લાચારની મદદ કરવી, આપણાં ગરીબ સગાં સબંધીઓ સાથે વિવેક કરવો, કંજુસાઇથી એ હક અદા થતા નથી એનો ગુન્હો થાય છે, એતો દીનનું નુકસાન છે. કંજુસ માણસ બધાની નજરોમાં નીચ અને હલકો અને નકામો દેખાય છે એ દુનિયાનું નુકસાન છે એથી વિશેષ કઇ બુરાઇ હોવી જોઇયે ? તેનો ઇલાજ (૧) માલ અને દુનિયાની મોહબ્બત દિલથી દુર કરે જ્યારે તેની મો-

મહોબત દિલમાંથી જતી રહેશે તો કોઇ રીતે કંજુસાઇ થઇ શકવાની નથી. (૨) જે વસ્તુ આપણે જોઇએ તે કરતાં વધારે હોય તો પોતાના દિલપર ભાર મુકીને (મનકાઠવું કરીને) તે કોઇને આપી દે: જોકે મનને ખમવું પડશે પણ હીમત કરીને એ લાગણીને સહન કરે, જ્યાં સુધી એ કંજુસાઇની અસર બિલકુલ દિલમાંથી નીકળી જાય નહીં ત્યાં સુધી એવી રીતે કરતી રહે.

નામ અને વખાણને ઇચ્છવાની બુરાઇ અને તેનો ઇલાજ.

જ્યારે માણસના દિલમાં તેની ઇચ્છા થાય છે તો બીજાની નામના અને વખાણ સાંભળી બળાપો થાય છે અને હસદ કરે છે અને હસદની બુરાઇ આગળ કહેવામાં આવી છે અને બીજા માણસની બુરાઇ અને હલકાઇ સાંભળી મન ખુશ થઇ જાય છે એ પણ મોટા ગુન્હાની વાત છે કે માણસ બીજાનું બુરૂં ચાહે છે. અને એક એ પણ બુરાઇ છે કે કદીતો નાજાયઝ (ગેરવાજબી રીતે) નામના મેળવવાં આવે છે જેમકે નામના માટે શાદી વગેરેમાં ખુબ માલ ઉડાવ્યો નકામૂં ખરચ કર્યું અને તે માલ કદી લાંચ ખાઇ એકઠો કર્યો અથવા વ્યાજુ કરજે લીધા તો એ બધા ગુન્હા ફકત એ નામના ખાતર કરવા પડયા. એથી દુનીયામાં નુકસાન એ થાય છે કે એવા માણસના દુસમન અને હાસિદ (ઇર્ષા કરનાર) ઘણાં થાય છે તેઓ તેને હમેશાં હલકો પાડવા અને બદનામ કરવા તથા નુકસાન અને ઇજા પહોંચાડવાની ફિકરમાં રહે છે એનો ઉપાય એ છે કે (૧) પહેલાં મનમાં એમ વિચારે કે જેઓની નજરોમાં એની નામના અને વખાણ દેખાશે તેઓ પણ રહેવાના નથી અને તુ પણ રહેવાની નથી થોડા દિવસ પછી કોઇ પુછશે પણ નહી તેપછી એવી નાશ થનારી ચીજ માટે ખુશ થવુ નાદાની છે બીજો ઉપાય એ છે કે કોઇ એવું કામ કરે જે શરેઅથી ઉલટું ન હોય પણ તે લોકોની નજરોમાં હલકું અને બદનામી થઇ જાય જેમકે ઘરમાંની બચેલી વધેલી વાસી રોટલીઓ ગરીબોને સસ્તામાં વેચવા માંડે એથી પણ ફજેતી થશે.

અભીમાન અને શેખીની બુરાઇ અને તેનો ઇલાજ.

ગુરૂર અને શેખી તેને કહે છે કે માણસ પોતાની જાતને એમ સમજે કે ઇલમમાં કે ઇબાદતમાં અથવા દીનદારી કે હસબનસબ (નાતજાતમાં) કે માલ મિલકત કે ઇજ્જત આબરૂ કે અકલમાં કે કોઇ બીજી બાબતમાં બીજાઓથી પોતે વિશેષ છે અને બીજાઓને પોતાથી ઓછો અને હકીર (હલકા સમજે એ મોટો ગુન્હો છે હદીસમાં છે કે જેના દિલમાં રાઇ બરાબર અભિમાન હશે તે જન્નતમાં દાખલ થશે નહી. અને દુનિયામાં પણ એવા માણસ તરફ લોકો દિલમાં નફરત કરે છે અને તેના દુસ્મન થાય છે જો કે ડરને લીધે જાહેરમાં આવભગત કરે છે. વળી એવો માણસ કોઇની શીખામણને માનતો નથી એ તેમાં મોટી બુરાઇ છે, કોઇના કહેવાથી હક વાતને પણ કબૂલ કરતો નથી પણ ઉલટું ખોટું માને છે. અને શીખામણ આપનારને નુકસાન પહોંચાડવા તૈયાર થાય છે. એનો ઉપાય એ છે કે માણસ પોતે શું છે તે વિષે વિચાર કરે કે હું માટી અને નાપાક પાણીથી પેદા થએલી છું બધી ખુબીઓ અલ્લાહ તઆલાની આપેલી છે જો તે ઇચ્છે તો હમણાં બધી લઇ લે તો પછી શેખી શાપર કરૂં અલ્લાહ તઆલાની મોટાઇને સાંભરે તે વખતે પોતાની મોટાઇને ભુલી જશે અને જેને તેણે હકીર સમજ્યો છે તેની સામે આજીજીથી વરતે અને તેની ઇજ્જત કરે એટલે શેખી દિલમાંથી નીકળી જશે. જો બીજી વધારે હીમત ન હોય તો પોતાની ઉપર એટલી વાત નક્કી કરી લે કે જ્યારે કોઇ નાના દરજ્જાનો માણસ મળે તો પહેલાં પોતેજ સલામ કરીલે. ખુદા ચાહશે તો એથી પણ મનમાં ઘણું આજીજી આવી જશે.

* એને અરબીમાં હુબ્બેજાહ કહે છે. કર્તા

ઈતરાવવાની અને પોતાની (જાતને) શ્રેષ્ઠ સમજવાની બુરાઇ અને તેનો ઇલાજ.

જો કોઇ પોતાને સારો સમજી અથવા લુગડાં કે ઘરેણાં પહેરી ઇંતરાઇ કરી તે બીજીઓને બુરી કે ઓછી નહી સમજી તોપણ એ વાત ખોટી છે. હદીસમાં છે કે એ ખસલત દીનને બરબાદ કરે છે. અને એમ પણ છે કે એવો માણસ પોતાને (પોતાના દેહને) શણગારવાની ફિકર કરતો નથી. કેમકે જ્યારે પોતાને સારી સમજે છે તો તેને પોતાની બુરાઇયો કદી જણાશે નહીં એનો ઉપાય એ છે કે આપણી એબોને જોતા રહેવું અને વિચારતા રહેવું અને એમ સમજવું કે જે ગુણો મારામાં સારા છે તે ખુદાપાકની નેઅમત છે. મારી કોઈ પ્રવિણુતા નથી એમ વિચારી ખુદા તઆલાનું શુક્ર કરતા રહેવું અને દુઆ કરવી કે અલ્લાહ તઆલા એ નેઅમતોને મટાડે નહીં.

નેક કામ દેખાડવા માટે કરવાની બુરાઇ અને તેનો ઇલાજ.

એ દેખાવ કેટલીક તરેહનો હોય છે. કોઇ વખતે સાફ જબાનથી થાય છે કે અમે આટલું કુરઆન પઢયા અમે રાત્રે ઉઠયા હતા. કોઇ વખતે બીજી વાતોમાં મળેલો હોય છે. જેમકે કંઇ બદદુઆ વિષે વાત નીકળી હતી અને કોઇએ કહ્યું કે નહી સાહેબ એ બધી વાતો ભૂલભરેલી છે. અમારી સાથે તો આવી રીતે વર્ત્યા હતા તો હવે વાત તે કંઈ બીજીજ હતી પણ એમાંજ એ વાત પણ બધાએ જાણી લીધી કે એવણે હજ કરેલ છે. કોઇ વખતે કામ કરવાથી થાય છે. જેમકે દેખાડવાની નૈયતથી બધાંની રૂબરૂ તસબીહ લઇ બેસી ગઈ, અથવા કોઇ વખતે કામને શણગારવાથી થાય છે જેમકે કોઇને ટેવ હોય છે કે હમેશ કુરઆન પઢે છે પણ ચાર સ્ત્રીઓની સાથે બનાવી બનાવીને પઢવું શરૂ કરી દે. કોઇ વખતે સુરત શિકલથી થાય છે જેમકે આંખો મીચીને માથું નમાવી બેસી ગઇ જેથી જોનાર સમજે કે બહુ અલ્લાહવાલી છે. દરેક વખતે એજ ધ્યાનમાં મગ્ન છે. રાતે બહુ જાગેલી છે ઊંઘને લીધે આંખો બંધ થઇ જાય છે. એવીજ રીતે એ દેખાવો કંઇ તરેહના થાય છે, ગમે તે પ્રકારનો હોય બહુ ખોટો છે. જે નેક કામો એવી રીતે દેખાવ માટે કરેલ છે તે માટે કયામતને દહાડે સવાબને બદલે ઉલટું દોઝખનો અજાબ થશે એનો ઇલાજ એજ છે કે જે ઉપર નામ અને વખાણનો ઇલાજ લખી ચૂકયા છીએ. કેમકે દેખાવની મતલબ એવીજ હોય છે કે મારી નામના અને વખાણ થાય.*

જરૂરી જણાવવા જેમ વાતો.

ઉપર જે બુરી વાતોનો ઇલાજ બતાવવામાં આવ્યા છે તે મુજબ બે ચાર વાર વર્તવાથી કામ ચાલે એમ નથી. અને એ બુરાઇઓ દૂર થતી નથી જેમ કે ગુસ્સાને બે ચાર વાર રોકવાથી કંઇ એ રોગની જડ જતી નથી. એકાદવાર ગુસ્સો ન આવ્યો તો તેથી એમ ધોકામાં આવવું નહી કે મારૂં મન શુદ્ધ થઇ ગયું. એ માટે તો ઘણા દિવસો સુધી એ ઇલાજ મુજબ વર્તવું જોઇએ, અને જ્યારે ગફલત થઇ જાય ત્યારે અફસોસ અને પસ્તાવો કરે અને આગળ માટે ખ્યાલ રાખે. મુદ્દતો વિત્યા બાદ ઇન્શા અલ્લાહ તઆલા એ બુરાઇઓની જડ જતી રહેશે.

---

* (રીયા) એટલે દેખાડવાનેજ લીધે જે કામ કરવામાં આવતું હોય તેનેજ ઘણું બુરૂં કહે છે, અને કમીનાપણું છે. પણ આપણે કોઈ સારૂ કામ કરવાલા ગયા અને દિલમાં તેના વીશે વસવસો થયો કે મને જોનાર સાંભળનાર મારી વખાણ કરશે. તો એ એની કાંઈ પરવા કરો નહીં અને તે કામ છોડો નહી. કારણ આ શૈતાની ખિયાલ છે, અને તમને સારાં કામોથી રોકવા ચાહે છે. માટે જ્યારે એમ થાય ત્યારે એમ દીલમાં સમજી લેવું કે અલ્લાહને રાજી રાખનારા મારા કરતા દુન્યામાં ઘણાં મોટા મોટા છે. હું તો તે મુકાબલામાં કાંઇ કરી શકતી નહીં અને એના વિષે ખુદાપાકનો શુક્ર કરે કે તેણે એનીતોફીક આપી છે. એચ. એ. રહમાન. મેનેજર કું

એક બીજી જરૂરી કામની વાત.

મનની અંદરની જે જે બુરાઇઓ છે અને હાથ પગથી જેટલા ગુન્હા થાય છે તેના ઇલાજનો એક આસાન તરીકો આ પણ છે કે જ્યારે નફસથી કંઇ શરારત અને બુરાઇ અથવા ગુન્હાનું કામ થઇ જાય તો તેને કંઇ સજા આપતાં રહેવું જોઇએ અને બે જાતની સજા સહેલી છે. કે જે દરેક માણસ કરી શકે છે, પહેલી એ કે પોતાને માથે કંઇક આનો બે આના કે રૂપિયો બે રૂપિયા શક્તિ મુજબ દંડ તરીકે નક્કી કરે. જ્યારે જ્યારે કંઇ બુરાઇ થઇ જાય કે તે મુજબની દંડની રકમ ગરીબોને વહેંચી આપે. ફરી જો તેમ થાય તો તેમ કરે. ફરી બીજી સજા એ છે કે એક વખત અથવા બે વખત ખાવાનું ખાય નહીં ઇન્શાઅલ્લાહ ઉમેદ છે કે જો કોઇ એ સજાઓને નિભાવશે (તે મુજબ કરશે) તો બધી બુરાઇઓ દૂર થઇ જશે આગળ સારી બાતોનું ધ્યાન છે જેથી દિલ સુધરશે.

તોબાહ અને તેનો તરીકો.

તોબાહ એવી ઉમદા ચીજ છે કે તેથી બધા ગુન્હા માફ થઇ જાય છે. અને જે માણસ પોતાની હાલતનો વિચાર કરશે કે કોઇ કોઇ વખતે અમુક ગુન્હો બની જાય છે તો જરૂર તોબાહને જરૂરી વાત સમજશે. તે મેળવવાનો તરીકો એ છે કે કુરઆન અને હદીસમાં જે જે ગુન્હાઓ ઉપર અજાબને માટે ડરાવવામાં આવ્યા છે તેને યાદ કરે. અને વિચાર કરે જેથી દિલ દુખશે અને તે વખતે જોઇએ કે જબાનથી પણ તોબાહ કરી લે અને જે રોજા નમાઝ વગેરે કજા થયાં હોય તેને કજા પણ કરે. જો બંદાઓના હકો તોડયા હોય તો તે માટે બંદાઓથી માફ કરાવી લે અથવા તો તેમના હક અદા કરે. અને જે એવાજ ગુન્હા હોય તે માટે ખૂબ દિલગીરી (બળાપો) કરે અને રડવા જેવું મોં કરી ખુદા તઆલાથી ખૂબ માફી માગે.

ખુદા તઆલાથી ડરવું અને તેનો તરીકો.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે મારાથી ડરો. ખોફ એવી સારી ચીજ છે કે માણસ તેને લીધે ગુન્હાઓથી બચે છે. એનો તરીકો એજ છે કે જે તોબાહને માટે કહેવામાં આવ્યો છે, ખુદા તઆલાના અજાબને યાદ કરે અને વિચાર કરતી રહે.

અલ્લાહતઆલાથી ઉમેદ રાખવી અને તેનો તરીકો.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું છે કે હકતઆલાની રહમતથી નાઉમેદ થાઓ નહીં. અને ઉમેદ એવી સારી ચીજ છે કે એથી નેક કામો માટે ઉત્સાહ વધે છે. અને તોબાહ કરવાની હીંમત થાય છે. એનો તરીકો એ છે કે અલ્લાહ.તઆલાની રહમતને યાદ કરે અને વિચારતી રહે

સબર અને તેનો તરીકો.

મનને દીનની બાબતપર પાબંદ રાખવું અને દીનની વિરૂદ્ધ મનથી કોઇ કામ થવા દેવું નહીં. એને સબર કહે છે. અને એના કેટલાક પ્રસંગ છે એક મોકો (પ્રસંગ અથવા વખત) એ છે કે માણસ અમન ચેનની હાલતમાં હોય ખુદાતઆલાએ તન્દુરસ્તી આપી હોય માલ દોલત ઇજ્જત આબરૂ નોકર ચાકર આલ ઓલાદ ઘરબાર સરસામાન આપ્યાં હોય એવા વખતનો સબર એ છે કે મગજ ખરાબ ન થાય. ખુદા તઆલાને ભૂલી જાએ નહીં. ગરીબોને હકીર (હલકા) સમજે નહીં. તેમની સાથે નરમી અને એહસાન કરતી રહે. બીજો મોકો ઇબાદતનો વખત છે કે તે વખતે નફસ (મન) આળસ કરે છે. જેમકે નમાઝ માટે ઉઠવામાં, અથવા તો મન કંજુસાઇ કરે છે જેમ કે જકાત ખૈરાત વગેરે આપવામાં એવા વખતે ત્રણ જાતના સબરની જરૂર છે, એક તો ઇબાદતની પહેલાં કે–નૈયત દુરસ્ત રાખે કે મનની કોઇ ગરજ ન હોય બલ્કે અલ્લાહને

વારતેજ તે કામ કરે, બીજું ઇબાદતની વખતે કમ કીંમત થાએ નહીં જેવી રીતે ઇબાદતનો હક છે તે મુજબ બરાબર અદા કરે· ત્રીજું ઇબાદતની પછી કે કોઇની રૂબરૂ તે વિષે વાત કરે નહીં, ત્રીજો મોકો ગુન્હાનો વખત છે તે વખતનો સબર એ છે કે મનને ગુન્હાથી અટકાવે. ચોથો મોકો તે છે કે કોઇ માણુસ એને તકલીફ પહોંચાડે કે બુરો ભલો કહે તે વખતનો સબર એ છે કે બદલો લે નહીં ખા-મોશ થઇ જાય. પાંચમો મોકો મુસીબત અને બીમારી કે માલનો નુકસાન અથવા કોઇ નજીકના વહાલા સગાનું મરણ છે. તે વખતનો સબર એ છે કે જીભથી શરેઅથી ઉલટું બોલે નહીં. બ્યાન કરીને રડે નહીં. બધી જાતનાં સબરનો તરીકો એ છે કે એ બધા મોકાના સવાબોને યાદ કરે. અને એમ સમજે કે એ બધી વાતો મારા ફાયદાને માટે છે. અને વિચારે કે બેસબરી કરવાથી તકદીરનું લખેલું કંઇ ટાળવાનું નથી તો પછી નકામું સવાબ શા માટે ખોવું જોઇએ.

શુકર અને તેનો તરીકો.

ખુદાતઆલાની નેઅમતોથી ખુશ થઇ ખુદા-તઆલાની મોહબ્બતનું દિલમાં પેદા થવું અને તે મોહબ્બતથી એ શોખનું થવું જ્યારે તે અમને એવી એવી નેઅમતો આપે છે તો તેની ખુબ ઇબાદત કરો અને એવી નેઅમતો આપનારના હુકમ નહી માનવા એ બહું શરમની વાત છે એ ખુલાસો શુકરનો છે. એતો ખુલ્લું છે કે જ્યારે બંદા ઉપર હરેક વખતે અલ્લાહ તઆ-લાની હજારો નેઅમતો છે. જો કોઇ મુસીબત પણ છે તો તેમાં એ બંદાનોજ ફાયદો રહેલો છે તો તે પણ નેઅમત છે. જ્યારે દરેક વખતે ને-અમતો છે તો દરેક વખતને દિલમાં ખુશી અને મોહબ્બત પણ રહેવી જોઇએ અને કદીએ ખુદા તઆલાના હુકમ મુજબ પાળવામાં કમી કરવી જો-ઇએ નહી. એનો તરીકો એ છે કે હમેશાં ખુદા તઆલાની નેઅમતોને યાદ કરતાં રહેવું અને વિ-ચાર કરતા રહેવું.

ખુદાતઆલાપર ભરોસો રાખવો અને તેનો તરીકો.

એ દરેક મુસલમાનના જાણવામાં છે કે ખુદા તઆલાના ઇરાદા વગર કોઇ જાતનો નફો કે નુક-સાન થઈ શકે એમ નથી તો એ વાત જરૂ-રની છે કે જે કામ કરે તેમાં પોતાની તદબીર પર ભરોસો કરે નહીં. ખુદા તઆલાપરજ ન-જર રાખે. અને કોઇ મખલુક (પેદા થએલી વસ્તુ)થી વધારે આશા રાખે નહીં કોઇથી બહુ ડરવું પણ નહીં એટલું સમજી લે કે ખુદાની મરજી વગર કોઇ કંઇ કરી શકતું નથી. કે જેને ભરોસો અથવા તવકકુલ કહે છે. એનો તરીકો એજ છે અલ્લાહ તઆલાની કુદરત અને હિકમત (ડાપણ) ને અને મખલૂકના નાચીજ થવાને ખુબ વિચારે અને યાદ કર્યાં કરે.

ખુદાતઆલાથી મોહબ્બત કરવી અને તેનો તરીકો.

અલ્લાહ તઆલાની તરફ મનનું ખેંચાવું અને અલ્લાહ તઆલાની વાતોને સાંભળી અને તેમના કામોને જોઇને મનને રસ પડે (સારૂ લાગે મજા પડે) એ મોહબ્બત છે. એનો તરીકો એ છે કે જેમ બને તેમ અલ્લાહ તઆલાનું નામ બહુજ લેતા રહેવું અને તેમની ખુબીઓને યાદ કરતા રહેવું અને બંદા સાથે તેમને જે મોહબ્બત છે તે પર વિચારતા રહેવું.

ખુદાતઆલાના હુકમપર રાજી રહેવું અને તેનો તરીકો.

જ્યારે મુસલમાનને એમ જણાયું છે કે જે કંઈ ખુદાએ તઆલાની તરફથી થાય છે તે બ-ધામાં મુસલમાનનો ફાયદો અને સવાબ છે. તો દ-રેક વાતપર રાજી રહેવું જોઇએ. ગભરાય નહીં—કે શિકાયત અથવા તે વિષે ચર્ચા કરે નહીં એનો તરીકો એ છે કે ઇનસાન એ વાતપર વિચાર કરે કે જે કંઇ થાય છે બહું સારૂં થાય છે.

સાચી નૈયત અને તેનો તરીકો.

દીનનું જે કામ કરો તેમાં કંઇ દુનિયાનો સવાર્થ ગરજ ન હોવી જોઇએ. તેમાં દેખાવની કે એવી બીજી કોઇ નૈયત ન હોવી જોઇએ. જેમકે કોઇનું પેટ ભારે (પેટમાં ભરેલું હોય હજમ ન થતુ) હોય અને એમ કહે કે ચાલો રોજો રખાયો રોજાને રોજો થશે અને પેટ હલકું પડી જશે. અથવા તો નમાઝના વખત થતાં પહેલાંથી વોઝુ હોય પણ ગરમી હોય તો એમ જાણે કે ચાલો તાજું વોઝુ કરી લઇએ કે વોઝુ પણ તાજું થઇ જશે અને હાથ પગને ઠંડક પહોંચશે અથવાતો કોઇ સવાલીને આપે કે તેના માગવાથી છૂટયા અને બલા ટળા એ બધી વાતો સાચી નૈયતથી ઉલટી છે. એનો તરીકો એ છે કે કામ કરવા પહેલાં ખુબ વિચાર કરી લે જો કોઇ એવીજ વાતના અંદર મેલ (ભેળસેળ) હોય તો તેથી દિલ સાફ કરીલો.

મોરાકબાહ એટલે દિલથી ખુદાનું ધ્યાન ધરવું અને તેનો તરીકો.

દિલમાં હમેશા ધ્યાન રાખો કે અલ્લાહતઆલાને મારી બધી હકીકતની ખબર છે. જાહેરી અને દિલની અંદરની હકીકતની પણ ખબર છે જો ખોટું કામ હશે અથવા તો ખોટો ખ્યાલ પેદા થશે તો કદાચ અલ્લાહતઆલા દુનિયામાં અગરતો આખેતરમાં અઝાબ કરશે. બીજું ઇબાદતની વખતે દિલમાં એમ ધારે કે અલ્લાહતઆલા મારી ઇબાદતને જોઇ રહ્યા છે. માટે સારી પેઠે કરવી જોઇએ. એનો તરીકો એજ છે કે હમેશાં એ વાતનો ઘણીવાર વિચાર કરે થોડા દિવસમાં એનો ધ્યાન બંધાઇ જશે. પછી ખુદા કરશે તો તેનાથી કોઇ કામ ખુદા તઆલાની મરજીથી ઉલટું નહીં થવા પામશે.

કુરઆને મજીદ પઢવામાં દિલ લગાડવાનો તરીકો.

કાયદાની વાત છે કે જો કોઇ બીજીને કહે કે જોઉં થોડુંક કુરઆન શરીફ પઢીબતાવો, જોઇયે બીએ કે કેવી રીતે પડે છે તો જ્યાં સુધી બની શકે ત્યાંસુધી ખુબ ધ્યાન રાખીને બનાવીને સંભાળીને પઢવામાં આવે છે. તો એમ કરવું જોઇયે કે જ્યારે કુરઆને શરીફ પઢવાનો ઇરાદો કરો ત્યારે પહેલા દિલમાં એ વિચાર કરી લો કે જાણે અલ્લાહ તઆલાએ અમને પઢવાની ફરમાશ કરી છે. અમને સંભળાવો કેવું પઢો છો. અને એમ સમજો કે અલ્લાહ તઆલા સારી પેઠે સાંભળી રહ્યા છે. અને વળી એમ સમજો કે માણસની આગળ ખુબ બનાવી શણગારી પઢીએ છીએ તો અલ્લાહ તઆલાના ફરમાવાથી પઢીએ છીયે ત્યારે તો ખુબ સંભાલી સંભાલીને પઢવું જોઇએ. એ બ[redacted] વાતોનો વિચાર કરી પઢવું શરૂ કરો. અને જ્યાં સુધી પઢતાં રહો અને ખ્યાલ મનમાં રાખો. જ્યારે પઢવામાં બગાડ થવા માંડે અથવા તો આમ તેમ ભમવા લાગે થોડીવાર માટે પઢવું મોકુફ રાખે અને ઉપલીજ વાતોને વિચારવું શરૂ કરે ખુદા કરશે તો એ રીતથી શુધ્ધ અને બરાબર પઢાશે અને દિલ પણ તે તરફ લાગેલું રહેશે. જો એક મુદ્દત સુધી એવીજ રીતે પઢતી રહેશે તો પછી સહેલાઇથી દિલ લાગવા માંડશે.

નમાઝમાં દિલ લગાડવાનો તરીકો.

એટલી વાત તો યાદ રાખો કે નમાઝમાં કોઇ કામ કંઇ પઢવું ઇરાદા વગર ન થવું જોઇએ. પણ દરેક કામ ઇરાદાપૂર્વક અને વિચારથી થવું જોઇએ. જેમકે અલ્લાહો અકબર કહી રહ્યાને જ્યારે ઉભા થાઓ તો દરેક શબ્દપર એમ વિચાર કરો કે હું હવે સુબ્હાનક-લ્લા હુમ્મ પઢી રહી છું પછી વિચારો કે વ બે હમ્દેક કહી રહી છું. પછી ધ્યાન રાખો કે હવે વ તબારકસ્મુક મોઢેથી નીકળી રહ્યું છે એવી રીતે દરેક શબ્દપર જુદો જુદો ધ્યાન અને ઇરાદો કરતા જવું. અલહમ્દો અને સૂરતમાં પણ એમજ કરો. પછી રૂકુઅ (વાંકા વળવું) તે પણ એવીજ રીતે દરેક વખતે સુબ્હાન રબ્બિયલ અઝીમને વિચારી વિચારીને બોલે, મતલબ કે મોઢેથી જે કંઇ બોલો તેજ તરફ ધ્યાન પણ રાખો. ખુદા કરશે તો એમ કરવાથી નમાઝમાં કોઈ તરફ ધ્યાન વહેંચાઇ જશે નહીં. પછી થોડા દિવસોમાં સહેલાઇથી મન લાગવા માંડશે અને નમાઝમાં મજા પડશે.

પીરી મુરીદીનું બયાન.

મુરીદ બનવાથી કેટલાક ફાયદા છે. એક ફાયદો એ કે દિલને સુધારવાના જે તરીકા ઉપર લખેલા છે તે મુજબ કરવામાં ઓછી અક્કલથી કોઇ વખત ભૂલ થઇ જાય છે. તો પીર તે માટે ઠીક રસ્તો બતાવી દે છે બીજું કિતાબમાં વાંચવાથી આટલી અસર થતી નથી જેટલી કે પીરના બત-વવાથી થાય છે એકતો તેની બરકત થાય છે. વળી એ પણ ડર રહે છે કે જો કોઇ નેક કામમાં કમી કરી અથવા કોઇ ખોટી વાત કરી તો પીર આગળ શરમાવું પડશે ત્રીજું પીર જોડે મોહબ્બત અને એઅતેકાદ (ભરોસો) થઇ જાય છે અને એમ મન થાય છે કે જે તેમનો તરીકો છે તે મુજબ આપણે પણ ચાલવું જોઇએ ચોથું જો પીર શીખામણ આપતાં સખ્તાઇ કરે કે ગુસ્સો કરે છે તો ખોટુ લાગતું નથી. પછી તે શીખામણ મુજબ અમલ કરવામાં વધારે કોશીશ થઇ જાય છે બીજા પણ કેટલાક ફાયદા છે. જેમની ઉપર ખુદા તઆલાની મહેરબાની થઇ જાય છે તેમને તે મળે છે. અને મળવાથી તે જણાય છે. જો મુરીદ થવાનો વિચાર થાય તો આ વાતોનો વિચાર કરી લેવો કે જે પીરમાં આ વાતો ન હોય તેના મુરીદ થાઓ નહી પહેલું એકે તે પીર દીનના મસઅલા જાણતો હોય. શરેઅથી અજાણ હોય નહીં બીજું તેનામાં કોઇ વાત શરેઅથી ઊલટી હોય નહીં જે અકીદાઓ આ કિતાબના પહેલા ભાગમાં તમે વાચ્યા તેવા તેના અકીદા હોય. જે જે મસઅલા અને મનને સુધારવાના તરીકા આ કિતાબમાં તમારા વાંચવા માં આવ્યા તેથી કોઇ રીતે તેનામાં ઉલટું હોય નહી ત્રીજું કમાવા તથા ખાવા પીવા માટે પીરી મુરાદી કરતો હોય નહી ચોથું તે કોઇ એવા બુઝુરગનો મુરીદ હોય કે જેને ઘણે ભાગે સારા લોકો બુઝુરગ સમજતા હોય પાંચમું તે પીર ને પણ સારા લોકો સારા કહેતા હોય. છઠું તેની તઅલીમમાં એવી અસર હોય કે દીનની મોહોબત અને શોખ પેદા થઇ જાય. એ વાત તેના બીજા મુરીદોની હાલત જોવાથી જણાઇ આવશે. જો દસ મુરીદોમાં પાંચ છ પણ સારા થાય તો સમજવુ કે એ પીર અસર કરનાર છે. અને એકાદ મુરીદના ખોટા હોવાથી શક લાવવે નહીં. અને તમે જે સાંભળ્યું હશે કે બુઝુર-ગોથી અસર થાય છે, તે અસર એજ છે, બીજી અસરોને નહી જોવી. જેમકે અમુક પીર જે કહી દે છે તેજ મુજબ થય છે, તે ફુંક છું કરી દે છે તો બીમારી દૂર થઇ જાય છે. તે જે કામ માટે તઅવીજ આપે છે તો તે કામ મરજી મુજબ થઇ જાય છે. તે એવી તવજ-જોહ (દિલનો અસર) આપે છે કે માણસ લોટપોટ થઇ જાય છે. એવી અસરોથી કદી ધોકો ખાવો નહી સાતમું તે પીરમાં એવી વાત હોય કે દીનની શીખામણ કહેવામાં મુ-રીદની શરમ રાખતો નહોય નકામી વાતથી અટકાવતો હોય જ્યારે કોઈ એવો પીર મળી આવે અને જો તમે કુંવારી હોવ તો માબાપને પૂછી અને જો શાદી થઇ ગઇ હોય તો ખા-વાંદને પૂછીને સારી નીયતથી એટલે ફક્ત દી-નના દુરસ્ત કરવાના ઇરાદાથી મુરીદ થઇ જાઓ અને જો એ લોકો કંઇ મસલેહત (ભલાઈ) થી રજા ન આપે તો મુરીદ થવું ફરજ તો છેજ નહીં મુરીદ બનો નહીં. અલબત્તા દીનની રાહપર ચાલવું ફરજ છે મુરીદ થવા સિવાય પણ તે મુજબ ચાલતાં રહો.

હવે પીરી મુરીદી વિષે કેટલીક બાબતો બતાવવામાં આવે છે.

(૧) પીરનો ખૂબ અદબ રાખે. અલ્લાહનુ નામ લેવાનો તે જે તરીકો બતાવે તેને બરાબર નિભાવવુ તેના સંબધી એવો એઅતેકાદ (ભરોસો) કરે કે મને જેટલો ફાયદો દિલ દુરસ્ત કરવાનો એનાથી પહોંચી શકે છે. તેટલો આ જમાનાના કોઇ બુઝુરગથી પહોંચી શકશે નહીં. (૨) જો મુરીદનુ દીલ સારી પેઠે દુરસ્ત

થનારૂં પ્રયોગ નથી અને એટલામાં જો પીરનું મોત થાય તો બીજા કામીલ પીરના જેમાં ઉપરની સર્વ વાતો હોય તેના મુરીદ થઇ જાય (૩) કોઇ કિતાબમાં કંઇ વજીફો કે કંઇ ફકીરીની વાત વાંચી તે રીતે આપણી અક્કલથી કંઇ કરવું નહીં, પીરને પુછી લેવું. અને જે કંઇ નવી વાત સારી કે નઠારી દિલમાં પેદા થાય કે કંઇ તેનો ઇરાદો થાય પીરને પુછી વાકેફ થવું. (૪) પીરની આગળ પણ પરદો કરવો અને મુરીદ થતી વખતે પણ પીરના હાથમાં હાથ આપે નહી. રૂમાલ અથવા કંઇ લુગડાંથી અથવા તો ખાલી જબાનથી પણ મુરીદ થવું દુરસ્ત છે. (૫) જો ભુલથી કોઇ (શરેઅથી ઉલટા) પીરની મુરીદ થઇ જાય અથવા તો પહેલા તે માણસ સારો હતો અને હવે બગડી ગયો તો મુરીદી તોડી નાંખે અને કોઈ સારા બુઝુરગની મુરીદ થઇ જાય. પણ જો કોઇ હલકી વાત, કદી કદાપિ થઇ જાય તો એમ સમજવું કે આખર એ પણ માણસ જાત છે ફરિશ્તો તો છેજ નહીં એનાથી ભુલ થઇ ગઇ કે જે તોબાહ કરવાથી માફ થઇ શકેછે. જરા જરા વાતમાં એઅતેકાદ ખરાબ કરે નહી અલબત્ત જો તે કોઇ નઠારી વાતપર અડીજ બેસે તો મુરીદી તોડી નાંખે (૬) પીરને હમેશા આપણા બધા હાલની ખબર છે, એમ સમજવું ગુન્હો છે. (૭) ફકીરોની જે એવી કિતાબો છે કે તેની જાહેર મતલબ શરીઅત વિરૂદ્ધ હોય તે કદી જુએ નહીં. એવીજ રીતે જે શએર અશઆર (કવિતા ગઝલ વગેરે) શરેઅથી ઉલટી હોય તેને પણ કદી મોઢેથી બોલે નહીં (૮) કેટલાક ફકીરો કહે છે. કે શરેઅનો રસ્તો બીજો છે. અને ફકીરીનો માર્ગ બીજો છે એવા ફકીરો ગુમરાહ (માર્ગ ભુલેલા) છે એમને જૂઠા સમજવા ફરજ છે. (૯) જો પીર કોઇ વાત શરેઅથી ઉલટી બતાવે તે પ્રમાણે ચાલવું દુરસ્ત નથી. જો (પીર) તે વાત માટે હઠ કરે તો મુરીદી તોડી નાંખવી (૧૦) જો અલ્લાહનું નામ લેવાની બરકતથી દિલમાં કંઇ સારી હાલત પેદા થાય અથવા સારા ખ્વાબ આવે જાગ્રતિમાં કાંઈ અવાજ કે રોશની દેખાય તો આપણા પીર સિવાય બીજાની આગળ એ વિષે કંઇ જાહેર કરવું નહીં અને પોતાના વઝીફા કે ઝિકરોની વાત પણ કોઇ આગળ કરવી નહીં. કેમકે જાહેર કરવાથી તે હાલત જતી રહેછે (૧૧) જો પીરે કંઇ વઝીફો કે ઝિકર બતાવ્યું હોય અને એક મુદત સુધી તેની અસર કે મઝા દિલપર જણાય નહીં તો તેથી મન ઉતારવું કે પીરનો એઅતેકાદ દિલમાંથી ઉડાડી દેવો નહીં પણ એમ સમજવું કે મોટી અસર એજ છે કે અલ્લાહનું નામ લેવાનો દિલમાં ઇરાદો પેદા થાયછે, અને તેથી નેક કામની તોફીક થાય છે. અને એવી અસર માટે મનમાં કદી વિચાર ન લાવવો કે મને ખ્વાબમાં બુઝુરગોની ઝિયારત થયાં કરે કે મને થનારી વાતો વિષે અગાઉથી ખબર પડી જાય, મને ખુબ રડવું આવ્યાં કરે, મને ઇબાદતમાં બેહોશી થઇ જાય કે બીજી ચીજની ખબરજ ન રહે. કોઇ કોઇ વખતે એ વાતો પણ થઇ જાય છે, અને કદી નથી પણ થતી. જો થઇ જાય તો ખુદા તઆલાને શુકર બજાવી લાવે. અને ન થાય અથવા થયા પછી ઓછી થઇ જાય કે થતી બંધ પડી જાય તો ગમ કરે નહીં. અલબત્ત જો (ખુદા ન કરે) શરેઅની પાબંદીમાં કંઇ કમી થઇ જવા માંડે અથવા ગુન્હા થવા માંડે તો એ વાત ગમ કરવા જેવી છે. હીંમત કરીને જલદીથી પોતાની હાલત સુધારે અને પીરને ખબર આપે અને તેઓ જે બતાવે તે પર અમલ કરે (૧૨) બીજા બુઝુરગોની કે બીજા ખાનદાનની શાનમાં બેઅદબી કરે નહીં અથવા બીજાના મુરીદોને એમ કહે કે નહીં અમારા પીર તમારા પીરથી મોટા છે અથવા અમારૂં ખાનદાન તમારા ખાનદાનથી મોટું છે. એવી નકામી વાતોથી મનમાં અંધારૂં પેદા થાયછે (૧૩) જો આપણી પીર બેહેન (આપણા પીરથી મોરીદ થયલી) ઉપર પીરની મહેરબાની વધારે થાય અથવા તેણીને વઝીફા કે ઝીકરથી વધારે ફાયદો થાય તો તે પર હસદ (અદેખાઇ) કરે નહીં)

મુરીદે એટલુંજ નહી પણ દરેક મુસલમાનને હંમેશાં એવી રીતે રાત દિવસ રહેવું જોઇએ.

(૧) જરૂર જેટલો દીનનો ઇલ્મ, હાસીલ કરવો જોઇએ. પછી તે ગમે તેમ કિતાબ અથવા તો આલીમોથી પુછી પાછીને (૨) બધા ગુન્હાઓથી બચે. (૩) જો કંઇ ગુન્હો થઇ જાય તુરત તોબાહ કરે (૪) કોઇનું કંઇ હક રાખે કે કોઇને જીભે કે હાથે કરીને ઇજા પહોંચાડે નહીં કોઇની બુરાઇ કરે નહીં. (૫) માલની મોહોબ્બત અને નામની ઇચ્છા રાખે નહીં. અને બહુ સારા લુગડાં કે ખાવા પીવાની ફિકરમાં રહે નહીં (૬) જો કોઇ ભુલ માટે ટોકે તો પોતાની વાતને નિભાવે નહી તુરત માની લે અને તોબા કરી લે. (૭) બહુજ જરૂર વગર સફર કરે નહીં. સફરમાં ઘણી બાતો બેએહતિયાતીની થાય છે. (ઘણી વાતોની સંભાળ રહેતી નથી) ઘણાં નેક કામો છુટી જાય છે. વઝીફામાં ખલલ પડે છે વખત ઉપર બરાબર કામ થતું નથી (૮) બહુ હસવું બોલવું નહી. ખાસ કરીને નામહરમ (જેથી પડદો રાખવા જોઇએ) જોડે છુટથી વાત કરવી નહીં. (૯) કોઇથી લડાઇ ટંટો કરે નહીં. (૧૦) હમેશાં શરેઅનો ખ્યાલ રાખે (૧૧) ઇબાદતમાં સુસ્તી કરવી નહીં (૧૨) વધારે વખત એકાંતમાં રહે (૧૩) જો બીજાઓથી મળવું પડે તો આજીજીથી રહે, બધાની સેવા કરે પોતાની મોટાઈ બતલાવે નહી (૧૪) અને અમીરોથી તો બહુજ ઓછું મળતા રહેવું (૧૫) બદદીન લોકોથી દૂર નાસવું. (૧૬) બીજાઓની એબ શોધવી નહીં, કોઇ ઉપર બદ ગુમાન ન થવુ પોતાની એબોને જોતા રહેવું અને તેને (એકાંતમાં સમજવી) સુધારતા રહેવુ. (૧૭) નમાઝને સારી પેઠે બરાબર રીતે અદા કરવાનો ખુબ ખ્યાલ રાખવો. (૧૮) દિલ અથવા જીભથી હમેંશાં અલ્લાહની યાદમાં રહેવું કોઇ વખતે ગાફિલ રહેવું નહીં (૧૯) જો અલ્લાહના નામથી મજા પડે કે મન ખુશ થાય તો અલ્લાહ તઆલાનો શુકર કરવો (૨૦) નરમીથી વાત કરે. (૨૧) બધા કામોને લીધે વખત મુકરર કરે અને બરાબર તેજ મુજબ કરે. (૨૨) જે કંઇ દિલગીરી કે ગમ આવી પડે તો એમ સમજે કે અલ્લાહના તરફથી છે તેથી પરેશાન થાય નહીં અને એમ સમજે કે એમાં મને સવાબ મળશે. (૨૩) હમેશાં મનમાં દુનિયાનો હિસાબ કિતાબ અને દુનિયાનાં કામોનીજ વાતચીત રાખે નહીં. પણ અલ્લાહનોજ ખ્યાલ રાખે (૨૪) જ્યાં સુધી થઇ શકે બીજાને ફાયદો પહોંચાડે પછી તે દુનિયાનો હોય કે દીનનો. (૨૫) ખાવા પીવામાં એટલી કમી કરે નહીં કે જેથી કમ તાકાત થઇ જવાય કે માંદા પડી જવાય. તેમ એટલો વધારો કરે નહીં કે જેથી ઇબાદતમાં આળસ આવે (૨૬) ખુદા તઆલા સિવાય કોઇથી તમા (લાલચ) કરે નહીં કે કોઈ તરફ ખ્યાલ દોડાવે નહીં કે ફલાણી જગાએથી અમને આ ફાયદો થઇ જાય. (૨૭) ખુદા તઆલાની તલાશમાં (શોધમાં) બેચેન રહે. (૨૮) થોડી કે ઘણુ નેઅમત ઉપર શુકર બજાવી લાવે અને ફકરો ફાકા (દરિદ્રતા તથા કંગાલીયત) થી મનમાં ઓછું લાવે નહીં (૨૯) જે આપણી હકુમતમાં (તાબેદારીમાં) હોય તેની ભુલ અને કસુરને દરગુજર કરે. (૩૦) કોઇની એબ જાણમાં આવે તો તે છુપાવે. પણ જો તેથી બીજાને નુકસાન પહોંચાડે તેવી હોય અને તમારા જાણવામાં આવે તો તેને કહી દેવું. (૩૧) મેહમાન, મુસાફર, ગરીબ, આલિમ અને દરવેશોની ચાકરી કરે. (૩૨) સારી સોબત અખત્યાર કરે (૩૩) હમેશાં ખુદા તઆલાથી ડર્યા કરે. (૩૪) મોતને યાદ કરે. (૩૫) કોઇ વખતે બેસીને પોતાના આખા દિવસના કામોને રોજને રોજ વિચાર્યા કરે. જો નેકી યાદ આવે તે પર શુકર કરે. ગુન્હાપર તોબાહ કરે. (૩૬) જૂઠું કદી બોલે નહીં. (૩૭) જે મહફિલ શરેઅથી ઉલટી હોય

તેમાં જાય નહીં. (૩૮) શરમ હયા અને સહન શકતીથી રહે. (૩૯) એવી વાતોથી અપુરૂર થવું નહીં કે મારામાં ફલાણી ખુબીઓ છે. (૪૦) અલ્લાહ તઆલાથી દુઆ કરતા રહેવું કે નેક કામોપર કાયમ રાખે.

રસુલુલ્લાહ (સ૦ અ૦ વ૦ વ૦) ની હદીસોથી કેટલાક નેક કામોના સવાબ અને બુરી વાતોના અજાબનું બયાન જેથી નેકીયો તરફ વલણ થાય અને બુરાઇયો તરફ ધિક્કાર થાય.

નૈયત ખાલિસ (શુદ્ધ સારી) રાખવી.

(૧) એક માણસે હજરતથી પુછયું યા રસુલુલ્લાહ (સ૦અ૦) ઇમાન શું ચીજ છે આપે ફરમાવ્યું નૈયત ખાલીસ (શુદ્ધ અંતઃકરણ) રાખવી. **ફાયદો** મતલબ કે જે કંઇ કામ કરે ખુદાને વાસ્તે કરે. (૨) રસુલુલ્લાહે (સ૦અ૦વા૦) ફરમાવ્યું કે બધાં કામો નૈયતની સાથે છે. ફાયદો મતલબ કે સારી નૈયત હોયતો નેક કામપર સવાબ મળે છે નહીં તો મળતો નથી.

દેખાડવા માટે કોઇ કામ કરવું.

(૩) રસુલુલ્લાહે (સ૦અ૦વ૦) ફરમાવ્યું જે શખ્સ સંભળાવવા માટે કંઇ કામ કરે તો અલ્લાહ તઆલા કયામતમાં તેની એબ સંભળાવશે. અને જે શખ્સ દેખાડવા માટે કામ કરે અલ્લાહ તઆલા કયામતમાં તેની એબ દેખાડશે.

(૪) અને રસુલુલ્લાહે [સ૦ અ૦ વા૦] ફરમાવ્યું દેખાવ માટે થોડું પણ કામ કરવું. શિર્ક જેવું છે.

કુરઆન અને હદીસના કાયદા પર ચાલવું.

[૫] રસુલ્લાહે [સ૦ અ૦ વ૦] ફરમાવ્યુ જે વખતે મારી ઉમ્મતમાં દીનનો બગાડ પડી જાય તે વખતે જે મારા માર્ગને થામી [પકડી] રાખશે તેને ૧૦૦ સો શહીદોનો સવાબ મળશે

[૬] રસુલુલ્લાહે [સ૦ અ૦ વ૦] ફરમાવ્યું છે તમારા લોકોમાં એવી ચીજ મુકી જાઉં છું કે જો તેને તમો પકડી રાખશો કદી ભટકવાના (રખડવાના] નથી. તે એ કે એક તો અલ્લાહ તઆલાની કિતાબ એટલે કુરાને શરીફ બીજી નબીની સુન્નત એટલે હદીસ.

નક કામનો રસ્તો કાઢવો અથવા બુરી વાતની જડ ઘાલવી.

[૭] રસુલુલ્લાહે [સ૦ અ૦ વ૦] ફરમાવ્યુ જે માણસ નેક કામ કાઢે ફરી તે ઉપર બીજા લોકો ચાલે તો તે માણસને પોતાનો સવાબ પણ મળશે અને જેમણે તે ઉપર અમલ કર્યો છે તે બધાના જેટલો પણ સવાબ મળશે. અને તેમના સવાબમાં પણ કંઇ ઓછું થશે નહીં. અને જે માણસ ખોટો રસ્તો કાઢે ફરી બીજા લોકો તે ઉપર ચાલશે તો તે માણસને પોતાનો ગુન્હો પણ થશે અને બીજાઓએ જેમણે એ કામપર અમલ કર્યો છે તેમની બરાબરનો પણ ગુન્હો થશે અને બીજાએ ને પણ ગુન્હે થશે અને તેમના ગુન્હાઓમાં કંઇ પણ કમી થશે નહી **ફાયદો.** જેમકે કોઇએ પોતાની ઓલાદની શાદીમાં રીતરિવાજ બંધ કરી દીધા અથવા કોઇ બેવાહે (વિધવાહે) નિકાહ કરી લીધો અને તેની દેખાદેખી બીજાઓને પણ હિંમત થઇ તો એ શરૂ કરનારીને હમેશાં સવાબ થયાં કરશે.

દીનના ઇલ્મની શોધ.

(૮) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું જે માણસની સાથે અલ્લાહ તઆલા ભલાઇ કરવા ઇચ્છે છે તેને દીનની સમજ આપે છે ફાયદો એટલે મસઅલા મસાએલની તલાશ અને શોખ તેને થઇ જાય છે.

દીનનો મસઅલો છુપાવવો.

(૯) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યુ જેને કોઇ દીનની વાત પુછવામાં આવે અને તે

જે છુપાવે તો કયામતને દહાડે તેને આગની લગામ પહેરાવવામાં આવશે. ફાયદો જો તમને કોઈ મસઅલો પૂછે અને જો તમને સારી પેઠે યાદ હોય તો જરૂર બતાવો અને ઈનકાર (ના કહેવું) કરો નહીં સારી પેઠે સમજાવી દો.

મસઅલો જાણીને અમલ ન કરવા વિષે.

(૧૦) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યુ જેટલે દરજ્જે ઈલમ હોય છે તેટલુંજ તેને માથે જોખમ રહેલું છે. તે માણસ સિવાય કે જે તે મુજબ અમલ કરે. ફાયદો યાદ રાખો કે કદી દોસ્તીના ખ્યાલથી અથવા તો મનની ઈચ્છાને વશ થઈ મસઅલાથી ઉલટું કરવું નહીં.

પેશાબથી નહીં બચવા વીશે.

(૧૧) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યુ પેશાબથી ખૂબ બચતા રહો. કેમકે ઘણું કરી કબરનો અજાબ એનાથીજ થાય છે.

વજુ અને ગુસલમાં ખુબ ધ્યાનથી પાણી પહોંચાડવું.

(૧૨) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું જે હાલતમાં મનને અણગમો પેદા થાય તેવા વખતે વજુ સારી પેઠે કરવાથી ગુન્હાઓ ધોવાઈ જાય છે. ફાયદો એવો અણગમો કદી આળસને લીધે અને કદી ટાઢને લીધે થાય છે.

દાતણ કરવું.

(૧૩) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું કે બે રકાત નમાઝ દાતણ કરીને પઢવી તે ૭૦ રકાતથી ઉત્તમ છે કે જે દાતણ કર્યા વગર પઢવામાં આવી હોય

વજુમાં સારી પેઠે પાણી નહીં પહોંચાડવા વિષ.

(૧૪) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) કેટલાક લોકોને જોયા કે વોજુ કરી રહ્યા બાદ પણ એડીઓ કોરીજ રહી ગયેલ છે. તે માટે આપે ફરમાવ્યું કે એડીયોને દોઝખનો ભારે અજાબ છે. ફાયદો વીંટી, છીલ્લા, બંગડીઓ, વગેરે સારી પેઠે હલાવીને પાણી પહોંચાડે અને ઘણું કરી શિયાળામાં પગ સખત થઈ (ફાટી જાય) છે તેને પણ સારી પેઠે પાણીથી ભીના કરીએ. કેટલીક ઓરતો આગળ આગળથી મોઢું ધુએ છે કાન સુધી ધોતી નથી એ બધી વાતોનો ખ્યાલ રાખો.

નમાઝ માટે ઓરતો (સ્ત્રીઓ)નું બહાર જવું.

(૧૫) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું ઓરતો માટે સૌથી સારી મસ્જીદ ઘરના અંદરનો ભાગ છે. ફાયદો. આથી જણાય છે. કે ઓરતોનું મસ્જીદોમાં જવું સારૂં નથી. એથી એ પણ સમજો કે નમાઝની બરાબર બીજી કોઈ ચીજ નથી. જયારે એને માટે પણ ઘરથી નીકળવું મુનાસેબ ધારના નથી તો નકામું મળવા હળવા કે રીત રિવાજ માટે તો ઘરથી નીકળવું કેટલું ખોટું છે.*

નમાઝની પાબંદી (નિયમિતપણુ)

(૧૬) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું કે પાંચે નમાઝનો દાખલો એવો છે કે જાણે કોઈના ઘર આગળ ભરેલી પાણીની નીક વહેતી હોય અને તેમા પાંચે વખત નાહયા કરે. ફાયદો મતલબ કે એમ કરવાથી તે માણસના ડીલ ઉપર જરાએ મેલ રહેશે નહીં એવીજ રીતે જે માણસ પાંચે વખતની નમાઝ પાબંદીથી (વખતસર) પઢે તેના બધા ગુન્હા ધોવાઈ જશે

(૧૭) અને રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે કયામતને દિવસ સઉથી પહેલાં બંદા પાસે નમાઝનો હિસાબ લેવામાં આવશે.

---

* પણ જે સ્ત્રિ ગરીબ હોવાને લીધે કાંઈ રોજગાર કરવા કે નોકરી મજુરીએ જવા ચાહે તો તે વીશે નીકળવું દુરસ્ત છે પણ પોતાના મોંહ ઉપર ઘુંમટ નાંખી કામ કર્યા કરવું જોઈએ. એચ. એ. રહમાન.

પહેલા વખતે નમાઝ પઢ.

(૧૮) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું. પહેલા વખતે નમાઝ પઢવાથી અલ્લાહ તઆલાની ખુશી થાય છે. ફાયદો બીબીઓ તમારે જમાતમાં જવાનું તો છે નહી તો પછી વાર શા માટે કરો છો.

નમાઝને ખોટી રીતે પઢવી.

(૧૯) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું કે જે માણસ ક વખતે (બરાબર વખતે નહી તે) નમાઝ પઢે અને વોઝુ સારી પેઠે ન કરે અને રાન લગાડી ન પઢે અને રોકુઅ સિજદો સારી રીતે ન કરે તો તે નમાઝ કાળી નુર વગરની થઇને જાય છે. અને એમ કહે છે કે ખુદા તને બરબાદ કરે. જેવી રીતે તેં મને બરબાદ કરી. એટલા સુધી કે જ્યારે તે ખાસ જગ્યાએ પહોચે છે જ્યાં અલ્લાહને મંજુર હોય તો જુનાં લુગડાની પેઠે લપેટાઇને તે નમાઝીના મોં પર મારવામાં આવે છે. ફાયદો-બીબીયો નમાઝ તો એટલા માટે પઢો છો કે સવાબ મળે તો પછી એવી રીતે કેમ પઢો છો કે ઉલટો ગુન્હો થય

નમાઝમા ઉપર કે આમ તેમ જોવું.

(૨૦ રસુલુલ્લાહે [સ૦ અ૦ વ૦] ફરમાવ્યું કે તમે નમાઝમાં ઉપર જોયા કરો નહી. કદી તમારી નજર છીનવી લેવામાં આવે (૨૧) અને રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું જે માણસ નમાઝમાં ઊભો થઇ આમતેમ જુવે છે. અલ્લાહ તઆલા તેની નમાઝને તેના ઉપર ઉલટી ફેંકી દે છે, [એટલે કબુલ કરતો નથી)

નમાઝ પઢનારની સામેથી ચાલ્યા જવું.

(૨૨) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું કે નમાઝીની આગળથી ચાલ્યા જનારને જો ખબર હોય કે કેટલો ગુન્હો થય છે તો ચાલીસ વરસ સુધી ઊભો રહેવું તેના કરતાં બહેતર છે સામેથી નીકળી જવા કરતાં ફાયદો. પણ જો નમાઝીની સામે એક હાથ બરાબર અથવા તેથી વધારે કોઇ ચીજ ઉભી હોય તો તે ચીજની સામેથી જવું દુરસ્ત છે.

જાણીને નમઝનું કજા કરવું,

(૨૩) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું જે માણસ નમાઝને મુંકી દે તે જયારે ખુદાની પાસે જશે તો તે ગુસ્સે થશે.

કરજે આપવું.

(૨૪) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યુ કે મેં શબે મેઅરાજની રાત) માં બ્હેશતના દરવાજા ઉપર લખેલું જોયું કે ખેરાતનો સવાબ દશ ગણો મળે છે. અને કરજ (ઉધાર) આપવાનો સવાબ અઢાર ગણો

ગરીબ કરજદારને મોહલત (તક) આપવી.

(૨૫) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું જયાં સુધી કરજ અદા કરવાના વાયદાને વખત ન આવ્યો હોય ત્યાં સુધી જો કોઇ ગરીબને તક આપે તો તેને દરરોજ એવો સવાબ મળે છે કે જાણે તેટલા રૂપિઆ ખેરાત આપી દીધા. અને જ્યારે તેનો વખત આવી જાય અને પછી તક આપે તો દરરોજ એવો સવાબ મળેછે કે જાણે તેટલા રૂપિઆથી બમણા રૂપિઆ રોજના ખેરાત આપ્યા હોય.

કુરઆન પઢવું.

[૨૬] રસુલુલ્લાહે [સ૦ અ૦ વ૦] ફરમાવ્યું જે માણસ કુરઆનનો એક હરફ (અક્ષર) પઢે છે તેને એક હરફ પર એક નેકી મળે છે. અને નેકીનો કાયદો છે કે તેને બદલે દસગણું મળે છે. અને હું (અલિફલામ, મીમ,) ને એક હરફ નથી કહેતો. પણ અલિફ એક હરફ છે. લામ એક હરફ છે. અને મીમ એક હરફ છે. ફાયદો એ હિસાબે ત્રણ હરફની ત્રીસ નેકીયો મળશે.

પોતાનો જીવ અગર એલાદને કોસવું (શ્રાપવું.)

(૨૭) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું કે તમે પોતાને માટે બદદુઆ (શ્રાપ) કરો નહી અથવા પોતાની એલાદ માટે, કામકાજ કે (સેવા) ચાકરી કરનાર માટે, અને પોતાની માલમીલકત માટે પણ બદદુઆ કરો નહીં એવું ન થાય કે તમારો કોસવાની ઘડી કબુલીયતની હોય. કે તે વખતમાં ખુદાથી જે માગો તેજ કરીદે.

હરામ માલ કમાવવો અને તે વડે ખાવું પીવું

(૨૮) રસુલલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યુ જે ખુન અને માંસ હરામ માલથી વધ્યાં હશે તે બહેસ્તમાં જશે નહીં, તેને લાયક દોઝખજ છે. [૨૯] રસુલુલ્લાહે [સ૦અ૦વ૦] ફરમાવ્યું જે માણસ દશ દિરહમનું લુગડું ખરીદે અને તેમાં જો એક દિરહમ હરામનો હોય તો જ્યાં સુધી તે લુગડું તેનાશરીરપર રહેશે અલ્લાહ તઆલા તેની નમાઝ કબુલ કરશે નહીં.

ફાયદો એક દિરહમ (ચાંદીની) પાવલીથી કંઈક વધારે હોય છે.

ધોકો આપવો-છેતરવું.

(૩૦) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું જે માણસ અમારામાંથી ઠગાઈ ચલાવશે તે અમારામાંથી બહાર છે. ફાયદો ભલે પછી કોઇ ચીજ વેચવામાં ઠગાઇ કરે કે બીજા કોઇ પણ સબંધમાં કરે દરેક રીતે ખોટું છે.

કરજ કરવા વિષે.

(૩૧) રસુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું કે જે કોઇ માણસ મરી જાય અને તેને માથે કરજનું દીનાર દિર્હમ રહી ગયો હોય (રૂપિયા-પૈસા વિગેરે) તો તે દેવું મરનારની નેકયોથી વાળવામાં આવશે ત્યાં દીનાર દિર્હમ હશે નહીં.

ફાયદો (દીનાર સોનાનો સિકકો છે તે દસ દિર્હમનો થાય છે.

(૩૨) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું કરજ બે જાતનું હોય છે. જે માણસ મરી જાય તેની નૈયત જો દેવું આપવાનીજ હતી તો અલ્લાહ તઆલા ફરમાવે છે કે હું તેનો મદદગાર છું પણ જે મરનાર માણસની નૈયત દેવું આપવાની નહોતી તો તેની નેકીયોથી પતાવવામાં આવશે. અને ત્યાં દીનાર દિર્હમ કંઇ હશે નહીં. ફાયદો મદદગારની મતલબ એ છે કે હું તેનો બદલો વાળી દઇશ.

મકદુર (શકિત) હોવા છતાં કોઇનું હક મારવું.

[૩૩) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦] ફરમાવ્યું મકદૂર હોવા છતાં કોઇનો વાયદો કે ઢીલ કરવા ગુન્હો છે ફાયદો જેમકે કેટલાકની ટેવ હોય છે કે કરજ વાળીને અથવા જે મજુરી ચુકવવી હોય તેને જાણી જોઇને ધકકા ખવડાવે છે વાયદા કરે છે કે કાલે આવજે પરમ દહાડે આવજે. પોતાના દરેક જાતના ખરચ થયાં કરે છે પણ કોઇનો હક આપવામાં બેપરવાઇ કરે છે.

વ્યાજ આપવું લેવું.

(૩૪) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) વ્યાજ લેનાર અને વ્યાજ આપનારપર લાનત ફરમાવી છે.

કોઇની જમીન દબાવી લેવી.

(૩૫) રસુલુલ્લાહે [સ૦ અ૦ વ૦] ફરમાવ્યું જે માણસ વેંત જેટલીએ જમીન નાહક કોઇની દબાવશે તો તેના ગળામાં સાતે જમીનનો તોક [હાંસડી] નાખવામાં આવશે.

મજુરી તુરત આપી દેવી.

[૩૬] રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦] ફરમાવ્યું કે મજૂરને તેનો પરસેવો સુકાતા પહેલાં મજૂરી આપતા રહો. [૩૭] અલ્લાહ તઆલા ફરમાવે છે કે ત્રણ જાતના માણસોપર હું પોતે દાવો કરીશ. તેમાંનો એક આ માણસ પણ છે કે કોઇ મજૂરને કામે લગાડયો અને તેનાથી કામ પૂરું કરાવ્યું અને તેની મજૂરી આપી નહીં.

ઓલાદનું મરણું.

[૩૮] રસુલુલ્લાહે [સ૦ અ૦ વ૦] ફરમાવ્યું જે આદિદ ઓરત બન્ને મુસલમાન છે અને તેમના ત્રણ બચ્ચાં ગુજરી ગયાં અલ્લાહ તઆલા તે બન્નેને પોતાની દયા અને મહેરબાનીથી બહેશતમાં દાખલ કરશે. કેટલાકોએ પૂછ્યું ઓ રસુલુલ્લાહ [સ૦ અ૦ વ૦] જો બે બચ્ચાં ગુજરી ગયાં હોય તો કેમ ? ફરમાવ્યું કે બેથાએ એટલોજ સવાબ છે. પછી એકને માટે પૂછ્યું તો આપે એક માટે પણ તેજ ફરમાવ્યું. વળી આપે ફરમાવ્યું કે કસમ ખાઉં છું તે જાતે પાકની કે જેના કબજામાં મારો જાન [પ્રાણ] છે કે જે હમેલ પડી જાય છે તે પણ પોતાની માને નાળ પકડીને બહેશતમા ખેંચી જશે જ્યારે કે માની નેયત સવાબની હોય. ફાયદો એટલે સવાબનો ખ્યાલ કરીને સબર કર્યો હોય.

ગેર (પરાયા) મરદોની સામે ઓરતોનું અંતર લગાડવું.

[૩૯] રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦] ફરમાવ્યું જે ઓરત અત્તર (ખુસબો) લગાડીને [પરાયા] ગેર મરદોની પાસેથી જાય તો તે આવી આવી છે. એટલે બદકાર અને ભુંડી છે. ફાયદો. જ્યાં દીયર જેઠ બનેવી કે કાકાના છોકરા, મામાના છોકરા, ફોઇના છોકરા, માસીના છોકરાનું આવવું જવું થાય ત્યાં અત્તર લગાડે નહીં.

ઓરતનું બારીક (ઝીણું) લુગડું પેહેરવું.

[૪૦) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦] ફરમાવ્યું કેટલીક ઓરતો લુગડાં પહેરેલી દેખાય છે. પણ ખરૂં જોતાં તે નાગી છે. એવી ઓરતો બહેશતમાં જશે નહીં. અને તેની ખુશબો પણ સુંઘવા પામશે નહીં.

ઓરતોનું મરદો જેવો વેશ અને શિકળ બનાવવા વિષે.

(૪૧) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) એ ઓરત ઉપર લાનત ફરમાવી છે કે જે મરદો જેવો પેહેરવાશ પેહેરે ફાયદો આપણા મુલકમાં ઉભા જોડાં, અચકન, મરદોની રીત છે ઓરતે તે એવી ચીજનું પેહેરવું હરામ છે.

શાન (ભપકો–મોટાઇ) દેખાડવા લુગડું પહેરવું.

(૪૨) રસુલુલ્લાહે (સ૦ અ૦ વ૦) ફરમાવ્યું જે કોઈ દુનિયામાં નામના (દેખાડવા) ખાતર લુગડું પહેરે ખુદા તઆલા તેને કયામતમાં ઝિલ્લત [હલકાઇ) નો પહેરવાશ પેહેરાવીને પછી તેમાં દોઝખની આગ લગાડશે ફાયદો મતલબ કે જે આ નેતથી લુગડું પેહેરે કે મારી શાન (ભપકો) ખુબ દેખાવે બધાની નજર મારી ઉપર પડે. ઓરતોમાં એ રોગ (ટેવ) બહુ હોય છે.

કોઇની ઉપર જુલમ કરવો,

[૪૩] રસુલુલ્લાહે [સ૦ અ૦ વ૦] પોતાની પાસે બેઠેલાઓને પુછ્યું. કે તમે જાણો છો કંગાલ કોણ હોયછે તેમણે અરજ કરી કે અમારામાં કંગાળ તે કહેવાય છે કે જેની પાસે માલમતા હોય નહી. આપે ફરમાવ્યું કે મારી ઉમ્મતમાં બહુ કંગાળ તે છે કે કયામતને દહાડે નમાઝ રોજા ઝકાત બધું લઇને આવે પણ તે સાથે એવુ પણ હોય કે કોઇને બુરું કહ્યું હતું અને કોઇ પર તોહમત મુકયું હતું. કોઇનો માલ ખાઇ ગયો હતો, કોઇનું ખુન કર્યું હતું. અને કોઇને માર્યો હતો તો એની નેકીઓ કંઇક એકને તો કંઇક બીજાને મળી ગઇ હશે. અને એટલું છતાં જો કોઇનું બાકી નીકળ્યું અને નેકીઓ રહી તો તે હકદારોના ગુન્હા એ માણસને માથે નાંખવામાં આવશે. અને તેને દોઝખમાં ફેંકી દેવામાં આવશે.

દયા અને મહેરબાની કરવી.

[૪૪] રસુલુલ્લાહે [સ૦ અ૦ ૧૦] ફરમાવ્યું જે માણુસ દુનિયાના લોકો ઉપર દયા કરે નહી અલ્લાહ તઆલા તેના ઉપર રહેમ કરશે નહીં

બીજાઓને સારી વાત બતાવવી અને નઠારી વાત માટે મના કરવા વિષે.

(૪૫) રસુલુલ્લાહે (સ૦ અ૦ ૧૦) ફરમાવ્યું તમારામાંથા જે માણુસ શરેઅથી ઉલટી વાત જુએ તો તેના હાથથી બંધ કરે અને જો એટલી પણુ શકિત નહીં હોય તો જબાનથી અટકાવ કરે અને જો એટલી તાકાત ન હોય તો દિલથી બુરૂં સમજે. અને એમ દિલથી બુરૂ સમજવુ ઇમાનની છેલ્લી હદછે.

ફાયદો બીબીઓ પોતાના નોકર ચાકર અને બાળકોપર તમારો પૂરેપૂરો અખત્યાર છે. તેમને જોરાવરી નમાઝ પઢાવો. જો તેમની પાસે કંઇ કાગળની છબી કે ચીની કે માટીની પુતળી વગેરે વસ્તુ કે કપડાની ગુડી જુઓ, અથવા કોઇ નકામી (ખરાબ) કિતાબ જુઓ, તો તુરત ફાડી નાખો. તેમને એવી ચીજો માટે અથવા આતશબ જી માટે તથા પતંગ માટે કે દીવાળીની મીઠાઇનાં રમકડાં માટે પઇસા આપો નહી

મુસલમાનોના એબ છુપાવવી.

(૪૬) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જે માણુસ આપણા મુસલમાન ભાઇની એબ છીપાવશે તો અલ્લાહ તઆલા કયામતમાં તેની એબ છુપાવશે. અને જે શખ્સ મુસલમાનની એબ જાહેર કરશે તો અલ્લાહ તઆલા તેની એબ ઉઘાડશે તે એટલે સુધી કે કદી તે ઘરમાં બેઠેલો હશે અને તેને ફજીહત કરશે;

કોઇની હલકાઇ કે નુકસાનીમાં રાજી થવું.

(૪૭) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે મુસલમાનભાઇની મુસીબત જોઇ ખુશી થાઓ નહીં કેમકે અલ્લાહ તઆલા તેની ઉપર તો રહમ કરશે પણુ તમને તેમાં ફસાવી દેશે.

કોઇને કંઇ ગુન્હા માટે મેણું મારવું

(૪૮) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જે માણુસ પોતાના મુસલમાનભાઇને કંઇ ગુન્હા માટે શરમાવશે તો તે માણુસ પોતે પણુ જ્યાં સુધી તે ગુનાહ નહીં કરશે ત્યાં સુધી મરવાનો નથી **ફાયદો** એટલે જે ગુન્હાથી તેણે તોબાહ કરી લીધી હોય ફરી તે યાદ દેવડાવી તેને શરમીંદો કરવું બહુ ખોટું છે જો તોહાબ ન કરી હોય તો નસીહત આપવા માટે કહેવું દુરસ્ત છે. પણુ પોતે પોતાને પાક સમજીને અથવા તેને ફજીહત કરવા માટે કહેવું ફરીએ ખોટું છે

નાના નાના ગુન્હા કરવા વિષ.

(૪૯) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે ઓ આયશાહ નાના નાના ગુન્હાઓથી પણુ બચતાં રહો. કેમકે ખુદા તઆલાના તરફથી તેનો પણુ પકડ કરનાર મોજુદ છે **ફાયદો** એટલે ફ-રિશતો તેને પણુ લખે છે. પછી કયામતમાં હિસાબ થશે અને અજાબનો ડર છે.

મા બાપને રાજી રાખવું.

(૫૦) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે અલ્લાહ તઆલાની ખુશી માબાપની ખુશીમાં છે. અને અલ્લાહ તઆલાની નારાજી માબાપની નારાજીમાં છે.

સગાં સંબંધીઓથી અવિવેક કરવો

(૫૧) રસુલુલ્લાહે (સ.અ સ.) ફરમાવ્યું કે દરેક જુમઆની રાત્રે તમામ માણુસોનાં અમલ અને ઇબાદત દરગાહે ઇલાહીમાં રજુ થાય છે. જે માણુસ પોતાના સંબંધીઓ (ખેશીઓ)થી અવિવેક કરે છે, તેનાં કંઇ અમલ કબુલ થતાં નથી.

બાપ વગરના બાળકોનું પાળણું.

(૫૨) રસુલુલ્લાહે (સ.અ.સ.) ફરમાવ્યું કે હું અને જે માણુસ યતીમ (ના-બાપા)નો ખરચ પો-તાને માથે રાખે તો બ્હેશતમાં બન્ને એવા પાસે પાસે રહીશુ અને શહાદતની તથા વચલી આંગળીઓ ઉંચી કરી તે વચ્ચે થોડું અંતર (છેટું) રહેવા દીધું.

(૫૩) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જે માણસ યતીમને માથે હાથ ફેરવે અને ફક્ત અલ્લાહનેજ માટે ફેરવે તો તેનો હાથ જેટલા વાળો ઉપર ફર્યો હશે તેટલીજ નેકીયો તેને મળશે અને જે માણસ કે તેની પાસે રહેલા યતીમ છોકરો કે છોકરીપર ઉપકાર કરશે તો તે અને હું જન્નતમાં એવી રીતે પાસ પાસે રહીશું જેવી રીતે શહાદતની આંગળી અને વચલી આંગળી છે.

પાડોશીને ઇજા આપવા વિશે.

(૫૪) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જે માણસે પોતાના પાડોશીને તકલીફ આપી તેણે જાણે મને તકલીફ આપી. અને જેણે મને ઇજા આપી તેણે ખુદા તઆલાને ઇજા આપી. અને જે પાડોશીથી લડે એ જાણે મારી સાથે લડ્યો. અને જે મારી સાથે લડ્યો તે જાણે અલ્લાહ તઆલાથી લડ્યો. ફાયદો મતલબ કે વગર કારણે હલકી હલકી બાબતમાં તેની જોડે તકરાર કરવી કે તેને દુઃખ દેવું ખોટું છે.

મુસલમાનનું કામ કરી આપવું.

(૫૫) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જે માણસ આપણા મુસલમાન ભાઇના કામમાં હોય છે, અલ્લાહ તઆલા તેના કામમાં હોય છે.

શરમ અને બેશરમી

(૫૬) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે શરમ ઇમાનની વાત છે અને ઇમાન બહેસ્તમાં પહોંચાડે છે. અને બેશરમી બુરી ટેવની વાત છે અને બુરી ટેવ દોઝખમાં લઇ જાય છે. ફાયદો પણ દીનના કામમાં કદી શરમ કરવી નહીં, જેમકે શાદી અને સફરના વખતમાં ઘણી ઓરતો નમાઝ પઢતી નથી, એવી શરમ બેશરમીથી નઠારી છે.

ખુશ ખુલ્કી અને બદ ખુલ્કી.

સારા સ્વભાવ અને ખોટા સ્વભાવ વિષે

(૫૭) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે સારો સ્વભાવ ગુન્હાઓને એવી રીતે પિગલાવી દે છે, અને નઠારો સ્વભાવ ઇબાદતને એવી રીતે ખરાબ કરી દે છે કે જેમ સરકો મધને ખરાબ કરી દે છે.

(૫૮) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે તમો-માંથી મને વધારે વહાલો અને આખેરતમાં સર્વથી મારી નજીક રહેનારો તે માણસ છે કે જેની ખસલત સારી હોય, અને તમો સર્વમાંથી મને વધારે [illegible] અને આખેરતમાં સર્વમાં મારાથી દુર રહેનાર તે માણસ છે જેનો સ્વભાવ બુરો હોય.

નરમી અને સખ્તી.

(૫૯) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે બેશક અલ્લાહ તઆલા મહેરબાન છે અને નરમીને પસંદ કરે છે, અને નરમી ઉપર એટલી નેઅમતો આપે છે કે સખ્તીપર આપતો નથી. (૬૦) રસુલુલ્લાહે (સ૦અ૦) ફરમાવ્યું કે જે માણસ નરમીથી મહરૂમ (બેનસીબ) રહ્યો તે (ભલાઇ) ભલાઇમાંથી (બેનસીબ) રહ્યો.

કોઇના ઘરમાં ઝાંકવું.

(૬૧) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જ્યાં સુધી રજા લો નહીં કોઇના ઘરમાં ઝાંકીને જુઓ નહીં અને જો એવું કર્યું તો એમ ધારો કે અંદરજ ચાલ્યા ગયા. ફાયદો કેટલીક ઓરતોપર શયતાન (બુરાઇ) એવી સ્વાર થાય (માથે ચઢી બેસે) છે કે વર કન્યાને ઝાંખી ઝાંખીને જુએ છે, ઘણુંજ બેશરમી જેવું છે. બારીપર ઝાંખવામાં અને બારણું ઉઘાડી અંદર ચાલ્યા જવામાં કંઇ ફરક નથી આ મોટા ગુન્હાનું કામ છે.

કોઇની વાતોમાં કાન લગાડવા અથવા વાતો કરનાર પાસે જઇ ઘુસવું.

(૬૨) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જે માણસ કોઇની વાતો સાંભળવા કાન માંડે અને તે લોકો નાપસંદ કરે તો કયામતને દહાડે તેના બન્ને કાનોમાં સીસું રેડવામાં આવશે.

ગુસ્સો કરવો.

(૬૩) એક માણસે રસુલુલ્લાહ (સ૦અ૦સ૦)ને અરજ કરી કે મને કોઇ એવો અમલ બતાવો કે જે મને જન્નતમાં લઇ જાય, આપે ફરમાવ્યું કે ગુસ્સો કરવો નહીં. એટલે તારે માટે બહેશ્ત છે.

બોલવું મુકી દેવું.

(૬૭) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે મુસલમાનને પોતાના મુસલમાન ભાઇ સાથે ત્રણ દિવસથી વધારે બોલવું બંધ કરવું હલાલ નથી. અને જે ત્રણ દહાડાથી વધારે બોલવું છોડે અને એવીજ હાલતમાં મરી જાય તો તે દોઝખમાં જશે.*

કોઇને બે ઇમાન કહેવા કે શ્રાપ આપવા વિષે.

(૬૫) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જે માણસ પોતાના મુસલમાન ભાઇને કહે કે "ઓ કાફિર" તો એવો ગુન્હો છે જેવો કે તેને કતલ કરે.

(૬૬) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું મુસલમાનપર લાનત કરવી એવી છે કે જાણે તેને કતલ કર્યો. (૬૭) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જ્યારે કોઇ માણસ કોઇ વસ્તુ ઉપર લાનત કરે છે તો પહેલી તે લાનત આસમાન ઉપર ચઢે છે. આસમાનના દરવાજા બંધ કરી લેવામાં આવે છે. પછી તે જમીન તરફ ઉતરે છે તે પણ બંધ કરી લેવામાં આવે છે. પછી તે ડાબા જમણી ફરે છે. જ્યારે કંઇ ઠેકાણું મળતું નથી ત્યારે તેની પાસે જાય કે જેની ઉપર લાનત કરવામાં આવી છે. જો તે લાનતને લાયક હોય તો ઠીક–નહી તો લાનત મોકલનારપર પાછી આવી પડે છે. ફાયદો ઘણીક ઓરતોને એવી ટેવ હોય છે કે બધાપર ખુદાની માર ખુદાની ધિક્કાર કર્યા કરે છે કોઇને બેઇમાન કહે છે. એ મોટો ગુન્હો છે. ગમે તો માણસ કે જાનવર કે કોઇપણ ચીજ મ કે કહે.

કોઇ મુસલમાનને બીવડાવી દેવું.

(૬૮) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે કોઇ મુસલમાને બીજાને ડરાવવો હલાલ નથી.

(૬૯) વળી રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જે માણસ કોઇ મુસલમાનની તરફ નજર એવી રીતે જોય કે જેથી તે ડરી જાય તો અલ્લાહ તઆલા તેને કયામતમાં બીવડાવશે ફાયદો અને જો કોઇ ભુલ કે કસુર માટે તેમ કરવામાં આવે તો જરૂર જેટલું દુરસ્ત છે.

મુસલમાનનું બહાનું (ઉઝર) કબુલ રાખવું.

(૭૦) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જે માણસ મુસલમાનભાઇ આગળ કંઇ ઉઝર કરે અને તે તેના ઉઝરને કબુલ નહીં કરે તો એવો માણસ મારી પાસે હોઝપર આવવા પામશે નહીં.* ફાયદો એટલે તમારી જો કોઇ કસુર કરે તો માફ કરી દેવું જોઇએ.

ચુગલી (ચાડી) કરવી.

(૭૧) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે ચુગલખોર (ચાડી ખાનાર) જન્નતમાં જશે નહીં.

ગિબત (નિંદા) કરવી.

(૭૨) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જે માણસ દુનિયામાં મુસલમાનભાઇનું ગોશત [માંસ] ખાશે એટલે ગીબત કરશે તો અલ્લાહ તઆલા કયામતને દહાડે મુરદાર ગોશત તેની પાસે લાવશે અને તેને કહેવામાં આવશે જેમ તેં જીવતાને ખાધો હતો તેમ હવે મુવેલાને ખા. પછી તે શખ્સ તેને ખાશે અને નાક ભવાં ચઢાવતો જશે અને પોકારતો જશે. ×

---

* પણ જો કોઇ શરીઅત વિરૂધ ચાલતો હોય તેના તે કામેથી નારાજ થઇ તેની સાથે વાતચીત તજી દે તો તે આ કાયદામાં દાખલ નથી. મુ. મો.

* આ ફાયદો તે માણસ માટે છે કે જે પોતાની કસુર સમજી પસ્તાવો કરી માફી ચાહતો હોય પણ જો કોઇ કંબખ્તીથી એમ જાણે કે બેહયાપીની જેમ સફર કરી પોતાનું કોઇ કામ કાઢવા ઉઝર ખાલી કરે છે તેવા માણસના ઉઝર ખાલીને નહીં કબુલ રાખે મારી નહીં બખશે તે આ કાયદામાં નથી મુ. મો.

× ગીબત તેને કહે છે કે કોઇની એવી વાત તેની પીઠ પાછળ કોઇને કહે કે જો તે સાંભળે તો તેને ખોટું લાગે એ હૈસિયત નથી પણ કોઇ માણસ અમુક મુસલમાનની ખાતર પુછવાથી બદ ચાલની બુરાઇ કરે તો તે ગીબત કહેવામાં દાખલ નથી તેમજ એનો ગુનાહ પણ નથી એમ એ. રહેમાન

કોઇપર તોહમત મુકવું.

[૭૩] રસુલુલ્લાહે [સ૦ અ૦ સ૦] ફરમાવ્યું કે જે માણસ કોઇ મુસલમાનપર એવું તોહમત મૂકે કે જે તેમાં હોય નહીં અલ્લાહ તઆલા તેને દોઝખીઓના લોહી અને પીપ એકઠું થનારી જગ્યા રહેવા માટે આપશે તે એટલાં સુધી કે પોતે જે કહેલું છે તે માટે તોબાહ કરે અને તે મુકી દે.

ઓછું બોલવું.

(૭૪) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જે માણસ ચુપ રહેછે તે ઘણી આફતોથી બચે છે.

(૭૫) રસુલુલ્લાહે [સ૦ અ૦ સ૦) ફરમાવ્યુ. કે અલ્લાહના ઝિકર સિવાય બીજી વાતો વધારે કર્યા કરો નહીં; કેમકે અલ્લાહ તઆલાના ઝિકર સિવાયની બહુ વાતો દિલને સખત કરી નાંખે છે. અને લોકોમાંથી તે માણસ અલ્લાહ તઆલાથી વધારે દુર છે જેનું દિલ સખત છે.

પોતે પોતાને સૌથી ઓછા સમજવા વિષે.

(૭૬) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જે માણસ અલ્લાહને વાસ્તે તવાજોઅ (નર્મતાઇ) કરે છે અલ્લાહ તઆલા તેનો મરતબો વધારી દે છે. અને જે માણસ અભિમાન કરે છે અલ્લાહ તઆલા તેની ગરદન ભાંગે છે ફાયદો એટલે હલકો પાડે છે.

પોતે પોતાને બીજાઓથી મોટા સમજવું.

(૭૭) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે એવો માણસ જન્નતમાં જશે નહીં કે જેના દિલમાં રાઇના દાણા બરાબર પણ અભિમાન હશે.

સાચ અને જુઠ બોલવા વિષે.

(૭૮) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે તમે હંમેશા સાચું બોલ્યા કરો; કેમકે સાચ બોલવું નેકીનો રસ્તો બતાવે છે. અને સાચ તથા નેકી બન્ને જન્નતમાં લઇ જાય છે. અને જૂઠ બોલવાથી ડરતા રહો; કેમકે જૂઠ બોલવું બદી (બુરાઇ)નો રસ્તો દેખાડે છે અને જૂઠ તથા બદી દોઝખમાં લઇ જાય છે.

દરેકને મોઢે તેના જેવી વાત કરવી.

(૭૯) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જે માણસના બે મોં હશે કયામતને દહાડે તેને બે જીભ આગની થશે ફાયદો બે મોંની મતલબ આ છે કે એકને મોઢે તેના જેવી અને બીજાને મોઢે બીજાના જેવી વાત કહેવી.

અલ્લાહ સિવાય બીજાની કસમ સમ ખાવી.

[૮૦) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦] ફરમાવ્યુ કે જે માણસે અલ્લાહ સિવાય બીજા કોઇની કસમ ખાધી તેણે કુફર કર્યું. અથવા ફરમાવ્યું કે તેણે શિર્ક કર્યું. ફાયદો જેમ કે કેટલાંક માણસોની ટેવ હોય છે કે એવા કસમ ખાય છે જેમ કે "તારી જાન (પ્રાણ) ના સમ" "દીદાં (આંખો) ના સમ" મારા બચ્ચાંના સમ એ બધું મના છે. અને એક હદીસમાં છે કે જો કે કદી એવા કસમ મોઢેથી નીકળી જાયે તો તુરત કલેમો પઢી લે.

એવા કસમ ખાવા કે હું જો જુઠ બોલું તો ઇમાન નસીબ ન થાય.

(૮૧) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જે માણસ એમ કસમ ખાય કે "મને ઇમાન નસીબ ન થાય" તો જો તે જૂઠો હશે ત્યારે તો જેવી રીતે તેણે કહ્યું તેવીજ રીતે થઇ જશે પણ જો સાચો હશે તોએ ઇમાન પૂરો રહેશે નહીં. ફાયદો તેમજ એમ કહેવું કે "કલેમો નસીબ ન થાય" અથવા "દોઝખ નસીબ થાય" એ બધી કસમો મનાછે એ ટેવ મૂકી દેવી.

રસ્તામાંથી એવી ચીજનું ખસેડી મૂકવું જેના પડી રહેવાથી ચાલનારને ઇજા પહોંચે

(૮૨) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે એક માણસે રસ્તે જતાં કાંટાવાળી ડાળી પડેલી જોઇ તેણે તે ડાળીને રસ્તામાંથી બાજુએ મૂકી દીધી. અલ્લાહ તઆલાએ એ અમલની ભારે કદર કરી અને તેને બખશી દીધો. ફાયદો એથી જણાય છે કે એવી વસ્તુ રસ્તામાં નાંખવી બહુ ખોટી વાત છે. કેટલીક બદ તમીઝ ઓરતોની ટેવ હોય છે કે આંગણાંમાં પીઢી (ચોકી) બિછાવી બેઠી હોય છે. પછી પોતે તો ઉઠી જાય છે અને પીઢી ત્યાંજ પડતી મૂકી દે છે. તેથી કેટલીક વાર ચાલનાર તેમાં અથડાઇ પડી જાય છે. અને મોં કે હાથ ભાગે છે. એવીજ રીતે રસ્તામાં કાંઇ વાસણ, ખાટલો કે લાકડું કે સિલ (મસાલો પીસવાનો પથ્થર) પડયાં મૂકવા સર્વ ખોટું છે.

વાયદો અને અમાનત પુરાં કરવાં.

(૮૩) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જેનામાં અમાનત (દયાનતદારી) નથી તેમાં ઇમાન નથી અને જેણે કરારનો ખ્યાલ કીધો નથી તેમાં દીન નથી.

કોઇ પંડીત કે ફાલ બોલનાર કે હાથ જોનાર પાસે જવું.

(૮૪) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું જે માણસ ગેબ (છુપી વાત)ની વાતો બતાવનારની પાસે જાય અને કંઇ પૂછે અને તેને સાચ માને * તેની ચાલીશ દિવસની નમાઝ કબુલ થશે નહીં ફાયદો એવીજ રીતે જો કોઇ પર જીન ભૂતનો શક આવે છે તો કેટલીક ઓરતો તે જીનથી પૂછે છે કે મારા મિયાંને નોકરી ક્યારે મળશે મારો છોકરો ક્યારે આવશે. એ સર્વે ગુન્હાની વાતો છે

* પણ જો મસકરીની રૂએ અથવા તેને જુઠો પાડવા પૂછે તે આ કાયદામાં નથી ગુ૦ મો૦

કુતરૂં પાળવું કે તસ્વીર (છબી) રાખવી.

(૮૫) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જે ઘરમાં કુતરૂં કે તસવીર હોય છે, તેમાં ફરિશતા આવતા નથી. બચ્ચાંઓનાં રમકડાં જે છબીવાળાં હોય તે પણ મના છે.

લાચારી વગર ઊંધા પડી ઊંઘવું,

(૮૬) એક શખ્સ ઊંધો સુતો હતો તેની પાસેથી રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦) ગયા આપે પોતાના પગ વડે તેને ઇશારો કરી ફરમાવ્યું કે એવી રીતે ઊંઘવાને ખુદા તઆલા પસંદ કરતો નથી.

કંઇક તડકો અને છાંયડો પણ હોય એવી જગાએ ઊંઘવા કે બેસવા વિષે.

(૮૭) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) એવી રીતે બેસવા મના ફરમાવ્યું છે કે કંઇક છાંયો અને કંઇક તડકો હોય.

અપશુકન અને ટોટકો.

(૮૮) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે અપશુકન શિર્ક છે. (૮૯) અને રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે ટોટકો પણ શિર્ક છે

દુન્યાનો લોભ નહીં કરવા વિષે.

(૯૦) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું દુનિયાનો લોભ નહીં કરવાથી દિલને પણ ચેન રહે છે. અને બદનને પણ આરામ મળે છે. (૯૧) રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જો ઘણીએક બકરીઓમાં બે ભુખી વરૂ છોડી મુકવામાં આવે કે જે ખૂબ ચીરી ફાડી ખાક કરી

બીમારીએ એટલા જરૂરાતી (તકલીફી) નથી હોતી કે જે માણસના દીનને નૈસાનના લોભે અને નાખનાં બોનારતી ફીકરતે સાથે થાય છે.

મોતને યાદ રાખવું અને ઘણા દુ-હાડાને માટે ખીદમતનો વિચાર કરવો અને નેક કામને માટે વખતને ગનીમત સમજવા વિષે.

[૯૨] રસુલુલ્લાહે [સ૦ અ૦ સ૦] ફરમાવ્યું કે તે ચીજને બહુ યાદ કરતા રહો જે બધી લજ્જતો [મજા] ને કાપી નાખશે. એટલે મોતને

[૯૩] રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું જ્યારે સવારનો વખત તમારી ઉપર આવે તો સાંજને માટે કંઈ વિચાર કરો નહીં. અને જ્યારે રાતનો વખત તમારી ઉપર આવે તો સવાર માટે વિચાર કર્યા કરો નહીં. અને બીમારી આવતા પહેલાં આપણી તનદુરસ્તીથી કંઈ ફાયદો ઉઠાવો. અને મરતા પહેલાં આપણી જીંદગીથી કંઈ કુંજ ઉઠાવો. ફાયદો મતલબ કે તનદુરસ્તી અને જીંદગીને ગનીમત સમજો, અને નેક કામમાં તેને વાપરો-નહીં તો બીમારી અને મોતમાં ફરી કંઈ થઈ શકશે નહી.

બલા અને મુસીબતમાં સબર કરવા.

(૯૪) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે મુસલમાનને જે દુઃખ મુસીબત, બીમારી દિલગીરી થાય છે એટલે સુધી કે કંઈ ફિકરમાં થોડી પરેશાની થાય છે, એ બધામાં અલ્લાહ તઆલા તેના ગુનાહ માફ કરે છે

બીમારની ખબર લેવી.

(૯૫) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે એક મુસલમાન બીજા મુસલમાનની બીમાર પુરસી (તેને જોવા જવું) સવારના વખતે કરે તો સાંજ સુધી સિત્તેર હજાર ફિરિશતા તેને માટે દુઆ કરે છે. અને જો સાંજે કરે તો સવાર સુધી સિત્તેર હજાર ફિરિશતા દુઆ કરે છે.

મુરદાને નવડાવવું અને કફન આપવું તથા ઘરવાળાંને તસલ્લી (ધીરજ) આપવા વિષે

(૯૬) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જે માણસ મુરદાને ગુસલ આપે (નવડાવે) તો ગુનાહોથી એવો પાક થઈ જાય છે કે જાણે આને તેની મા એ હમણાં જણ્યો હોય. અને જે કોઈ મુરદાને કફન પહેરાવે અલ્લાહ તઆલા તેને જન્નતમાં જોડો (રૂમાલની જોડ પોશાક) પહેરાવશે. અને જે કોઈ ગમઝદાહ (બહુ દિલગીર) ને તસલ્લી + (ધીરજ) આપે અલ્લાહ તઆલા તેને પરહેજગારીનો પોશાક પહેરાવશે. અને તેની રૂહ (આત્મા) પર રહમત મોકલશે. અને જે માણસ દુઃખિયા બચ્ચાને (દુઃખીને) ધીરજ આપે અલ્લાહ તઆલા તેને જન્નતના પોશાકોમાંથી એવા પોશાકો પહેરાવશે કે જેની કીંમતની બરાબરી આખી દુનિયાની દોલત પણ કરી શકે નહીં.

બુમો પાડી અને વિલાપ કરીને રડવા વિષે

(૯૭) રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) વિલાપ કરીને રડનારી ઓરતોપર અને જે સાંભળવામાં શામેલ થાય તે ઉપર લાનત ફરમાવી છે. ફાયદો બીબીઓ ખુદાને વાસ્તે એને મૂકી દો.

+ તસલ્લી અને દિલાસો (તાઝીયત)ની મુદ્દત ત્રણ દિવસ છે તે પછી મકરૂહ છે પણ દૂરનો માણસ ખબર પડેથી દિલાસા પત્ર મોકલે કે આવે તો કશી અડચણ નથી. પણ ગામવાળા ગમજદહને નવી શેતાનીવાળાઓની જેમ ૧૫-૨૦ દિવસે જલસો કરી દિલાસો આપવા જાય છે અથવા દિલાસા પત્ર લખે છે તે હરામ છે. કારણ કે એમાં ફિરાની મોટાબહુત થાય છે તથા દિલગીરીવાળા માણસોને નવેસરથી ગમમાં નાખે છે, અને પોતાની જહાલત પ્રગટ કરે છે. સ૦ મો૦

યતીમ (બાપ વગરનાં બચ્ચાં)નો માલ ખાવા વિષે.

(૯૮) રસુલુલ્લાહે (સ૦ અ૦ સલ્લમ) ફરમાવ્યું કે કયામતમાં કેટલાક માણસ કબરમાંથી એવી રીતે ઉઠશે કે તેમના મોઢામાંથી આગના ભડકા નીકળતા હશે. કોઈએ આપને પુછ્યું કે યા રસુલલ્લાહ [સ૦ અ૦ સ૦] તે કોણ હશે? આપે ફરમાવ્યું તમને ખબર નથી? અલ્લાહ તઆલાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે જે લોકો યતીમનો માલ નાહક ખાય છે તે લોકો પોતાના પેટમાં અંગાર ભરી રહ્યા છે. ફાયદો: નાહકની મતલબ એ છે કે તે માલ ખાવાનો કે તેમાંથી લેવાનો શરેઅ મુજબ તેઓને કંઈ હક પહોંચતો નથી, બીબીઓ ડરતી રહો. હિંદુસ્તાનમાં એવો ખોટો રિવાજ છે કે જ્યા કોઈ ખાવિંદ ન્હાનાં ન્હાનાં બચ્ચાં મુકી મરી ગયો બધા માલપર બેવાઓ (વિધવાઓ) કબજો કરી લે છે. પછી તેમાંથીજ મેહમાનો (પ્રોણાનો) ખરચ મસજીદોનું તેલ મુસલ્લીઓનું ખાવાનું બધુંજ કરે છે. જો કે તેમાં તે યતીમોનો હક છે અને બધું ખરચ ભાગમાં સમજે છે. એવીજ રીતે હમેશના ખરચમાં પણ થાય છે. અને ફરી તે બચ્ચાંની શાદી વગેરેમાં જેવી રીતે પોતાની મરજીમાં આવે છે તેમ ખરચે છે. શરેઅથી જાણે કંઈ મતલબજ નથી. એવી રીતે ભાગીયા મળીને ખરચવે મોટો ગુન્હો છે * તેમનો ભાગ જુદો મુકી દે

* જેવી રીતે એ ખરચવું મોટો ગુન્હો છે. તેવીજ રીતે તે ખરચનારી કંઈ કાર * મણવાર કરે તેમાં ખાવા જેવું હરામ છે. આ મસલો ખાસ [illegible] માટે નથી પણ દરેક મુસલમાન માટે છે [illegible] ખરચમાં પોતાના હિસ્સાથી ખાય તેને [illegible] છે કે [illegible] ખાવાના કરે કે [illegible] નથી કે તેવીનાર વિશે પુછ [illegible] નહી [illegible] તથા લોકો ગુનાહમાં જવાની તેમાંથી બચે. મુ૦ મો૦

અને તેમાંથી ખાસ તેમનુંજ ખરચ જે કંઈ જરૂરનું હોય તે કરો. અને મેહમાનદારી કે ખેરખેરાત કરવી હોય તો પોતાના ખાસ ભાગમાંથી કરો, તે પણ જો શરેઅથી હદ્દ ને હોય તો—નહીં તો પોતાના ભાગમાંથી પણ તેમ કરવું દુરસ્ત નથી. ખુબ યાદ રાખો—નહીં તો મરવાની સાથેજ આંખો ઉઘડી જશે

કયામતના દિવસનો હિસાબ કિતાબ.

(૯૯) રસુલલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે કયામતને દિવસે કોઈ માણસ પોતાની જગ્યાએથી હઠવા પામશે નહીં જ્યાં સુધી કે તેને ચાર [બાબતો] પુછવામાં આવશે નહીં. એક તો એ કે ઉમર કયાં ખોઈ પુરી કરી. બીજી એ કે જે ઈલમ જાણ્યા તે ઉપર શો અમલ કર્યો. ત્રીજી માલ કયાંથી કમાયો અને કયાં ખરચ્યો. ચોથી પોતાની જાતને [બદનને] કઈ બાબતમાં ખુટાડી. મતલબ કે બધાં કામો શરેઅ મુજબ કર્યાં હતાં કે અરઝ મુજબ (મનની મરજી મુજબ.)

(૧૦૦) અને રસુલલ્લાહે [સ૦ અ૦ સ૦] ફરમાવ્યું કે કયામતમાં બધા હકો અદા કરવા પડશે એટલે સુધી કે શીંગડાંવાળી બકરીથી વગર શીંગડાંવાળી બકરીને ખાતર બદલો લેવામાં આવશે. ફાયદો જો તેણે નાહક શીંગડું માર્યું હશે તો તેનાથી બદલો વાળવામાં આવશે.

બહેસ્ત દોઝખનું યાદ રાખવું.

(૧૦૧) રસુલલ્લાહે (સ૦ અ૦ સ૦) ખુતબામાં ફરમાવ્યું કે બે ચીજો બહુ મોટી છે તેને ભુલવી નહીં એટલે જન્નત અને દોઝખ પછી એ ફરમાવી આપ બહુ રડ્યા એટલે સુધી કે આંસુઓથી આપની રીશ (દાઢી) મુબારક ભીંજી ગઈ. પછી ફરમાવ્યું કે કસમ છે તે પાક જાતના કે જેના કબજામાં મારો પ્રાણ છે. આખેરતની વાતો જે કંઈ કે હું જાણું

શું જો તમોને તે માલુમ પડી જાય તો જંગલોમાં નાસી જઇ પોતાના માથાઓમાં ધુળ (ખાક) નાંખતા ફરો. ફાયદો બીબાયો આ ૧૦૧ હદીસો છે અને કેટલીક જગ્યાએ બીજી પણ હદીસો આ કિતાબમાં આવેલી છે. હમારા હજરત પૈગમ્બરે (સ૦અ૦સ૦) ફરમાવ્યું છે કે જે શખ્સ ચાલીસ હદીસો યાદ કરી મારી ઉમ્મતને પહોંચાડે તો તે કયામતને દહાડે આલિમો સાથે ઉઠશે. તો હિમ્મત કરો આ હદીસ બીજીઓને પણ સંભળાવતી રહો. ઇન્શાઅલ્લાહ તઆલા તમે પણ કયામતમાં આલિમોની સાથે (એદરજામાં) ઉઠશો. કેટલી બધી નેઅમત કેવી સહેલાઇથી મળે છે.

કયામતની થોડીક હકીકત અને તેની નિશાનીઓનું વર્ણન

કયામતની નાની નિશાનીઓ રસુલુલ્લાહ (સ૦અ૦સ૦)ની ફરમાવેલી હદીસમાં આ આવેલી છે.

લોકો ખુદાઇ માલને પોતાની મિલકત સમજવા લાગશે.* જકાતને દંડની પેઠે ભારે સમજશે. અમાનતને પોતાનો માલ સમજે. મરદ બીબીની તાબેદારી કરે અને માના હુકમને માને નહીં. બાપને પરાયો સમજે અને દોસ્તને પોતાનો સમજે. દીનનો ઇલ્મ દુનિયા કમાવવા માટે હાસિલ કરે. સરદારી અને હકુમત એવાંને મળે કે બધામાં નકામો હોય એટલે બદજાત લોભી અને અવિવેકી હોય, અને તે જે કામને લાયક ન હોય તે તેને સોંપવામાં આવે. લોકો જુલમીઓની ઇજ્જત કરે મોટાઇ આપે અને ખાતર કરે એવા ડરથી કે એ અમને ઇજા પહોંચાડે નહીં. શરાબ (દારૂ) ખુલ્લે ચોક પીવામાં આવવા લાગે. નાચનારી અને ગાનારી ઓરતોનો રિવાજ થઇ જાય. અને ઢોલક સારંગી તબલા અને એવી ચીજો ઘણે ભાગે થઇ જાય. પાછલા લોકો ઉમ્મતના પહેલાંના બુઝરગોને ભલું ભુંડું કહેવા લાગે. રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦) ફરમાવે છે કે એવા એવા અજાબોની વાટ જોતા રહો કે લાલ આંધી (વંટોળીયું) આવે અને કેટલાક લોકો જમીનમાં ધસી જાય અને આકાશમાંથી પથરાંનો વરસાદ વરસે અને સુરતો (મોઢાંનું રૂપ ઘાટ) બદલાઇ જાય. એટલે માણસ સુવ્વર (ભુંડ) કુતરા જેવા સિકલમાં થઇ જાય. અને ઘણી એક આફતો અવરનવર જલદી જલદી આવવા લાગે જેમ ઘણાં દાણાં એક દોરામાં પરોવી રાખ્યા હોય અને તે દોરો તુટી જાય અને તેથી બધા દાણાં તળે ઉપરથી ઝટઝટ ખરી પડવા એ નિશાનીયો પણ આવી છે કે દીનનો ઇલમ ઓછો થઇ જવા માંડે. અને જૂઠ બોલવાને હુનર સમજવા લાગે. અમાનતનો ખ્યાલ લોકોના દિલોમાંથી જતો રહે. શરમ હયા જતાં રહે. અને બધી બાજુએ કાફિરોનું જોર થઇ જાય અને જૂદા જૂદા તરીકા નીકળવા લાગે. જ્યારે એ બધી નિશાનીયો થઇ રહે તો બધે (ખ્રિસ્તિઓ)ની રાજ સત્તા થઇ જાય. અને તેજ જમાનામાં શામ (સીરિયા)ના મુલકમાં એક અબુ સુફયાનની ઓલાદમાંથી એવો પેદા થાય જે ઘણાં સૈયદોનાં ખૂન કરે. અને શામ તથા મિસરમાં તેની હકુમત ચાલવા માંડે. તેજ વખતમાં રૂમના મુસલમાન બાદશાહની નસારાની એક જમાત સાથે લડાઇ થાય અને નસારાના એક ટોળાની જોડે સલાહ થઇ જાય દુશ્મનોની ટોળી કાન્સટન્ટીનોપલ ઉપર ચઢાઇ કરી તે રાજધાનીનું શહેર જીતી પોતાનો અમલ શરૂ કરે. અને રૂમનો બાદશાહ પોતાનો

---

* વકફનો માલ પણ ખોદાઈ માલ છે એનાથી ખરી રીતે બચવું જોઈએ. ઘણા લોકો અને ખાસ કરીને સજ્જાદા તથા ગાદી નશીનો એને પોતાનો માલ સમજે છે, અને તેને પોતાની મોજ મજામાં ઉડાવે છે શી બાબત માટે વકફ થયું છે ક્યાં ખરચવું જોઇએ તેનું તેઓને જરાએ ભાન નથી ઇલમની તરક્કી માટે લોકો ચંદો ફાળો કરવાની કોશીશ કરે છે પણ રાંદેર સુરત અને નવસારીના ગાદી નશીનો મોતવલ્લીઓ પોતાના કબજાના વકફથી ચાહે તો ઘણું કામ થઈ શકે છે ગુ૦ મો૦

મુલ્ક છોડી શામના મુલકમાં જતો રહે. અને નસારાની જે ટોળી જોડે સલાહ અને મેલ થયો હતો તે ટોળીને પોતાની સાથે મેળવી તે દુશ્મન ટોળા સાથ ભારે લડાઇ થઇ મુસલમાનોની જીત થશે. અને એક દિવસે એકાએક જે નસારાઓ મળેલા છે તેમનો એક માણસ એક મુસલમાનની સામે કહેશે કે અમેરા સલીબ (ક્રોસ) ની બરકતથી ફતેહ થઇ અને મુસલમાન તેના જવાબમાં કહેશે—નાહીં— અમારા ઇસલામની બરકતથી ફતેહ થઇ. એમાં વાત વધી જશે એટલે સુધી કે છેવટે બન્ને પોતપોતાની કોમના માણસોને બોલાવી ભેગા કરશે અને નસારા તથા મુસલમાનોમાં ભારે લડાઈ ચાલશે અને તેમાં ઇસ્લામીઓનો બાદશાહ શહીદ થઈ જશે અને આ નસારાઓ-દુશમન નસારાની જમાત જોડે સલાહ કરી લેશે અને બાકી રહેલા મુસલમાનો મદીને શરીફ જાતા રહેશે. અને ખૈબરની પાસે સુધી નસારાઓનો અમલ થઈ જશે. તે વખતે મુસલમાનોને ફિકર પડશે કે મેહદી અલેહિસ્સલામની તજવીજ કરવી જોઇએ કે જેથી કરી આ મુસીબતોમાંથી છુટકો થાય. તે વખતે હજરત મેહદી (અ૦ સ૦) મદીના મુનવ્વરામાં હશે અને એવા ડરથી કે કંઇ હકુમતને લીને મને વળગશે માટે મદીના મુનવ્વરાથી મક્કા મોઅઝ્ઝમાહમાં ચાલ્યા જશે. અને એ જમાનાના વલી અને જે અબદાલનો દરજ્જો રાખતા હશે તે બધા હજરત ઇમામ મેહદીની તજવીજમાં હશે. અને કેટલાક લોક જૂઠા દાવા કરશે કે અમે ઇમામ મેહદી છીએ. મતલબ કે હજરત ઇમામ-ખાનએ કઅબાહનો તવાફ કરતા હશે, અને હજરે અસવદ અને મુકામે ઇબ્રાહીમની વચમાં હશે, કે કેટલાક નેક લોકો તેમને ઓળખી જશે અને જોરાવરી તેમને લેઇ કરીને તેમને હાકિમ બનાવવાની બેઅત કરશે અને તેજ બેઅત વખતે એક આકાશવાણી થશે કે જેઓ ત્યાં હાજર હશે તેઓ સાંભળશે તે વાણી (ગેબી અવાજ) આ કે અલ્લાહ તઆલાનો ખલીફા એટલે હાકિમ બનાવેલા ઇમામ મેહદી આ છે. અને હજરત ઇમામના જાહેર થવાથી મોટી નિશાનીઓ કયામતની શરૂ થાય છે. મતલબ કે જ્યારે આપની બેઅતની વાત શરૂ થશે તો જે ફોજો મુસલમાનોની મદીના મુનવ્વરામાં હશે તે મક્કા મોઅઝ્ઝમાહમાં આવતી રહેશે. શામ ઇરાક અને યમનના અવલિયા અને અબદાલ બધા આપની સેવામાં આવી હાજર થશે. બીજા પણ અરબની ઘણી ફોજો એકઠી થઈ જશે. જ્યારે એ ખબર મુસલમાનોમાં મશહુર થશે ત્યારે એક માણસ ખુરાસાનથી હજરત ઇમામ (અ૦ સા૦) ની મદદ માટે એક મોટી ફોજ લઇ નીકળશે જેના લશ્કરની આગળ ચાલનાર સરદારનું નામ મન્સુર હશે, રસ્તે આવતાં ઘણાંએક બદદીનો (ધર્મ વિરોધી) ની સફાઈ કરતો આવશે અને જે માણસનું વર્ણન ઉપર આવ્યું છે કે તેનું સુફયાનની ઓલાદમાં હશે, જે સૈયદોનો દુશમન હશે, જો કે હજરત ઇમામ (અ૦ સ૦) પણ સૈયદ હશે માટે તે માણસ હજરત ઇમામ સામે લડવા માટે એક ફોજ મોકલશે જ્યારે એ ફોજ મક્કા મદીનાના જંગલમાં પહોંચશે, અને એક પહાડની તળેટીમાં ઉતરશે ત્યાં બધી ફોજ જમીનમાં દટાઇ જશે, ફક્ત બે માણસજ બચવા પામશે, જેમાંનો એક તો હજરત ઇમામ (૨૦ અ૦) ને ખબર આપવા આવશે અને બીજો તે સુફયાનીને ખબર આપવા જશે અને નસારાઓ બધી તરફથી ફોજ એકઠી કરશે, અને મુસલમાનો જોડે લડવાની તૈયારી કરશે, તે લશ્કરમાં તે દિવસે એંશી ઝંડા હશે એટલે કુલ નવ લાખ સાઠ હજાર માણસ હશે, હજરત ઇમામ મક્કેથી મદીને ફોજ લઇ જશે, ત્યાં રસુલુલ્લાહ (સા૦ અ૦ મ૦) ના મઝાર શરીફની જયારત કરી શામના મુલકમાં રવાના થશે. અને દમીશક સુધી

પહોંચશે, એટલે બીજી તરફથી નસારાઓની ફોજ મુકાબલામાં આવી પહોંચશે, હજરત ઇમામ (રઝ અ૦) ની ફોજના ત્રણ ભાગ પડી જશે, એક ભાગ નાશી જશે અને એક ભાગ શહીદ થઇ જશે અને એક ભાગ રહેશે તેમની ફતેહ થશે, એ શહાદત અને ફતેહનો કિસ્સો એ થશે કે હજરત ઇમામ (ર૦ અ૦) નસારાઓ સાથે લડવાને લશકર તૈયાર કરશે. અને ઘણીએક મુસલમાન હડવાને અંદર અંદર કસમ ખાશે કે ફતેહ કર્યા સીવાય હટીશું નહીં. છેવટે બધા માણસો શહીદ થઇ જશે. ફક્ત થોડાજ માણસો બચવા પામશે જેમને લઈ હજરત ઇમામ (ર૦ અ૦) પોતાના લશકરમાં પાછા આવતા રહેશે બીજે દિવસે પણ આગલા દિવસ મુજબજ થશે. એટલે કસમ ખાઇને જસે અને થોડા બચીને આવસે ત્રીજે દીવસે પણ એમજ થશે. છેવટે ચોથે દિવસે થોડા માણસો મુકાબલો કરશે. અલ્લાહ તઆલા ફતેહ આપશે. પછી કાફિરોના મગજમાં હકુમતની [illegible] રહેશે નહીં હવે હજરત ઇમામ (ર૦ અ૦) મુલકનો બંદોબસ્ત કરવા શરૂ કરશે અને બધી તરફ ફોજ રવાના કરશે અને પોતે એ બધા કામોથી પરવારી કોન્સ્ટન્ટીનોપલ ફતેહ કરવા જશે ત્યારે રૂમના દરિયા કિનારા ઉપર પહોંચશે ત્યારે બનુ ઇસ્હાકના ૭૦ હજાર માણસોને બોટમાં બેસાડી તે શહેરને જીતવાની તજવીજ કરશે. જયારે એ લોકો શહેરનાં કોટ આગળ પહોંચશે અલ્લાહો અકબર અલ્લાહો અકબર જોરથી પુકારશે એ નામની બરકતથી શહેર પનાહ (કોટ) ની સામેની દિવાલ લાંગી પડી જશે. અને મુસલમાનો હુમલો કરી અંદરમાં દાખલ થશે. અને કાફિરોને કતલ કરશે. અને સારી પેઠે કાયદા અને ઇન્સાફથી મુલકનો બંદોબસ્ત કરશે. હજરત ઇમામ [ર૦ અ૦] થી એ અત થઇ હતી ત્યારથી તે આજ સુધી ૭ કે સાત વર્ષની મુદત થશે હજરત ઇમામ (ર૦ અ૦) અહીંયાં બંદોબસ્તમાં લાગેલા હશે કે એવામાં એક જૂઠી ખબર ઉડશે કે અહીં શું બેઠા છો ત્યાં શામમાં દજ્જાલ આવી ગયો અને તમારા ખાનદાનમાં ઝઘડા ફિસાદ ચલાવી રહ્યો છે, એ ઉપરથી હજરત ઇમામ (ર૦ અ૦) શામ તરફ સફર કરસે અને ખરૂં ખોટું જાણવા માટે પાંચ કે નવ સવારોને આગલ મોકલશે, તેમાંથી એક જણ આવી ખબર આપશે કે એ ખબર તદ્દન ખોટી છે, હજુ દજ્જાલ નીકળ્યો નથી જેથી હજરત ઇમામ (ર૦ અ૦) ને નિરાંત થઈ જશે અને પછી સફર જલદી કરશે નહીં નિરાંતે અંદરના મુલકોનો બંદોબસ્ત જોતાં જોતાં શામમાં પહોંચશે, અહીંઆ થોડાજ દિવસ થશે એટલામાં દજ્જાલ પણ નીકળી પડશે, અને દજ્જાલ યહુદીઓની જાતમાનો હશે, પહેલાં તે શામ અને ઇરાકની અંદરથી નીકળશે અને નબુવ્વતનો દાવા કરશે, પછી ઇસ્ફહાનમાં પહોંચશે, ત્યાંના ૭૦ હજાર યહુદીઓ તેના સાથે થશે, અને ખુદાઇ દાવો શરૂ કરશે, એવી રીતે ઘણાં મુલકોમાં થઇ યમનની હદ આગળ આવી પહોંચશે અને દરેક જગાએથી ઘણાં એક બદદીન લોકો સાથે થશે, એટલે સુધી કે મકકા મોઅઝઝમહની પાસે આવી થોભશે પણ ફરિશતાઓની સંભાળને લીધે શહેરની અંદર જવા પામશે નહીં, પછી ત્યાંથી મદીનાને ઇરાદો કરશે પણ ત્યાંએ ફરિસ્તાઓનો પહેરો હોવાને લીધે અંદર જવા પામશે નહીં, પણ મદીનામાં ત્રણ વાર ધરતીકંપ થશે અને જેટલા દીનમાં આળસુ અને કમજોર હશે તે બધા ધરતીકંપથી શહેર બહાર નીકળી જશે અને દજ્જાલની જાળમાં ફસાઇ જશે, તે વખતે મદીનામાં કોઇ બુઝુરગ હશે, તે દજ્જાલથી ખુબ વાદવીવાદ ચલાવશે દજ્જાલ ગુસ્સે થઈ તેમને કતલ કરી નાંખશે અને પછી જીવતા કરી પાછો પુછસે કે કેમ હવે મારૂં ખુદા હોવું માનો છો કે નહીં ? તેઓ ફરમાવશે કે હવે ઉલટી પાકી ખાત્રી થઇ ગઇ કે તું દજ્જાલજ છે, પછી તે તેમને મારવા ઇચ્છશે

તેમની ઉપર કોઇ ચીજ અસર કરશે નહીં ત્યાંથી દજ્જાલ શામના મુલકમાં રવાના થશે, જ્યારે દમિશ્કની આગળ પહોંચશે કે જ્યાં હજરત ઇમામ (રઝી અ૦) પહેલાંથી આવી પહોંચ્યા હશે અને લડાઇની તૈયારીના કામમાં હશે કે એટલામાં અસરનો વખત થશે અને મોઅઝઝન અઝાન કહેશે અને લોકો નમાઝની તૈયારીમાં હશે કે અચાનક હજરત ઇસા (અ૦ સ૦) બે ફિરિશ્તાઓના ખાંધા ઉપર હાથ મૂકી આસમાન ઉપરથી નીચે ઉતરતા જોવામાં આવશે, અને જાએઅ મસજીદના મ(શ્)રિક (પુર્વ) તરફના મિનારા ઉપર આવીને થોભશે અને ત્યાંથી નીસરણી મુકી નીચે તશરીફ લાવશે, હજરત ઇમામ (રઝી અ૦) બધું લડાઇનું સાધન તેમને સોંપવા કરશે પણ તેઓ ફરમાવશે કે લડાઇનો બંદોબસ્ત આપજ રાખો, હું ખાસ કરી દજ્જાલને કતલ કરવા આવ્યો છું, મતલબ કે જ્યારે રાત વીતીને સવાર થશે તો હજરત ઇમામ (રઝી અ૦) લશકરને ગોઠવી તૈયાર થશે અને હજરત ઇસા (અ૦ સ૦) એક ઘોડો અને ભાલો મંગાવી સ્વાર થઇ તૈયાર થશે અને દજ્જાલની તરફ આગળ વધવા માંડશે, અને મુસલમાન લોકો દજ્જાલના લશકર ઉપર ચઢાઇ કરશે અને બહુ ભારે લડાઇ થશે તે વખતે હજરત ઇસા (અ૦ સ૦ ના શ્વાસમાં એવી અસર થશે કે જ્યાં સુધી નજર પહોચે છે ત્યાં સુધી શ્વાસ પણ પહોચશે અને જે કાફિરને શ્વાસની હવા લગાડશે તે તુરત હલાક (નાશ) થઇ જશે, દજ્જાલ હજરત ઇસા (અ૦સ૦) ને જોઇ નાસવા માંડશે, હજરત ઇસા (અ૦સ૦) તેની પૂઠ પકડશે એટલે સુધી કે બાબે લુદ નામની એક જગા છે ત્યાં પહોંચતા ભાલા વડે તેનુ કામ તમામ કરી નાંખશે એટલે કતલ કરી નાંખશે, અને મુસલમાનો દજ્જાલના લશકરને કતલ કરવાં માંડશે, પછી હજરત ઇસા (અ૦સ૦) શહેરે શહેર ફરી ને કે જેને જેને દજ્જાલે સતાવ્યા હતા તે બધાને ધીરજ આપશે અને ખુદા તઆલાના ફઝલો કરમથી કોઇ કાફેર રહેશે નહીં, પછી હજરત ઇમામ (રઝી અ૦) નું મરણ થશે અને બધો બંદોબસ્ત હજરત ઇસા (અ૦સ૦) ના હાથમાં આવશે, પછી યાજુજ માજુજ નીકળશે કે જેમનું રહેઠાણ ઉતર ભણી વસ્તી પુરી થાય તેથી પણ આગળ સાત દીપથી બહાર છે, અને ત્યાંનો સમુદ્ર વધારે ઠંડીને લીધે એવો જમી ગએલો છે, કે તેમાં વહાણ પણ ચાલી શકતા નથી, હજરત ઇસા [અ૦સ૦] મુસલમાનોને ખુદા પાકના હુકમ મુજબ કોહેતૂરપર લઇ જશે, અને યાજુજ માજુજ ઘણો ઉત્પાત કરશે, છેવટે અલ્લાહ તઆલા તેમને હલાક કરશે અને ઇસા [અ૦સ૦) પહાડ પરથી ઉતરી આવશે ચાલીશ વરસ બાદ હજરત ઇસા (અ૦સ૦) વફાત પામશે, અને આપણા પેગમ્બર (સ૦અ૦સ૦)ના રોઝામાં દફન થશે, અને આપની ગાદી ઉપર એક યમનનો માણસ કે જેનું નામ જહજાહ છે અને કહતાનનાં ખાનદાનના હશે, તે બેસશે, અને તેઓ બહુ દીનદારી અને ઇન્સાફથી હુકમત ચલાવશે, તેમની પછી આગળ પાછળ બીજા ઘણા એક બાદશાહો થશે, પછી ધીમે ધીમે નેક વાતો ઓછી થતી જશે, અને ખોટી વાતો વધતી જશે, તે વખતે આસમાન પર એક ધુમાડા જેવું જણાઇ જશે અને જમીન ઉપર વરસવા માંડશે જેથી મુસલમાનોને ઝુકામ [સળેખમ) અને કાફિરોને બેહોશી (ઘેલછા) થઇ જશે, ચાલીસ દહાડા પછી આસમાન સાફ થઈ જશે, અને એ સમયે બકરીઇદનો મહીનો હશે, દશમી તારીખ પછી એકાએક એક રાત એવી લાંબી થશે, કે મુસાફરોના મન ગભરાઇ જશે અને બાળકો ઊંઘી ઊઘીને અકળાઇ જશે અને પશુઓ જંગલમાં જવા બરાડશે પણ કોઇ રીતે સવાર થશે નહીં. એટલે સુધી કે તમામ માણસો ડર અને ગભરાટથી અકળાઇ જશે. જ્યારે ત્રણ રાત્રી જેટલી તે રાત થઇ જશે ત્યારે સવાર

થઇ સૂરજ ઉગશે તે પણ થોડીજ રોશની વાળો, જેવી રીતે ગ્રહણ હોય છે અને થાય છે તેમ અને તે મગરેબ (પશ્ચિમ) તરફથી ઉગશે તે વખતે કોઇના ઇમાન કે તોબાહ કબુલ રાખવામાં આવશે નહીં જ્યારે સુરજ એટલો ઉંચે આવશે કે બપોર કરતાં પહેલાં હોય છે. તો ફરી ખુદા તઆલાના હુકમથી મગરેબ તરફજ પાછો વળશે અને રિવાજ મુજબ આથમશે. પછી હંમેશા પોતાના જુના રિવાજ મુજબ રોશન અને ઝળકાર નીકળતો રહેશે. પછી થોડાજ દહાડામાં જે મક્કા પાસે [illegible] નામનો પહાડ છે તે ધરતીકંપ થઇ ફાટી જશે. અને તેમાંથી એક નવાઇ જેવું જાનવર [illegible] વાળું નીકળશે. અને [illegible] [illegible] ઘણીજ ઝડપથી ગરે ફરી વળશે. અને [illegible] એના પેશાનીપર હજરત મુસા [illegible] ના [illegible] [illegible] [illegible] મોઢું રોશન થઇ જશે અને [illegible] ગરદન ઉપર હજરત સુલેમાન (અ૦ સ૦) ની અંગુઠી વડે [illegible] છાપ [illegible] જેથી [illegible] મોઢું મેલું થઇ જશે, અને [illegible] ફરી તે ગાયબ [illegible] [illegible] થી [illegible] [illegible] બધા [illegible] [illegible] આવશે, જેથી તેમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જશે અને [illegible] [illegible] [illegible] શરમ [illegible] [illegible] હ કહેનાર રહેશે નહીં. [illegible] માં [illegible] થઇ જશે. [illegible] સ્વારીઓ [illegible] પડશે અને [illegible] જશે તેઓને [illegible] પેદા થઇ જશે તે હકીકતે [illegible] દેશે, એમાં એ ભેદ છે કે કયામતને દહાડે બધી મખલુક ત્યાં એકઠી થશે, પછી તે આગ ગાયબ થઇ જશે, અને તે વખતે દુનિયાની બહુ વૃદ્ધિ થશે ત્રણ ચાર વરસ એવીજ હાલત રહેશે કે એકાએક મોહર્રમની દસમી તારીખને શુક્રવારે સવારમાં બધા લોકો પોત પોતાના કામમાં હશે કે સુર ફુંકશે. પ્રથમ હલકો હલકો અવાજ હશે પછી તે એટલો વધતો જશે કે જેની બીક થી બધાં મરી જશે. અને જ્યારે સુરજ મગરેબ તરફથી નીકળ્યો હતો ત્યારથી તે આજ સુધીનો સમય ૧૨૦ વરસનો થશે. હવે અહીંથી કયામતનો દિવસ શરૂ થશે.

ખાસ કયામતના દિવસનું બયાન.

જ્યારે સુર ફુંકાવાથી તમામ દુનિયા ફના થઇ જશે તે ૪૦ [illegible] સુધી એવી સુનસાન [illegible] રહેશે. પછી [illegible] તઆલાના હુકમથી બીજી વાર સુર ફુંકવામાં આવશે અને ફરી જમીન આસમાન તેજ રીતે કાયમ થઇ જશે, [illegible] કબરમાંથી [illegible] થઇ [illegible] નીકળી પડશે અને કયામતના [illegible] [illegible] આવશે. અને સૂરજ [illegible] પાસે આવી જશે. જેની ગરમીથી લોકોનાં [illegible] [illegible] [illegible] ગુનાહના [illegible] [illegible] નીકળતો જશે. અને [illegible] ઉભા ઉભા [illegible] જે લોકો નેક હશે. તેમને [illegible] [illegible] જેવી કરી [illegible] [illegible] મટાડશે [illegible] [illegible] કોસર પર જશે. પછી [illegible] મેદાનમાં ઉભા ઉભા [illegible] તે [illegible] મળી હજરત આદમ (સ૦ અ૦) ની પાસે પછી બીજા નબીઓ [illegible] [illegible] એવી [illegible] શફાઅત કરાવવા જશે કે [illegible] હિસાબ [illegible] અને કંઇ ફેસલો જલદી

થઇ જાય. બધા પેગમ્બરો કંઇ કંઇ બહાનું કાઢશે, અને સિફારશનો વાયદો કરશે નહીં. બધા પછી હમારા પેગમ્બર (સ૦ અ૦ સ૦) ની ખિદમતમાં હાજર થઇ ઉપર મુજબની દરખાસ્ત કરશે. આપ હક તઆલાના હુકમથી કબુલ કરી મકામે મહમૂદમાં (કે જે એક જગાનું નામ છે) તશરીફ લઇ જઇ શરૂઆત કરશે. હકતઆલાનો હુકમ થશે કે અમે સિફારસ કબુલ કરી હવે અમે જમીનપર તજલ્લી કરવાની હિસાબ કિતાબ કરી દઇએ છીએ. પહેલાં આસમાનમાંથી ફરિશ્તાઓ મોટા પ્રમાણમાં ઉતરવા શરૂ થશે અને તમામ માણસોને ચારે તરફથી ઘેરી લેશે. પછી હકતઆલાનો અમલ ઉતરશે તે ઉપર હકતઆલાની તજલ્લી થશે અને હિસાબ કિતાબ શરૂ થઇ જશે. અને આમાલ નામા (કરેલ કૃત્યનાં લેખ) ઉડાવવામાં આવશે તે ઇમાનવાળાઓના જમણા હાથમાં અને બેઇમાનોના ડાબા હાથમાં એની મેળે આવી પડશે અને આમાલ (કૃત્ય) તોલવાનો કાંટો ઉભો કરવામાં આવશે, જેથી બધાની નેકી બદી [illegible] થશે. અને પુલ સરાત પર ચાલવાનો હુકમ કરવામાં આવશે જેની નેકીઓ તેમાં વધારે થશે તે તે પુલથી પાર થઇ બિહિશ્તમાં દાખલ થશે, અને જેના ગુનાહ વધારે હશે અને ખુદાતઆલાએ માફી નહીં કરી હોય તે દોજખમાં પડી જશે. અને જેની નેકીઓ અને ગુન્હા બંન્ને બરાબર હશે તેમને માટે એક મુકામ નામે આઅરાફ છે કે જે જન્નત અને દોઝખની વચ્ચે છે તેઓને ત્યાં રાખવામાં આવશે. પછી અમારા પેગમ્બર (સ૦ અ૦ સ૦) તથા બીજા હજરત અંબીયા (અ૦ સ૦) અને આલિમ તથા વલી, શહીદ, અને હાફિઝ તથા નેક બન્દાઓ ગુન્હેગારોને બખશાવવા શફાઅત કરશે. તેમની શફાઅત કબુલ થશે અને જેના દિલમાં જરા પણ ઇમાન હશે તેમને દોઝખમાંથી બહાર કાઢી જન્નતમાં દાખલ કરવામાં આવશે. એવીજ રીતે જે લોકો આઅરાફમાં હશે તેઓ પણ આખર જન્નતમાં દાખલ કરવામાં આવશે. હવે દોઝખમાં ફક્ત તેજ લોકો રહેશે કે જેઓ કાફિર અને મુશરિક હશે અને એવા લોકોને કદી દોઝખમાંથી નીકળવું નસીબ થશે નહીં જ્યારે બધા જન્નતી અને દોઝખી પોતપોતાને ઠેકાણે પડી જશે તે વખતે અલ્લાહતઆલા જન્નત અને દોઝખની વચ્ચે મોતને એક ઘેટાના રૂપમાં હાજર કરી બધા જન્નતી અને દોઝખીઓને દેખાડી તેને જુબેહ કરાવશે અને ફરમાવશે કે હવે જન્નતી કે દોઝખીઓને માટે મોત નથી. બધાને પોત પોતાને ઠેકાણે હમેશને માટે રહેવું થશે. તે વખત જન્નતીની ખુશીનો અને દોઝખીઓની ગમીનો કંઇ પાર રહેશે નહીં.

બહેશ્તની નેઅમતો અને દોઝખના દુઃખોનું વર્ણન.

રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે મેં મારા નેક બંદાઓ માટે એવી નેઅમતો તૈયાર કરી રાખી છે કે ન કોઇની આંખે જોઇ હોય ન કોઇના કાને સાંભળ્યું હોય અને ન તો કોઇ માણસના દિલમાં તેનો ખ્યાલ આવ્યો હોય, અને રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જન્નતની દિવાલમાં એક ઇંટ ચાંદીની અને એક ઇંટ સોનાની છે. જન્નતનાં કંકરા મોતી અને યાકૂત છે. ત્યાંની માટી ઝઅફરાન (કેસર) છે જે માણસ જન્નતમાં જશે તે એશ આરામમાં રહેશે, અને કદી કિસ્મીની ફીકર નહીં. અને હંમેશા ત્યાંજ રહેશે કદી મરશે નહીં, તેમનાં લુગડાં જુનાં થશે નહીં જુવાની અટકાવી નથી અને રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જન્નતમાં બે બગીચા એવા છે કે ત્યાંના વાસણ વિગેરે બધો સામાન ચાંદીનો હશે અને બે બગીચા એવા છે કે ત્યાંના વાસણ સામાન સોનાનાં હશે. અને રસુલુલ્લાહે (સ૦

(સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જન્નતમાં સો દરજા ઉપર તળે છે. એક દરજાથી બીજા સુધી એટલું છેટું છે જેટલું હાલ જમીન અને આસમાન વચ્ચે છે એટલે પાનસો વરસ અને બધા દરજામાં મોટો દરજ્જો ફિરદોસ છે, અને તેમાંથી જન્નતની ચાર નેહરો નીકળી છે. એટલે દૂધ, મધ, શરાબેતહૂર, અને પાણીની, અને તેથી ઉપર અર્શ છે. તમે જ્યારે અલ્લાહ પાક પાસે માગો ત્યારે ફિરદોસ માંગ્યા કરો, અને એમ પણ ફરમાવ્યું કે તેમાં એક એક દરજો એટલો મોટો છે કે જો તમામ દુનિયાના લોકોને તેમાં ભરવામાં આવે તો તે સારી પેઠે સમાઈ જાય અને રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જન્નતમાં જેટલા ઝાડ છે બધાંના થડ સોનાનાં છે અને રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે સૌથી પહેલાં જે લોકો જન્નતમાં દાખલ થશે તેમના ચહેરા એવા રોશન હશે કે જાણે ચૌદમી રાતનો ચંદ્રમાં. પછી જેઓ તેમની પાછળ જશે તેમના ચહેરા ચમકતા તારાઓની પેઠે હશે ત્યાં પેશાબ પાયખાના, કે થુંક, લીંટની જરૂર પડશે નહીં. કાંસકીઓ સોનાની હશે, અને પરસેવો કસ્તુરી પેઠે ખુશબોદાર થશે. કોઈએ પૂછ્યું કે ત્યારે ખાવાનું શું થશે? ફરમાવ્યું કે એક ઓડકાર આવશે જેમાં કસ્તુરી જેવી ખુશબો હશે અને રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જન્નતવાળાઓમાં સૌથી જે હલકા દરજ્જાનો હશે તેને અલ્લાહ તઆલા પૂછશે કે જો તને દુનિયાના કોઈ બાદશાહના મુલક બરાબર આપવામાં આવે તો તું રાજી થશે! તે કહેશે હા પરવરદિગાર હું રાજી છું. એટલે હુકમ થશે કે જા તને પાંચ ગણું આપ્યું તે કહેશે હા રબ હું રાજી થઈ ગયો. ફરી હુકમ થશે જા તને એટલું આપ્યું કે તેથી પણ દસ ગણું અને એ સિવાય જે માટે તારી ઇચ્છા હશે અને જેથી તારી આંખને સ્વાદિષ્ટ લાગશે તે તને મળશે. અને એક રિવાયતમાં છે કે દુનિયા અને તેથી ૧૦ ગણું વધારે તેને મળશે. અને રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે અલ્લાહ તઆલા જન્નતવાળાઓને પૂછશે કે તમે ખુશીમાં તો છો. તેઓ અરજ કરશે કેમ ખુશ ન હોઈયે? આપે અમોને તે ચીજો આપી છે કે જે આજ સુધી કોઈ મખલૂકને આપી નથી. હુકમ થશે કે અમો તમને એવી ચીજ આપીએ છીએ કે, જે એ સર્વથી ઉત્તમ હોય, તેઓ અરજ કરશે કે એથી વિશેષ શી વસ્તુઓ હશે? હુકમ થશે કે તે ચીજ આ છે કે હું તમારાથી રાજી રહીશ. કદી નારાજ થઈશ નહીં. અને રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે જ્યારે જન્નતવાળા જન્નતમાં જઈ રહેશે અલ્લાહ તઆલા તેમને ફરમાવશે કે તમે બીજું કંઈ ઇચ્છો તો હું આપું. તેઓ અરજ કરશે તે અમારા ચેહરા રોશન કરી, અમને જન્નતમાં દાખલ કરી દીધા અને દોઝખથી છુટકો કરી દીધો અમારે બીજું શું જોઈયે તે વખતે અલ્લાહ તઆલા પરદો ખોલી દેશે. એટલી પ્યારી કોઈ નેઅમત હશે નહીં કે જેટલી અલ્લાહ તઆલાના દીદારમાં લજ્જત હશે અને રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે દોઝખને હજાર વર્ષ સુધી ધિકાવી. એટલે સુધી કે તેનો રંગ લાલ થઈ ગયો પછી હજાર વર્ષ સુધી ધિકાવી કે જેથી તેનો રંગ સફેદ થઈ ગયો પછી હજાર વર્ષ સુધી ધિકાવી કે તેનો રંગ કાળો થઈ ગયો હવે તે અંધારી તદ્દન અંધારા ઘોર જેવી (તિમીરમય) છે. અને રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે તમારી આ આગ કે જેને તમે દુનિયામાં સળગાવો છો દોઝખની આગથી સીત્તેરમો ભાગ તેજીમાં ઓછી છે. અને તેઓના કરતાં ૭૦ ગણી તેજીમાં વધારે છે. રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે દોઝખના કિનારાપરથી નાંખવામાં આવે તે, સિત્તેર વર્ષ સુધી તે ઊંડો ચાલ્યો જાય તો તેને તળીએ પહોંચે. અને રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે જ્યારે દોઝખને લાવવામાં આવશે

મારે તેને સિત્તેર હજાર લુગામ (દોરડાં) હશે અને દરેક દોરડાને ૭૦ હજાર ફિરિશ્તાઓએ પકડેલું હશે જેથી તેને ઘસડવામાં આવશે અને રસુલુલ્લાહે (સ૦ અ૦ ૦૦) ફરમાવ્યું કે સૌથી હલકો અઝાબ દોઝખમાં એક માણસને થશે કે જેના પગમાં માત્ર આગના બે જોડા છે, પણ તેથી તેનું ભેજું હાંડલીની પેઠે પાકે છે. અને તે એમ સમજે છે કે મારાથી વધારે કોઇને અઝાબ નહીં હશે. અને રસુલુલ્લાહે (સ૦અ૦સ૦) ફરમાવ્યું કે દોઝખમાં એવા એવા મોટા સર્પ છે કે જેવા ઊંટ, જો એકવાર ડસે તો ચાલીશ વર્ષ સુધી લ્હેર આવ્યાં કરે. અને વીંછી એવા મોટા કે જાણે પાલાણ બાંધેલા ખચ્ચર, તે જો ડંખે તો ૭૦ વરસ સુધી ઝેર ચઢેલું રહે અને એક વેળા રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) નમાઝ પઢી મેમ્બર ઉપર તશરીફ લાવ્યા અને ફરમાવ્યું કે મેં આજે નમાઝમાં દોઝખ અને જન્નતનો આબેહુબ નકશો જોયો. આજ સુધી મેં જન્નત કરતાં કોઇ સારામાં સારી વસ્તુ જોઇ નથી અને દોઝખ જેવી નઠારામાં નઠારી કોઇ ચીજ તકલીફવાળી જોઇ નથી.

એવી વાતોનું બયાન કે જે વગર ઇમાન અધુરૂં રહે છે.

હદીસ શરીફમાં આવ્યું છે કે રસુલુલ્લાહે (સ૦ અ૦ સ૦) ફરમાવ્યું કે નીચે બતાવેલી સીત્તેર ઉપર કેટલાક વાતો ઇમાન સાથે સંબંધની છે. બધામાં મોટી વાત તો લાઇલાહ ઇલ્લલ્લાહો–છે, અને બધામાં નાની વાત એ છે કે રસ્તામાં કાંઇ કાંટા, લાકડું, પથ્થર પડેલા હોય જેથી કરી રસ્તે ચાલનારને ઇજા પહોંચે તેને દૂર કરી નાંખવું, અને શરમ હયા પણ ઇમાનની તેજ વાતોમાંથી એક મોટી વાત છે. એ હુકમથી માલમ પડ્યું કે જ્યારે એટલી વાતો ઇમાનથી સંબંધ ધરાવે છે તો પૂરો મુસલમાન તેજ કે જેમાં સર્વ વાતો હોય. અને જેમાં કોઇ વાત હોય અને કોઇ વાત ન હોય તે અધુરો મુસલમાન છે. એ બાબત જાણી કે પુરા મુસલમાન થવાની જરૂર છે, એટલા માટે બધાને લાઝમ છે કે એ સઘળી વાતો પોતે પોતામાં પેદા કરે. અને તે માટે કોશીશ કરે, કે કોઇ વાતની કસર નહીં રહી જાય. એટલા માટે અમો તે વાતોને લખીને બતાવીએ છીએ. તે બધી મળી સિત્તોતેર (૭૭) છે. જેમાંની ૩૦ દિલ સાથે સંબંધ ધરાવે છે.

(૧) અલ્લાહ તઆલા પર ઇમાન લાવવું. (૨) એવો એઅતેકાદ રાખવો કે ખુદા વગર બધી ચીજો પહેલા પેદા થઇ નહોતી, પછી ખુદાના પેદા કરવાથી તે થઇ. (૩) એ યકીન રાખવો કે ફિરિશ્તા છે. (૪) એ યકીન કરવો કે ખુદા તઆલાએ જેટલી કિતાબો પેગમ્બરો ઉપર ઉતારી હતી તે બધી સત્ય છે, અને હવે કુરઆન વગર બીજીઓનો હુકમ રહ્યો નથી. (૫) એ યકીન કરવો કે બધા પેગમ્બરો સાચા છે. અને હવે રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦)ના હુકમ ઉપર અમલ કરવાનો હુકમ છે. (૬) એ યકીન રાખવો કે અલ્લાહ તઆલાને સર્વ ચીજની પહેલાથી ખબર છે, અને જે તે ઇચ્છે છે તેજ થાય છે. (૭) એ યકીન કરવો કે કયામત આવનાર છે. (૮) જન્નતનું માનવું (૯) દોઝખનું માનવું. (૧૦) અલ્લાહ તઆલાથી મોહબ્બત રાખવી. (૧૧) રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦) થી મોહબ્બત રાખવી (૧૨) અને બીજાથી પણ મોહબ્બત કે દુશ્મની કરે તો ફક્ત અલ્લાહને વાસ્તેજ કરે, (૧૩) દરેક કામમાં દીનની નૈયત કરવી, (૧૪) ગુન્હાનો પસ્તાવો કરવો. (૧૫) ખુદા તઆલાથી ડરવું, (૧૬) ખુદા તઆલાની રહમતની આશા કરવી, (૧૭) શરમ રાખવી. (૧૮) નેઅમતનો શુકર કરવો, (૧૯) અહદ (કરાર) પૂરો કરવો. (૨૦) સબર કરવો. (૨૧) પોતાને બીજાઓથી હલકો સમજવો (૨૨) મખલુક (પેદા થએલી સર્વ ચીજ)પર દયા રાખવી. (૨૩) જે કંઇ

ખુદાની તરફથી થાય તે પર રાજી રહેવું (૨૪) ખુદા પર ભરોસો કરવો, (૨૫) પોતાની કોઇ ખુબી ઉપર ઘમંડ કરવો નહીં, (૨૬) કોઇ જોડે કીનો કપટ રાખવો નહીં, (૨૭) કે ઉપર અદેખાઇ કરવી નહીં [૨૮] ગુસ્સો કરવો નહીં [૨૯] કોઇનું બુરૂં ચાહવું નહીં [૩૦] દુનિયાથી મોહબ્બત રાખવી નહીં, [illegible] ઇલ્મથી કલેમો પઢવો, [૩૨] કુરાનશરીફની તિલાવત કરવી (૩૩) ઇલ્મ શીખવું (૩૪) ઇલ્મ શીખડાવવું (૩૫) દુઆ કરવી (૩૬) અલ્લાહનો ઝિકર કરવો [૩૭] નકામા અને ગુનાહની વાતોથી જેમકે જૂઠ, ગીબત, ગાળ, ભૂંડું, કોઇને ઉતરતું ગાવું એ બાબતથી [illegible] વાતો આપણા જીભની [illegible] છે. (૩૮) વજુ ગુસલ કરવું, [illegible] રાખવાં (૩૯) નમાઝના પાબંદ (હમેશ પઢનાર) રહેવું (૪૦) ઝકાત, સદકો, [illegible] (૪૧) રોઝો રાખવો, [૪૨] હજ [illegible] (૪૩) એઅતેકાફ કરવો (૪૪) [illegible] દીનની ખાતરી થાય [illegible] મન્નત પુરી કરવી, (૪૬) [illegible] વાતના ન હોય [illegible] ખુદા હોય તેનો કફારો [illegible] (૪૮) [illegible] (૪૯) [illegible] કરવી (૫૦) [illegible] કોઇનું લહેણું હોય તો [illegible] લેવડ દેવડમાં શરેઅથી [illegible] (૫૩) સાચી શાહેદી [illegible] લડાઇ કરે [illegible] (૫૫) જે [illegible] અદા કરવા (૫૬) [illegible] (૫૭) આવતું પાનું, (૫૮) [illegible] કરવી નહીં (૫૯) [illegible] પોતાના દેહના તાબેદારી કરવી (૬૦) [illegible] કરવો (૬૧) મુસાફરોની [illegible] કરવી [illegible] કાઢવો, (૬૨) હાકિમની તાબેદારી કરવી પણ શરેઅથી ઉલટી વાતમાં નહીં (૬૩) લડનારાઓમાં સલાહ કરાવી દેવી (૬૪) નેક કામમાં મદદ આપવી (૬૫) નેક રાહ બતાવી બુરી વાતથી રોકવા (૬૬) જો હકુમત (સત્તા) હોય તો શરેઅ મુજબ સજા કરવી, (૬૭) જો વખત આવી પડે તો દીનના દુશ્મનોથી લડવું (૬૮) અમાનતનું અદા કરવું (૬૯) જરૂરત વાળાને કરજ આપી ચલાવી દેવું (આપવું) (૭૦) પડોશીની ખાતરદારી રાખવી (૭૧) પાક આવક લેવી (૭૨) શરેઅ મુજબ ખરચ કરવો (૭૩) સલામનો જવાબ આપવો (૭૪) જો કોઇ છીંક અને અલહમ્દો લિલ્લાહ કહે તો તેને યરહમો કલ્લાહ કહેવું (૭૫) કોઇને નકામો દુઃખ આપવું નહીં (૭૬) શરેઅથી ઉલટ. ખેલ તમાશાઓથી બચવું (૭૭) રસ્તામાંથી ઢેલ, પત્થરા, કાંટા, કે લાકડી દૂર કરી દેવાં જો જૂદું જૂદું બધી વાતોના સવાબો વિષે જાણવું હોય તો *શોઅબુલ ઇમાન નામનો કિતાબ છે તેમાં જુઓ.

આપણા નફસની અને આમ લોકોની ખરાબી વિષે.

ઉપર કેટલી સારી અને નઠારી વાતોનું તથા સવાબ અને અઝાબની ચીજોનું વર્ણન આવી ગયું છે તેનાં એ ચીજો ખંડન કરી નાંખે છે એક તો ખુદ પોતાનું મન કે જે દરેક વખતે ગેહમાં એવું એવું તરેહ તરેહની વાતો સૂઝાડે છે અને નેક કામોમાં બહાના કાઢે છે અને ખોટા કામોમાં પોતાની (ખુશીલ થવાની) જરૂરત દેખાડે છે. અને જો અહલાદથી ડરાવો તો અલ્લાહ તઆલાનું ગફુર રહીમ (દયાળુ અને બખશનારપણું) હેતુ યાદ દેવડાવે છે. અને ઉપરાંત શૈતાન મદદ (ટેકો) આપતે જાય છે. બીજું ખંડન નાંખનાર તે માણસો કે જે તેની તરફ કોઇ રીતનો સંબંધ

*આ કિતાબમાં ઇમાનની સઘળી શાખાનું ઘણી સારી રીતે બયાન છે કી, આ, પ,

કરાવતા હોય છે જેમકે નજીકના (સગાં) વહાલાં અથવા ઓળખાણ પીછાણવાળા અથવા બિરાદરી (જાત, જમાત) કુટુંબના હોય અથવા તેના વતની હોય. કેટલાક ગુન્હા તો એટલા માટે થાય છે કે તેમની પાસે બેસી તેની બુરી વાતોની તેમાં અસર ઉત્પન્ન થાય છે. અને કેટલાક ગુન્હા તેમની ખાતર (દિલ રાખવા)ને લીધે થાય છે. અને કેટલાક એવી રીતે છે કે તેની નજરમાં હલકાઈ ન થાય. અને કેટલાક ગુન્હા એટલા માટે થઇ જાય છે કે તે લોકો તેની સાથે બુરાઇ કરે છે. કંઇક વખત તો એ બુરાઇના રંજ (દીલગીરી) માં-કંઇક વખત તો તેમની ગીબતમાં કંઇક વખત તો તેમનાથી બદલો લેવાની ફિકરમાં ખરચાય છે. અને પછી એમાંથી તરેહ તરેહના ગુન્હા થઇ જાય છે. મતલબ કે બધી ખરાબી-એ નફસની તાબેદારીની અને આદમીઓથી ભલાઇની આશા રાખવાથી છે, તેથી તેઓની ખરાબીથી બચવા માટે બે વાતો અગત્યની છે. એક તો પોતાના નફસને દાબી દેવું અને તેને કોઈ વખતે બેહલાવી (ખુશ કરી) ને કે ફોસલાવીને અને કદી ધમકી કે ઠપકો આપી દીનના રસ્તાપર લગાડવીને બાકી બધા માણસોથી વધારે લાગવગ (સંબંધ) રાખવો નહી. અને એ વાતની પરવા રાખવી નહીં કે તેઓ સારૂં કહેશે કે નઠારૂં કહેશે. એટલા માટે એ બન્ને જરૂરી બાબતોને જુદી જુદી લખવામાં આવે છે.

નફસની સાથે વર્તવાનું બ્યાન.

પાબંદીની સાથે (નિયમીત) રોજ થોડો વખત સવારે અને થોડો સાંજે અથવા ઊંઘતી વખતે મુકરર કરી લો. તે વખત એકલા બેસીને પોતાના મનને જ્યાં સુધી બની શકે ત્યાં સુધી બધા ખ્યાલોથી ખાલી કરી નાંખી (પોતાના મન સાથે) એમ વાતો કરો કે અરે મન સારી પેઠે સમજી લે કે જાણે તારો દાખલો દુનિયામાં એક સોદાગર જેવો છે. પુંજી તારી ઉમર છે × અને તેનો લાભ આ છે કે હમેશાં હમેશાંની ભલાઇ એટલે આખેરતની નજાત (છુટકો) મેળવી લે. જો એ દોલત મેળવી તો નફો થયો અને જો આ ઉમર એમજ ખોઇ અને ભલાઈ તથા નજાતને મેળવી નહીં તો એ વેપારમાં ભારે ખોટ ખાધી કે પુંજી પણ ગઈ અને ફાયદો મેળવવા ભાગ્યશાળી થયો નથી. અને એ પુંજી એવી કીમતી છે કે જેની એક એક ઘડી અને એક એક પળ અણહદ કીમતી છે. અને કોઈ ખજાનો કેટલોએ ભારે હોય પણ એની બરાબરી કરી શકશે નહીં. કેમકે જો ખજાનો જતો રહે અને તે માટે કોશીશ કરવામાં આવે તો પાછો મળી શકે છે. અને ઉમર જેટલી વીતી જાય છે તેની એક પળ પણ વળીને પાછી આવી શકશે નહીં. અને ન તો બીજી ઉમર આવી શકે છે. બીજું એકે એ ઉમરથી કેટલી બધી દોલત કમાઈ શકીએ છીએ એટલે હમેશને માટે બેહસ્ત અને ખુદાએ તઆલાની ખુશી. અને દીદાર એટલી બધી દોલત કોઈ બબતનાથી કમાઇ શકતા નથી. એટલા માટે એ પુંજી બહુજ કદરવાળી અને કીમતી છે. અને આ નફસ અલ્લાહ તઆલાનો એહસાન માન કે હમણાં તારૂં મોત આવ્યું નથી કે જેથી આ ઉમર પૂરી થઇ જાત ખુદા તઆલાએ આજનો દિવસ જીંદગીનો વધારાનો કાઢી આપ્યો છે. અને જો તું મરવા પડે તો હજારો દિલોજાનથી આરજુ (ઊમેદ) કરે કે મને એક દિવસ બીજો જીવવાનો મળી જાય તો એ એક દિવસમાં બધા ગુન્હાઓથી સાચી અને પાકી તોબાહ કરી લઉં અને અલ્લાહ તઆલાથી પાકો વાયદો કરી લઉં કે પછી ગુન્હા પાસે કદી નહીં

× એક બરફ વેચનાર બારે બરફ લઈ ફરતો અને લોકોને કહેતો " જેની પુંજી પગળી જાય છે તેના ઉપર રહેમ કરો " આ વાક્ય માણસની ઉમર વિષે પણ ખરેખર લાગુ પડે છે. કેમકે માણસ કંઈ પણ કામ નહીં કરે તો પણ તેની ઉમર પીગળતી જાય છે અને ઓછી થતી જાય છે એટલાં માટે ઉમરનો ખ્યાલ જરૂર રાખજો કે તે નકામી જાય નહીં સા૦ મે૦

સ્વર્ગ અને તે આખો દિવસ યાદ અને તાબેદારીમાં ગુજારું. જ્યારે મરતી વખતે તારો એ હાલ અને એ ખ્યાલ થાય છે તો તું પોતાના મનમાં એમજ સમજી લે કે જાણે મારી મોતનો વખત આવી ગયો હતો અને માંરા માગવાથી અલ્લાહ તઆલાએ આજનો દિવસ એક બીજો વધારા તરીકે આપ્યો છે. અને એ દિવસ પછી બીજો દિવસ નસીબે થશે કે કેમ તે મને જણાયું નથી તો આજના દિવસને તો એવો ગુજારવો જોઈએ કે જેવી રીતે ઉમરનો છેલ્લો દિવસ હોય અને તેને જેવી રીતે ગુજારે છે તેમ.–એટલે કે બધા ગુનાહોથી પાકી તોબાહ કરી લે અને તે દિવસમાં કોઈ હલકી કે મારે નાફરમાની કરે નહીં અને આખો રોજ અલ્લાહ તઆલાના ખોફ અને ધ્યાનમાં ગુજારે. અને ખુદાનો કોઈ હુકમ છોડે નહીં. જ્યારે તે આખો દહાડો એવી રીતે પસાર થઈ જાય પછી આગલે દિવસે પણ એમજ વિચારો કે કદાચ ઉમરમાં આજ એક દિવસ રહ્યો હોય અને એ નફસ એવા ધોકામાં રહેતો ના કે અલ્લાહ તઆલા માફ કરી દેશે; કેમકે પહેલાં તો તને કેમ જણાયું કે માફજ કરી દેશે અને સજા કરશે નહીં કદાચ સજા થઈ તો તું શું કરશે અને અમે કબુલ કર્યું કે માફજ થઈ ગયું તો પણ નેક કામ કરનારને જે ઈનામ અને મરતબો મળશે તે તને નસીબ થશે નહીં. પછી જ્યારે તું તારી આંખે બીજાઓને મળવું અને પોતાને નહીં મળવું જોશે, તો કેટલો પસ્તાવો અને અફસોસ થશે. એ ઉપરથી જો નફસ સવાલ કરે છે કે ત્યારે મારે શું કરવું? અને શી રીતે કોશીશ કરવી? તો તમે જવાબ આપો કે જે વસ્તુ તારાથી મરીને છૂટવાની છે એટલે કે દુનિયા અને ખોટી ટેવ તેને હમણાંજ મૂકી દે અને જેનો પાલો પડવાનો છે કે જે વગર તારો છૂટકો થઇ શકતો નથી. એટલે અલ્લાહ અને તેને રાજી કરવું તેને અત્યારથી લઈ બેસ અને તેની યાદ તથા તાબેદારીમાં લાગી જા. અને ખોટી આદતોનું ધ્યાન અને તેને છોડવાનાં ઈલાજ અને ખુદા તઆલાને રાજી કરવાની વાતોનાં ખુલાસા અને હાંસીલ કરવાની તરકીબ ખૂબ સમજાવી સમજાવીને ઉપર લખી દીધી છે તે મુજબ કોશીશ અને વર્તણુંક કરવાથી દિલમાંથી બુરાઈ નીકળી જઈ નેકીઓ દાખલ થઈ જાય છે અને પોતાના નફસને કહે કે એ નફસ તારી હાલત એક બીમાર જેવી છે, અને બીમારને પરહેજ (કરી) કરવી પડે છે અને આ ગુનાહોનું કરવું બદ પરેહજી છે. એટલા માટે તેથી પરહેજ કરવાની જરૂરત છે. અને એ પરહેજ અલ્લાહ તઆલાએ આખી ઉમરને માટે બતાવેલી છે. જરા વિચાર તો કરો કે દુનિયાનો કોઈ હલકો હકીમ પણ કોઈ સખત બીમારીમાં તને એમ બતાવે કે ફલાણી સ્વાદિષ્ટ વસ્તુ જ્યારે કદી ખાશે ત્યારે તે બીમારીને ભારે નુકસાન પહોંચશે, અને તું સખત તકલીફમાં સપડાય જશે અને ફલાણી કડવી બેસ્વાદી દવા રોજ ખાતો રહેશે તો સારો થઈ જશે અને સાથે શક્તિ એટલી થશે. તો આ નક્કી વાત છે કે આપણો જીવ જે વહાલો છે તેને માટે એવા હકીમના કહેવાથી કેવી એ મજાદાર તે ચીજ હોય તેને આખી ઉમરને માટે મૂકી દેશો, અને દવા કેટલીએ બદમજા અને નાપસંદ હશે આંખ બંધ કરી રોજને રોજ તેને ગળી જશો, તો ધારો કે ગુનાહો બધો મજાદાર ચીજ છે. અને નેક કામો બહુ અણગમાં છે. પણ જ્યારે અલ્લાહ તઆલાએ એ મજાદાર ચીજોને નુકસાનવાળી બનાવી છે અને અણગમા કામોને ફાયદાકારક ફરમાવ્યાં છે અને વળી નુકસાન અને ફાયદો એ કેવો કે જે હમ્મેશનો છે જેનું નામ જન્નત અને દોઝખ છે તો અરે નફસ અજબ જેવી અફસોસની વાત છે કે જીવની મોહબ્બતમાં અદના હકીમના કહેવાનું તો યકીન કરી લે અને તેનો પાબંદ થઈ જાય અને પોતાના ઈમાનની મોહબ્બતમાં અલ્લાહ તઆલાના કહેવા ઉપર મન લગાડે નહીં અને ગુનાહોને છોડવાની હીમત કરે નહીં, અને એટલું છતાંએ નેક કામોથી જ્યારે મન ચોરે. ત્યારે તું કેવો મુસલમાન છે તોબાહ તોબાહ કે અલ્લાહ તઆલાના ફરમાવ્યા ને એક નાના હકીમના


કહેવા બરોબર પણ સમજે નહીં અને એનફસનું કેવો અક્કલ વગરનો છે કે જન્નતના હંમેશાં હંમેશાંના સુખની દુનિયાના થોડા વખતની સુખની બરાબર જેટલીએ કદર કરે નહીં. અને દોઝખની એટલી લાંબી મુદ્દતની ઇજાથી દુનિયાના થોડા દિવસની મુસીબતની બરાબર પણ બચવાની કોશીશ કરે નહી. અને નફસને એમ કહે કે અરે નફસ દુનિયા સફરની જગ્યા છે અને સફરમાં પૂરેપૂરૂ સુખ કદી મળી શકતું નથી. તરેહ તરેહનાં દુઃખ વેઠવાં પડે છે પણ મુસાફર એ દુખોને એટલા માટે સહન કરી લે છે કે ઘેરે પહોંચેથી પૂરૂં આરામ મળી જશે. પણ જો તે તકલીફોથી ગભરાય કોઇ ધર્મશાળામાં ઉતારો લય તેને પોતાનું ઘર બનાવી લે અને એવો સામાન (મખનો) ત્યાં એકઠા કરી લે તો આખી ઉમર વીતી જાય પણ ઘર પહોંચવું નસીબ થાય નહી. એવીજ રીતે દુનિયામાં જયાં સુધી રહેવું છે મહેનત મુશકેલીએ સહન કરવાં જોઇએ. ઇબાદતમાં પણ મહેનત છે અને ગુન્હાઓના મૂકવામાંએ ભારે પડે તેવું છે બીજી પણ જાત જાતની મુસીબત છે. પણ આખેરત અમારૂં ઘર છે. ત્યાં પહોંચવાથી બધી મુસીબત દુર થઇ જશે. અહીંની બધી મહેનત તથા દુઃખ ઝીળવાં જોઇયે. જો અહીં આરામ શોધવામાં રહેશો તો ઘેર જઇ આરામના સામાન મળવા મુશકેલ છે. બસ એમ સમજી કરી દુનિયાની ગહન અને મોજ મઝાની લાલચ ન કરવી જોઇએ. અને આખેરતના સુધારવા માટે દરેક જાતની મહેનતને ખુશીથી ઉઠાવવી જોઇએ. મતલબ કે એવી એવી વાતો મન સાથે કરીને તેને રસ્તે લગાડવું જોઇએ અને રોજ એવીજ રીતે સમજાવવું જોઇયે. અને આ યાદ રાખો કે જો તમે પોતે એવી રીતે પોતાની ભલાઇ અને સુધારાની કોશીશ નહીં કરો તો બીજું કોણ આવશે કે જે તમારૂં ભલું ચાહશે હવે તમે જાણો ને તમારૂં કામ જાણે.

આમ (સામાન્ય) માણસો સાથે વર્તવાનું ધ્યાન.

આમ માણસ ત્રણ જાતના હોય છે. એક તો તે કે જેના સાથે દોસ્તી અને બેહેનપણું (સહેલી) હોવાનો સંબંધ છે બીજું તે જેની સાથે માત્ર જાણ પીછાણ છે. ત્રીજું તે કે જેની સાથે જાણ પીછાણ પણ નથી અને એ ત્રિ દરેકની જોડે વર્તવાની રીત જુદી જુદી હોય છે. તો જેની સાથે જાણ પીછાણ નથી. તેમની જોડે મળવું બેસવું થાય તો એટલી વાતોને ખ્યાલ રાખજો કે તે જે આમ તેમની વાતો અને સમાચાર (ખબરો)નું બ્યાન કરે તેની તરફ કાન લગાડો નહીં. અને તે જે કંઇ વાહીતબાહી નકામી વાતો બકે તેથી બિલકુલ બેહરી બની જવું. મતલબ કે સાંભળવા ધ્યાન દેવું નહીં, તેણી સાથે બહુ મળો નહી. તેણીથી કંઇ આશા કે અરજ કરો નહીં અને જો કંઇ વાત તેણીમાં શરેઅથી ઉલટી જુવે તો (જો એવી ઉમેદ હોય કે તે માની જશે) ત્યારે બહુ નરમીથી સમજાવી દો. અને જેની જોડે દોસ્તી કે વધારે રીત રિવાજ હોય તેમાં આ વાતનો ખ્યાલ રાખો કે પહેલાં તો હરેકથી સહેલ કે રાહ રસમ પેદા કરો નહીં કેમકે દરેક માણસ દોસ્તીને લાયક હોતા નથી. જો તેમાં આ પાંચ વાતો હોય તેની સાથે રાહરસમ રાખવામાં કંઇ હરકત જેવું નથી. પહેલી એ કે તે અકલમંદ હોય. કેમકે બેવકૂફ જોડે પહેલાં તો દોસ્તી નિભી શકતી નથી. બીજું કોઇ વખતે એમ બને છે કે તમને ફાયદો પહોંચાડવા ચાહે છે પણ બેવકૂફીને લીધે ઉલટું નુકસાન કરી વાળે છે. જેમ કે કોઇએ એક રીંછ પાળયો હતો એક વાર તે સૂઇ ગયો અને તેના મોં ઉપર વખતો વખત માખી આવી ને બેસતી હતી તે જોઇ રીંછને ગુસ્સો આવ્યો તેથી તેને મારવા એક મોટો પથરો ઊંચકી લાવ્યો અને તાકીને તેના મોં ઉપર માર્યો માખી તો ઉડી ગઇ પણ તે માલિકનું માથું ફુટાઇ ગયું.

બીજી વાત એકે તેના અખલાક અને આદતો સ્વભાવ સારાં હોય સર્વથી (ગરજુ)ની દોસ્તી રાખે નહીં. અને ગુસ્સાની વખતે બોલવાથી બહાર થઇ જાય નહીં. જરા જરા જેવી વાતમાં તોતા ચસ્મી (પોપટની જેમ બે મુરવ્વતીથી આંખ બદલવું) કરે નહીં. **ત્રીજી** વાત એકે દીનદાર હોય. આ વાત ઘણીજ કામની છે જેથી એનેતો મોઢાં ઉપરયાદકરીલો કેમકે જે માણુસ દીનદાર નથી તે જ્યારે ખુદાએ તઆલાનો હક અદા કરતો નથી તો તમને તેનાથી શી આશા છે કે તે વફાદારી કરશે. બીજી ખરાબી એ છે કે જ્યારે તમે વારેવાર તેને ગુન્હો કરતી જોશો અને દોસ્તીને લીધે નરમી કરશો તો તમને પોતાને પણ તે ગુન્હાઓ તરફ ધિક્કાર રહેશે નહી.–ત્રીજી બુરાઈ એ છે કે તેની ખરાબ સોહબતની અસર તમને પણ પહો ચશે અને તેવાજ ગુન્હા તમારાથી પણ થવા માંડશે. **ચોથી** વાત એકે તેને દુનિયાના લાલચ ન હોય. કેમકે તેવાની પાસે બેસવાથી જરૂર દુનિયાનો લોભ વધે છે. જ્યારે હંમેશા તેને એજ ધુનમાં અને એજ વાતમાં જોશો, કે કંઇ તો ઘરેણાંની વાત છે તો કંઇ પોશાકની ફિકર છે તો કંઇ ઘરના સામાનનો ધંધો છે તો કયાં સુધી તમને ખ્યાલ નહીં થાય. અને જેને પોતાને કંઇ લાલચ ન હોય મોટું કપડું હોય મોટું ખાવાનું હોય હમેશાં દુનિયાની ના પાયદારી (ફનાની) વાતો થયા કરે તેની પાસે બેસવાથી જે કંઈ થોડી ઘણી દુનિયાની લાલચ હોય છે તેપણ દિલમાંથી જતી રહે છે. **પાંચમી** વાત એકે તેની આદત જૂઠું બોલવાની હોય નહીં. કેમકે જૂઠ બોલનાર માણુસનો કંઇ ભરોસો નથી. ખુદા જાણે તેની કોઈ વાત ઉપર ભરોસે રહી સાચું માની ધોકામાં આવી જાય. એ પાંચ વાતોનો ખ્યાલ દોસ્તી કરતાં પહેલાં કરી લેવા જોઇએ. અને જ્યારે કોઇમાં એ પાંચે વાતો જોવામાં આવે અને રાહરસમ પેદા કરવામાં આવ્યાં તો હવે તેના હક બરાબર અદા કરતી રહો. તે હક એ છે કે જ્યાં સુધી બની શકે તેને જરૂરતના વખતે કામ આવો. જો ખુદા તઆલા શક્તિ આપે તો તેની મદદ કરતી રહો. તેનો ભેદ કોઇને કહો નહીં. જો કોઈ તેને ખોટું કહે તો તે વિષેની તેને ખબર કરો નહીં. તે જે વાત કહે તે ધ્યાન દઇ સાંભળો. અને જો તેમાં કંઈ એબ જુઓ ઘણી નરમીથી અને શુભેચ્છક તરીકે એકાંતમાં સમજાવી દો. જો તેનાથી કંઈ ખતા થઇ જાય દરગુજર (જતી કરવી) કરો. તેના ભલા માટે અલ્લાહ તઆલાથી દુઆ કરતી રહો. હવે રહી ગયું તે માણુસ કે જેમની સાથે જાણ પિછાણ છે. એવાં માણુસોથી ઘણી સંભાળની જરૂર છે. કેમકે જે દોસ્ત છે તે તો તમારા ભલામાં છે અને જેમનાથી જાણ પિછાણ પણ નથી તે જો ભલામાં નથી તો બુરાઇમાં પણ નથી અને આજે વચમાં રહી ગયા કે જે ન દોસ્ત છે અને ન તો તદન અજાણ છે. વધારે તકલીફ અને બુરાઈ એવાથીજ પહોંચે છે. કે જીભે તો દોસ્તી અને ખેરખાહી (ભલુ ચાહવા)નો દમ ભરે છે અને અંદરખાનેથી જડમૂળ ખોદી નાખે છે, અને હસદ (અદેખાઇ) કરે છે. અને દરેક વખતે એબ શોધ્યાં કરે છે. અને બદનામ (ફજેત) કરવાની ફિકરમાં રહે છે. એટલાં માટે જ્યાં સુધી બને શકે ત્યાં સુધી કોઇ જોડે ઓળખાણ પિછાણ મુલાકાત પેદા કરો નહીં. અને તેમની દુનિયાને જોઇને લાભ કરો નહી. અને તેમની ખાતર આપણુ દીન બરબાદ કરો નહીં. જો કોઇ તમારી જોડે દુશ્મનાઇ કરે તમે તેનાથી દુશ્મનાઇ કરો નહીં, કેમકે એમ કરવાથી તેના તરફના ઉલટાં તમારા સાથે વધારે બુરાઇ થશે. તો તમારાથી તે સહન થઇ શકશે નહી અને એજ ધંધામાં લાગી જવાથી અને દુનિયા તથા દીન બન્નેનું નુકસાન થશે. એટલા માટે દર ગુજરજ બેહતર છે. અને જો કોઇ તમારી ઇજ્જત આબરૂ ખાતરદારી કરે અથવા તમારી તારીફ કરે અને મોહબ્બત જતાવે તો તમે એ ધોકામાં આવી જતાં નહીં અને તેને ભરોસે રેહતાં નહીં. કેમકે દુનિયામાં એવાં માણુસો ઘણાં આ છે કેજ

જેમનું જાહેર બાતિન (અંતઃકરણ અને બહારનો ભાવ) સરખાં હોય, અને બહુજ થોડી બાત્રી છે કે તેમની વર્તણુંક સાફ દિલથી હોય એવી આશા કદી કોઇથી રાખે નહીં. અને જો કોઇ તમારી ગીબત કરે તો તમે તે સાંભળી ગુસ્સે થતાં નહીં. અને તઅજ્જુબ થાય નહીં કે એણે મારી સાથે કેમ એવી વર્તણુંક ચલાવી. અને મારા હકનો કે મારા ઉપકારનો કે મારા મોટા હોવાનો અથવા મારા સબંધનો કેમ ખ્યાલ રાખ્યો નથી. કારણ કે જો ઇનસાફથી જોશે તો જણાશે કે તું પોતે પણ આગળ પાછળ બધાની સાથે એક હાલતમાં રહી શકતી નથી. તેની રૂબરૂ મોંહ ઉપર એક રીતે અને તેની પાછળ જુદીજ જાતની વર્તણુંક કરે છે તો પછી જે બળામાં પોતેજ સપડાયલી છે ત્યારે તે માટે બીજાઓના સબંધમાં શું તઅજ્જુબ થાય છે, મતલબ કે કોઇથી કોઇ તરફની ભલાઇની આશા રાખો નહી કોઇ જાતનો ફાયદો પહોંચવાની કે કોઇની નજરમાં આબરૂ વધવાની કે કોઇના દિલમા મોહબ્બત પેદા થવાની જ્યારે એક બીજીથી કંઇ આશા રાખશો નહીં તો પછી કોઇ તમારી જોડે કેવીએ વર્તણુંક ચલાવશે તમને કદી રંજ થશે નહીં અને પોતે જ્યાં સુધી બની શકે ફાયદો પહોંચાડો. જો કોઇની કંઇ ભલાયની વાતા સમજતા હોય અને એમ ભરોસો હોય કે તે માની જશે તોજ તેને બતાવો. નહીંતો ચુપ રહો જો કોઇથી કંઇ ફાયદો પહોંચે તો અલ્લાહ તઆલાનો શુકર કરો અને તે માણસ માટે દુઆ કરી દો અને જો કોઇનાથી કંઇ નુકસાન કે ઇજા પહોંચે તો એમ સમજો કે મારા કંઇ ગુન્હાની સજા છે. અલ્લાહ તઆલાની આગળ તોબાહ કરો અને તે માણસથી દલગીરી રાખે નહીં. મતલબ કે દુનિયાની ભલાઇ બુરાઇ તરફ જુઓ નહીં. એટલુંજ નહીં પણ દરેક વખતે અલ્લાહ તઆલા તરફ નિગાહ રાખો. અને તેનાથીજ કામ રાખો અને તેનીજ તાબેદારી અને યાદમાં મંડી રહો. અલ્લાહ તઆલા તોફીક બખશે. આમીન.



અલ્લાહ તારો અણુદદ શુકર છે કે તે આ સાતમા ભાગને પણ એના બીજા ભાગોની જેમ લોકોપયોગી કરી બીજી આવૃત્તિ છપાવવાની તોફીક આપી છે. યા અલ્લાહ હવે તું એને પણ પ્રગટ કરાવ અને દીનીભાઇઓને એના વાંચવા તથા એ પર ચાલવાની ખરી સમજ આપ અને તું હમો સર્વથી રાજી થા અને દોરૂદ અને સલામ થાઓ તારા પીયારા હબીબ હજરત મોહમ્મદ મુસતફા સલ્લલ્લાહો અલૈહેવઆલેહી વસલ્લમ ઉપર કે જેવણુની બદોલત હમોને ખરો રસ્તો મળયો છે. આમીન યા રબ્બલ આલમીન.

લી૦ અબ્દુરરહેમાન મેનેજર કુતોબખાના સાદેકીય્યહ રાંદેર જી. સુરત.

હકીમુલ ઉમ્મત હજરત મૌલાના અશરફઅલી સાહેબ (સલ્લમહુ)ની રચેલી ઉર્દુ કિતાબો.

જઝાઊલ આમાલ કી. આ. ૪

ફેરૂઊલ ઇમાન કી. આ. ૫

તાલીમુદ્દીન કી. આ. ૧૨

ઇસલાહુર રોસુમ કી. આ. ૭

કસદુસ સબીલ ઇલા મૌલલ જલીલ કી. આ. ૨॥

કૌલુસ સવાબ ફી મસઅલતીલ હિજાબ પરદાવિષે કી. આ. ૨

અલકૌલુલ બદીઅ કી. આ. ૩

ઇસલાહે નજીરીયા. નઝીર અહમદના કુરઆનના તરજુમાની ભુલો કી. આ. ૩

ઇસલાહુલ ખીયાલ નવી રોશનીવાળાઓ માટે કી. આ. ૫

મજમુઆ રસાએલ કી. આ. ૩॥

મજમુઆ એલ બુલ ફેહેત બલવબા કી. આ. ૩॥

તાલીમુત્તાલિબ ચાર સજરા સહીત કી. આ. ૩

અખબારે ઝલઝલા કી. આ. ૧

ઇસ્તિબસાર ઇસ્તગફાર વિષે કી. આ. ૨

કનદુસ સઇદ કી. આ. ૪

મોનાજાતે મકબુલ તરજુમા સહીત કી. આ. ૧૦

કલીદે મસનવી ભા. ૧ લો કી. રૂ. ૧॥

કલીદે મસનવી ભા. ૨ જો કી. ૧॥

કલીદ મસનવી ભા. ૩ જો કી. ૧॥

આ બને ભાગ મસનવી મૌલાના રૂમના પ્રથમ દફતરની શરહ છે જે ઘણીજ ઉમદા છે.

ખોલાસા સાંઇસ ઓર ઇસલામ તાલીમુદ્દીન સહીત રૂ. ૧॥)

સાઇસ ઓર ઇસ્લામ અસલ કી રૂ. ૨।

ઇકતેસાદ તકલીદ તથા ઇજતેહાદ વિષે કી. આ. ૫

હકુકુલ ઇસલામ કી. આ. ૧

કમાલાતે ઇમદાદીયહ કી. આ. ૫

કરામાતે ઇમદાદીયા કી. આ. ૫

મવાએજે અશરીરીયા કી. આ. ૩

અશરફુલ મવાએજ ભા. ૧ લો કી. આ. ૫

એજ ભા. ૨ જો કી. આ. ૩ આ ચાર કીતાબોમાં મૌલાના સાહેબની વઅજોનો સંગ્રહ છે

તજકીરે આખેરત. ઇજાઝુલ ક્યામતની સુરાનો વઅજ કી. આ. ૪

રોઝેકા વઅજ કી. આ. ૩

મવાએજે હસના સુરા વલઅસરનો વઅજ કી. આ. ૩

સફાઇ મોઆમલાત કી. આ. ૪

ખેતાબુલ મલીહ મસીહ તથા મહદી વિષે કાદયાનીનો રદ કી. આ. ૩

ફતાવા અશરફીયા. ભા. ૧ લો કી. આ. ૭

એજ ભા. ૨ જો કી. આ. ૧૦

હકકુસ સેમાઅ રાગના હરામ વિષે કી. આ. ૩

તજવીદુલ કુરઆન કી. આ. ૩

આમાલે કુરઆની ભા. ૧ લો કી. આ. ૨

એજ ભા. ૨ જો કી. આ. ૩

એજ ભા. ૩ જો કી. આ. ૩

બેહેસ્તી ઝેવર દસ ભાગમાં કીતાબ પૂરી કી. રૂ ૩॥ દરેક ભાગની કી. આ. ૬ આ કિતાબ દરેકને અને ખાસ કરીને છોકરીઓને શીખવવી ઘણીજ ઉપયોગી છે. એમાં દીન દુન્યા બંનેના તાલીમ છે.

બેહેસ્તી ગોહર કી. આ. ૧૨ એ બેહેસ્તી ઝેવરનો વધારો છે એમાં ઘણા મસલા મરદોને લાએક તથા મરદોની બીમારીઓના ઇલાજ પણ છે.

તહકીકે તાલીમે અંગ્રેજી કી. આ. ૨

તરીકે મૌલુદ શરીફ કી. આ. ૨

ઇકસીર દર બયાને તકદીર કી. આ. ૧૨

રિસાલએ અખબાર બીની કી. આ. ૨

મીરાસુલ મુસલેમીન કી. આ. ૪

મોફીદુલ વારેસીન કી. રૂ. ૧॥ આ બંને કીતાબ બીજા મોલવીની છે. એમાં વારસાના મસલાઓ કાઢાડવાની રીત છે.

જાહેર ખબર.



ફરાએઝ-હિસ્સા વારસાની કિતાબ ગુજરાતી. એથી શરાએ મોહમદીના કાયદા મુજબ ...યથી વારસા કહાડી શકાય છે વળી વકીલોને પણ એની જરૂરત રહે છે. કીં. આ. ૧૨

રેહૈશિકં—ગુજરાતી કીં. આ. ૩

સત્યાર્થ પ્રકાશનું ખંડન-ગુજરાતી ભાગ ૧ લો. એમાં દયાનંદ સરસ્વતીની ૧૫૯ શંકામાંની ૯૯ શંકાનો જવાબ છે એથી આર્યસમાજીઓનું પોકળપણું સિદ્ધ થાય છે કીં. રૂ૦ ૧।

માલા બુદ્દ મિન્હો—આ જગત જાણીતી ફારસી કીતાબ મહા વિદ્વાન વલીયે કામેલ હઝરત કાજી સનાઉલ્લાહ (રહ)ની રચેલી છે તેનો તરજુમો સઘળા નોટો સાથે ગુજરાતીમાં થયો છે જેમાં નમાઝ, રોઝા, ઝકાત. અકાએદ વિગેરેના આસરે બે હજાર મસલા છે. આવૃત્તિ બીજી કી. રૂ ૨)

મશારેકુલ અનવાર ત્રણ ભાગમાં પુરી એ.મા બોખારી તથા મુસલિમની ૨૨૭૨ સહી હદીસો છે. કીં. દરેક ભાગની રૂ. ૨)

"તોહફતુલ હિંદ" ઉર્દુ કીં. રૂ. ૧-૪-૦

"ઇજહરૂલ હક્ક" નામનું પુસ્તક કે જે મોલવી રહમતુલ્લાહ મોહાજેરે મક્કા સાહેબનું અરબીમાં રચેલું છે તેનો તરજુમો ગુજરાતી ભાષામાં કરી ગ્લેઝ ૫૦ રતલી કાગળ આઠ પેજી પૃષ્ટ ૫૦૦ ઉપર છપાવ્યું છે, એ આખી જગતના પાદરીઓને અઉત્તર કરનારૂં મોટું પુસ્તક છે હજરતની નોબુવ્વત ઘણી સારી રીતે તેઓની બાયબલથી પણ સાબેત કરવામાં આવી છે. હવે ૪૦-થી ૫૦-નકલો રહી ગઇ છે. કી રૂ ૩-૦-૦

ઝમાનુલ ફિરદોસ ગુજરાતી કીં. આ. ૬

બૈબલ પરીક્ષા કીં. આના ૨

મઝહરૂલ ઇસ્લામ ગુજરાતી આ કીતાબ તદન અભણ મુસલમાનોને શીખવા યોગ્ય છે. કીં. આ. ૬

કુરઆને શરીફ મોટા તથા ઉમદા ખતમા અને તેની નીચે શાહ અબદુલ કાદેર (રહ) નો જગત જાણીતો તરજુમો ગુજરાતી અક્ષરોમ. પાકી જીલ્લદ કીં. રૂ. ૧૦

કુરઆને શરીફ તેની સાથે ગુજરાતી-અક્ષરમા પણ કુરઆન એટલે ગુજરાતી જાણનાર પણ કુરઆન પઢી શકે અને તેની સાથે ગુજરાતી ભાશામાં તરજુમો બે ભાગમાં પુરૂં જીલ્લદ પાકી કીં. રૂ. ૨૦

મોનબ્બેહાત ગુજરાતી. નસીહત તથા અખલાક શીખવનારી આ સારી ચોપડી છે અને ગુજરાતીમાં એની સાથે લુકમાન હકીમ (અલે) ની એકસો નસીહતો પણ છાપી છે. કીં. આ ૬

મોનબ્બેહાત ઇંગ્રેજી કી. આ. ૧૨

લી૦ મેનેજર કુતુબખાના

સાહેબીય્યહ (રાંદેર) જી. **સુરત.**

"તોહફતુલ હિન્દ"

"તોહફતુલ હિંન્દ" નામનું પુસ્તક જે કે હિંદુસ્તાનમાં ઉર્દુ ભાષામાં અનેકવાર [illegible] અને પચાસ હજારથી વધું કોપીઓ ફેલાઇ માન પામેલું તેનો તરજુમો ગુજરાતી ભાષામાં [illegible] ૫૦ રતલી રોયલ ગલેઝ આઠ પેજી ૨૯૮ પૃષ્ઠમાં છપાયું હતું પણ તે તદ્દન ખપી જતાં કેટલાક વધારા સાથે બીજીવાર છપાયું છે. એમાં કરતાએ માત્ર હિંદુ ધર્મ તથા ઇસ્લામી [illegible] બસો કરી બતાવ્યો હતો. પણ ભાષાંતર કરનારા (હજરત મૌલાના મરહુમે) નોટમાં ખ્રીસ્તી ધર્મનો તથા આર્ય સમાજવાળાઓનો પણ મુકાબલો કરી બતાવ્યો છે. એમાં માત્ર મુકાબલોજ છે એમ નથી પણ મુસલમાની ધર્મમાં ખુદાને કેમ માનવું. તથા ફીરસ્તાઓને કેમ માનવા ? પેગંબરોને કેમ માનવા ? કીતાબોને કેમ માનવી ? ઇત્યાદિ તથા એમાં પાંચે બીનાએ ઇસ્લામનું દાખલા સાથે વર્ણન પણ થયું છે. હુંકાણુથી નીકાહ, તલાક, હરામ, હલાલ સલામ, પારકા ધર્મવાળાને નોહતરૂં કરવું વગેરેનું પણ વર્ણન છે પાદરીઓના ચોપાનિયાંઓમાં હજરતના ચંદ્ર ઉપર જે તેઓએ ધુળ ઉડાવી છે તેનો ઉત્તર આપી તે ધુળ તેઓ પર પાડી છે. અને લગભગ તેઓની બધી શંકાઓનો જવાબ એમાં છે દાખલા તરીકે કુરઆનની ફસાહત ઉપર શંકા તેનો જવાબ બબ્બે રીતે લેવાએલો છે. કુરઆનમાં આત્માને [illegible] કંઇ નથી, વિશેષે તેમાં જન્નતમાં [illegible] છે. ચંદ્ર ફાટવાના ચમત્કાર ઉપર શંકા, જેહાદ ઉપર શંકા, એકથી વધુ સ્ત્રીઓ સાથે નીકાહ કરવા ઉપર શંકા, તલાકપર શંકા, દત્તપુત્ર જૈદે (રદી) પોતાની સ્ત્રીને મુકી દીધા પછી હજરત મોહંમદ (સલ) સાહેબે તેણીના સાથે નીકાહ કીધા તે ઉપર શંકા, હદીસોપર પાચ શંકા [illegible] ઉપર શંકા, નમાજપર શંકા, રોજા પર શંકા, જકાતપર શંકા વિગેરેના જવાબ આપ્યા છે. પારસીઓનાં પુસ્તકોથી હજરત મોહંમદ સાહેબના [illegible] ભવિષ્યવાદ પણાની સાબેતી [illegible] અને [illegible] આર્યોઓને પણ સમજાવવામાં આવ્યું છે. મતલબ કે એ પુસ્તકનો વાંચનાર હિન્દુ, ખ્રીસ્તી, અને ઇસ્લામી ધર્મથી વાકેફ થઇ જાય છે. જેઓએ પ્રથમાવૃત્તિ વાંચી છે તેઓપર આ વાત કંઇ છુપી નથી આવૃત્તિ બીજી પણ ૧૫૦-થી ૨૦૦ કોપી રહી ગઇ છે. જેથી ઉતાવળે મંગાવી લેશો પાકી જીલ્દ કીં. રૂ૦ ૩ [illegible] ફારસી મોલાણુદ મિન્હાનો તરજુમો [illegible] ભાગમાં આવૃત્તિ બીજી છપાય કાઅટ. [illegible] ૨૦૦૦)થી વધુ હનફી ફીકાહના મસ[illegible] કીં રૂ૦ ૨) મશારેકુલ અનવાર ભાગ બંને ગુજરાતી આવૃત્તિ બીજી છપાય તૈયાર થયો છે કી રૂ૦ ૨

ગઇરેક્ષકને ચેતવણી—ગુજરાતી ચતુર્થ આવૃત્તિ છપાઇ તૈયાર છે. એક આનાની ટ સ્ટામ્પ પોસ્ટ [illegible] મોકલેથી ફકત, મોકલવામાં આવે છે દરેક ૪ તાંબેદ મંગાવવાનો પોસ્ટ ખરચ મંગાવનારને સિર રહેશે.

(ચેતવણી) વધુ જાણુ માટે મંગાવો હમારી કાહસ લીસ્ટ કે જે બે પૈસાનો સ્ટાંપ મોકલ [illegible] મફત મોકલવામાં આવે છે

લી૦ હકીમ અબ્દુર રહમાન બી૦ મૌલાના મોલવી ગુલામમોહંમદ હા૦ સદેક

મેનેજર કુતુબખાના સાદીક્યાહ રાંદેર જી૦ સુરત